વર્ષ : ૬૬ ■ અંક : ૧૫ ■ તા.૦૧-૦૮-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



# આકાશી આફતનો મક્કમ પ્રતિકાર

# શું છે ડેન્ગ્યુ?

ડેન્ગ્યુ એ એડીસ મચ્છર દ્વારા ફેલાતો વાયરલ રોગ છે. ડેન્ગ્યુ વાયરસથી સંક્રમિત મચ્છર કરડવાથી ડેન્ગ્યુનો ચેપ ફેલાય છે. જ્યારે સંક્રમિત મચ્છર કોઈ વ્યક્તિને કરડે છે, ત્યારે તે વાયરસને વ્યક્તિના લોહીમાં છોડી દે છે.



## લક્ષણો

- અચાનક ખૂબ જ તાવ આવે અને ૩ થી ૭ દિવસ સુધી તાવ રહે.
- આંખોના ડોળાની પાછળ દુઃખાવો થાય અને ખાસ કરીને આંખના હલનચલનથી દુઃખાવામાં વધારો થાય છે. માથાના આગળના ભાગમાં (કપાળમાં) સખત દુઃખાવો થાય.
- તાવ સાથે ઉલ્ટી અને ઉબકા થાય અને ભૂખ ન લાગે.
- સાંધા તેમજ સ્નાયુઓમાં દુઃખાવો થાય.
- ક્યારેક હાથ અને ચહેરા ઉપર ઓરી જેવા દાણા દેખાય.



## તકેદારી

- શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા, મચ્છર દૂર રાખવાની ક્રીમ લગાવો
- દિવસે પણ મચ્છર અગરબત્તી સળગાવો
- તમામ પ્રકારની પાણીની ટાંકીઓ, ફુલદાની વગેરે નિયમિત સાફ કરો.
- ડેન્ગ્યુના મચ્છરો ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.

**આવો સૌ સાથે મળી ડેન્ગ્યુ ને હરાવીએ !!!**

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 66 ◆ Issue : 15 ◆ Date : 1 - 8 - 2026

તંત્રી : કે. એલ. બચાણી
સહતંત્રી : ડૉ. સંજય કચોટ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : બેલા મહેતા, ડૉ. લૉઇસ ક્રિશ્ચિયન, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

'ગુજરાત' પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી

વિતરણ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લૉક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 48 + 4 Cover = Total 52

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટઑફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવીને ભરી શકાશે.
- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લૉક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- 'ગુજરાત' પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લૉટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

**માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત**

# શબ્દશઃ



- વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાવના છે કે, રાજ્ય અને દેશનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે.
- વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સમાજની અંતિમ વ્યક્તિ સુધી સરકારની યોજનાઓ કોઈ પણ પ્રકારના જાતિ, ધર્મ કે પ્રદેશના ભેદભાવ વિના પહોંચી રહી છે.
- સમાજના સર્વાંગી વિકાસ માટે દીકરીઓનું શિક્ષિત બનવું અત્યંત જરૂરી છે.
- વ્યક્તિ, પરિવાર અને સમાજના સર્વાંગી વિકાસનું સૌથી અસરકારક સાધન શિક્ષણ છે.
- ભવિષ્યની પેઢી અને જમીન, બંનેના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી સિવાય કોઈ વિકલ્પ નથી.
- જમીન અને માનવશરીર, બંનેનું સ્વાસ્થ્ય સુધરે તે માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર મજબૂત વિકલ્પ છે.
- આપણે પાણી અને વીજળી બચાવીને કે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડીને રાષ્ટ્રભક્તિ કરી શકીએ છીએ.
- સમાજની કોઈ પણ વ્યક્તિ આર્થિક સંકડામણના કારણે શિક્ષણ અને આરોગ્યથી વંચિત ન રહે તે માટે સમાજે હંમેશાં પ્રશંસનીય પ્રયાસો કર્યા છે.
- સનાતન પરંપરાની સૌથી મોટી વિશેષતા તેની સર્વસમાવેશકતા છે.
- સનાતન પરંપરા કોઈ એક વિચાર કે સંપ્રદાય પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર માનવતાને સાથે લઈ ચાલવાનો માર્ગ છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઈમેલ આઈડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો. યોગ્યતા અનુસાર તેને 'ગુજરાત' પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# આકર્ષણ




૬ સંવાદ



૭ પ્રતિભાવ



૦૮ કવર સ્ટોરી



૧૬ વૃક્ષાય નમઃ



30 સંવર્ધન

૨૧ ઉજવણી
૨૨ વિકાસયાત્રા
૨૬ સંવેદના
૨૮ કર્તવ્ય
૨૯ વિકાસદર્પણ
૩૪ નિર્ણય
૩૮ ચિત્રવીથિકા
૪૦ નીતિપરાયણ
૪૧ સમાચાર વિશેષ
૪૨ સંક્ષિપ્ત સમાચાર
૪૩ સિદ્ધિ
૪૪ સ્વદેશી
૪૫ અવનવું
૪૬ ઝૂમ-ઇન
૪૭ ગૌરવ
૪૮ ક્વિઝ કોર્નર
૪૯ જાણકારી
૫૦ શબ્દયાત્રા

## આફત સામે સતર્ક અને સજ્જ ગુજરાત



ગુજરાતની ધીંગી ધરાને પરિતૃપ્ત કરવા સમગ્ર રાજ્યમાં મેઘનું આગમન થયું. પરંતુ કેટલાક જિલ્લામાં ભારે વરસાદે અણધારી આફત સર્જી દીધી. આવી અણધારી આફતમાં પણ સતર્કતા અને સજ્જતા ગુજરાતનો સ્વભાવ રહ્યાં છે. ગુજરાતમાં અનરાધાર વરસાદે ક્યાંક જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જી, માર્ગો ઉપર, રહેણાક તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાં પણ વરસાદી પાણી ફરી વળતાં જીનજીવન ઠપ થઈ ગયું હતું.

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સર્જાયેલી અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં રાજ્ય સરકારે અસરગ્રસ્ત વિસ્તારોના લોકો માટે કૅશડૉલ્સથી માંડીને રાહત પૅકેજ, ચેક-વિતરણ સુધીની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરી. પૂરનાં પાણીમાં ફસાયેલા લોકોને ઉગારી લેવાનું બચાવકાર્ય પણ કરવામાં આવ્યું. તો, મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ સ્થિતિનું આકલન કરવા સાથે સફાઈ અને રોગચાળો ફેલાય નહીં તે માટે સંબંધિતોને તાકીદ કરી. મુખ્યમંત્રીશ્રીએ સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટરની જાતે મુલાકાત લઈને મિનિટ ટુ મિનિટ સ્થિતિનો ક્યાસ કાઢવાથી માંડીને તંત્રને પરિસ્થિતિ પર બાજનજર રાખવાની સૂચના આપી ઍલર્ટ મોડ પર રાખ્યું.

ગ્લોબલ વૉર્મિંગ સહિત વાતાવરણીય અસરથી ગુજરાત સરકાર અવગત છે; તેથી જ, વૃક્ષારોપણ અભિયાનને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં રાજ્ય સરકારે વેગ આપ્યો. એક જ દિવસમાં ૧.૨૫ કરોડ વૃક્ષોના વાવેતરની સાથે ૧૦૧ ઑક્સિજન પાર્કનું લોકાર્પણ કરાયું. તેથી સાથેસાથે AMCનાં રૂ.૪૦૫ કરોડનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ગાંધીનગર-સાબરકાંઠાનાં રૂ. ૮૧૫ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યાં. અર્બન ચૅલેન્જ ફંડમાંથી અમદાવાદ મહાનગરમાં ૬ જેટલા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કુલ રૂ.૨૭૧૯.૮૦ કરોડ મંજૂર કર્યા. આમ, વિકાસની વણથંભી વણજારને રાજ્ય સરકારે વેગ આપ્યો છે.

નીતિ-નિર્ધારણ અને દૂરંદેશીપૂર્ણ વહીવટી કુનેહથી રાજ્ય સરકાર સર્વગ્રાહી વિકાસને પ્રાધાન્ય આપી રહી છે. વિશાળ દરિયાકિનારો ધરાવતું ગુજરાત રાજ્ય દરિયાઈ વ્યાપાર માટે વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન ધરાવે છે, જેનો મહત્તમ લાભ મળી શકે તે ઉદ્દેશ સાથે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત શિપ-બિલ્ડિંગ ઍન્ડ રિપેર પૉલિસી-૨૦૨૬ લૉન્ચ કરી. જહાજ નિર્માણ અને મરામત ક્ષેત્રે આત્મનિર્ભર ભારતનો અભિગમ ગુજરાત આ પૉલિસીથી સાકાર કરશે.

નીતિ-નિર્ધારણનો પડઘો નિર્ણય છે. ગુજરાત સરકારે યુવાવર્ગને નશાની લતમાંથી મુક્ત કરાવવા દરેક જિલ્લામાં ડિ-એડિક્શન સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તો, અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને ત્વરિત ધોરણે પાઠ્યપુસ્તકો આપવાનો સંવેદનાપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ જ રીતે GPSC દ્વારા ઈન્ટરવ્યૂ સુધી પહોંચેલા પણ પરીક્ષામાં પસંદગી ન પામેલા તેજસ્વી ઉમેદવારોને 'અવસર' મૉડ્યૂલ થકી રોજગારીની તક પ્રદાન કરી છે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**



# મન કી બાત
## જુલાઈ ૨૦૨૬

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કૅન કરો...**

### કારગિલ વિજય-દિવસ

આપણા જીવનમાં કેટલીક તારીખો એવી હોય છે કે જેને યાદ રાખવા માટે કૅલેન્ડર જોવાની જરૂર પડતી નથી. ૨૬ જુલાઈ એટલે 'કારગિલ વિજય-દિવસ'. આ દિવસ આપણને વીર જવાનોના અદ્‌ભુત સાહસની યાદ અપાવે છે. કારગિલની ઊંચી ઊંચી પહાડીઓ, ખરાબ હવામાન અને દુશ્મનોનો પડકાર - આવી બધી જ પરિસ્થિતિ આપણા જવાનો સામે હતી, પરંતુ તેમની હિંમત દરેક પડકારથી વધારે મોટી હતી. તેમણે મા ભારતીની રક્ષા માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું.

### કૅચ ધ રેઈન

કૅચ ધ રેઈન અભિયાન અંતર્ગત વરસાદના પાણીનો સંગ્રહ, ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ, જૂના જળસ્રોતને પુનઃ જીવિત કરવા, અને વૃક્ષરોપણને નવી ગતિ આપવામાં આવી રહી છે. ગામડું હોય કે શહેર, પંચાયતો હોય કે સામાજિક સંસ્થાઓ - દરેક જગ્યાએ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો. ક્યાંક જૂનાં તળાવોમાંથી માટી કાઢવામાં આવી, ક્યાંક કૂવાઓ અને વાવને ફરી જીવંત કરવામાં આવી રહ્યાં છે. બંધ પડેલા બોરવેલ હવે ગ્રાઉન્ડ વૉટર રિચાર્જના માધ્યમ બની રહ્યા છે. આજે બચાવવામાં આવેલું પાણીનું એક એક ટીપું આવનારી પેઢીના ભવિષ્યની સૌથી મોટી પૂંજી છે.

### લોકલ ફોર વોકલ

કાશ્મીરની પરંપરાગત ચટાઈ 'વગુ'ને સરકન્ડા અને ધાનના પૂળાથી, સ્ટ્રોથી તૈયાર કરવામાં આવે છે. આ ચટાઈ માટે સૌપ્રથમ કાશ્મીરના કાદવવાળા વિસ્તારોનાં ઘાસ અને સરકન્ડાની કાપણી કરવામાં આવે છે. તડકામાં સૂકવ્યા બાદ તેની છટણી કરવામાં આવે છે. અને પછી શરૂ થાય છે હાથવણાટનું કામ. બે કારીગરોને એક ચટાઈ બનાવવામાં લગભગ ચાર દિવસ લાગે છે. આ ચટાઈ ઈકો ફ્રેન્ડ્લી છે. તે ગરમીમાં ઠંડક, જ્યારે ઠંડીમાં ગરમી આપે છે. પહેલાં તે કશ્મીરના દરેક ઘરમાં જોવા મળતી હતી. શ્રીનગરના ગુલામ હુસૈનજી અને તેમની દીકરી તંજીલાજીએ 'વગુ' ક્રાફ્ટની પરંપરાના નવજીવન માટે અનેક પડકારોનો સામનો કર્યો. તેમને સ્થાનિક કક્ષાએ સરકારી સહયોગ મળ્યો. આજે આ કલા ઝડપથી લોકપ્રિય બનીને દેશના અન્ય ભાગોમાં પણ પહોંચી રહી છે. આપણે લોકલ ફોર વોકલના મંત્રને લઈને ચાલી રહ્યા છીએ.

### વેસ્ટ ટુ વેલ્થ

બિહારના સીતામઢીમાં વેસ્ટ ટુ વેલ્થનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે. અહીં કચરાને રિસાઇક્લિંગ કરીને તેમાંથી આકર્ષક બૅન્ચ બનાવવામાં આવી રહી છે, એક બૅન્ચ તૈયાર થવામાં લગભગ ૪૦ કિલો સિંગલ યૂઝ પ્લાસ્ટિક વપરાય છે. તે મજબૂત, ટકાઉ અને આરામદાયક હોવાની સાથેસાથે ઈકો ફ્રેન્ડ્લી પણ હોય છે, જેને સરકારી શાળાઓ બગીચાઓ અને જાહેર સ્થળોએ મૂકવામાં આવે છે. તેના દ્વારા લોકોમાં પર્યાવરણ સંરક્ષણ બાબતે જાગૃતિ આવી રહી છે. આ પ્રયાસથી સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ ઊભી થઈ છે. સીતામઢીનો આ પ્રયાસ આપણને બતાવે છે કે રિડ્યૂસ, રિયૂઝ અને રિસાઇકલ - આજે માત્ર એક સૂત્ર નથી રહ્યું, પરંતુ આપણા જીવનનો ભાગ બનતું જાય છે.

### ઐતિહાસિક જીત

થોડા જ દિવસ પહેલાં ગ્લાસગૉમાં કૉમનવૅલ્થ ગેઈમ્સ શરૂ થઈ છે. આપણા યુવાઓએ હાલના દિવસોમાં જ સ્પૉર્ટ્સમાં અનેક શાનદાર સફળતાઓ મેળવી છે. પી. વી. સિંધુ બેડમિન્ટનમાં જાપાન ઓપનનો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બની ગઈ છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પણ લંડનના લોર્ડ્સ સ્ટેડિયમમાં પોતાની પહેલી ટેસ્ટ મેચ જીતી છે. આ એક ઐતિહાસિક જીત છે.

### સંસ્કૃત ક્લબ

કેટલાક નાના પ્રયાસો એવા હોય છે કે જે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. મને કેરલમ્ માં એર્નાકુલમના સાઉથ ચિતૂરમાં સ્પૉર્ટ્સના એક આવા જ પ્રયાસની ખબર પડી છે. ત્યાં એક સ્કૂલમાં સંસ્કૃત ક્લબ છે. ત્યાંના ટીચર અભિલાષજી ખૂબ જ અનોખી રીતે સંસ્કૃતને લોકપ્રિય બનાવી રહ્યા છે. આ પ્રોજેક્ટને "અક્ષરકંદુક" નામ

આપવામાં આવ્યું છે. તેમાં સંસ્કૃતના અક્ષરોને ફૂટબૉલમાં ઉપયોગમાં લેવાતા શબ્દો સાથે જોડીને ખૂબ જ સરળ રીતે સમજાવામાં આવે છે. તેનાથી શીખવામાં આનંદ મળે છે, સાથે સાથે રમતગમત સાથે લોકોનું જોડાણ પણ વધે છે.

**ગૌરવ**

મણીપુરના ડૉક્ટર રોનાલ્ડો લઈસરામજી કામથી એસ્ટ્રોફિઝીસિસ્ટ છે. તેઓ જાપાનમાં કામ કરે છે, અને યંગ ગેલેક્સિસના એક વિશાળ સમૂહની શોધ કરવાવાળી ટીમનો ભાગ છે. તેમણે આ પૂરા સમૂહનું નામ મણિપુરના એક સુંદર તળાવ સાથે જોડીને લોકટક પ્રોટો- ક્લસ્ટર રાખ્યું છે. લોકટક તાજા પાણીનું એક મોટું તળાવ છે. લોકટક તળાવમાં તરતી ફૂમડી મળીને એક અનોખું લેન્ડસ્કેપ બનાવે છે. એવું લાગે છે કે વિશાળ સમુદ્રમાં જાણે નાના નાના દ્વીપ તરી રહ્યા હોય! એવી જ રીતે યુનિવર્સમાં પણ આ યંગ ગેલેક્સિસ પણ એક વિશાળ આકારનું નિર્માણ કરે છે. આજે મણિપુરનું લોકટક માત્ર દેશના નકશામાં જ નહીં પણ વિશાળ બ્રહ્માંડમાં પણ પોતાની ચમક દર્શાવી રહ્યું છે. આ ઉપલબ્ધિ બધા ભારતીયોનું ગૌરવ વધારનાર છે.

## 'મન કી બાત'માં ગુજરાત

અમદાવાદમાં જનભાગીદારીની અદ્દભુત શક્તિ જોવા મળી. ભાડજમાં એક કલાકમાં સાડા ત્રણ લાખથી વધુ છોડ રોપવામાં આવ્યા, જેમાં સ્કૂલનાં બાળકો, NCC કેડેટ્સ, સ્વયંસેવક અને સામાન્ય નાગરિક સૌએ સાથે મળીને આ અભિયાનમાં ભાગ લીધો. આવનારાં વર્ષોમાં આ જ છોડવાઓ ગાઢ શહેરી વન બનશે. આ પ્રયાસ ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં નોંધાયો. ગુજરાતના ગીરનાં જંગલોમાં લગભગ 60 વર્ષો પછી ઇંડિયન ગ્રે હૉર્નબિલ ફરીથી વસવાટ કરી રહ્યા છે. ગીરમાં વર્ષોથી થઇ રહેલા સંરક્ષણ અને પુનઃસ્થાપનના પ્રયાસોનું આ પરિણામ છે. હૉર્નબિલને જંગલોનો ખેડૂત કહે છે. તે ફળ ખાધા બાદ તેના બીજને દૂર દૂર સુધી પહોંચાડે છે. આ બીજથી જંગલમાં નવાં વૃક્ષો ઊગે છે. આ રીતે એક પક્ષી જંગલને ફરીથી હર્યું-ભર્યું બનાવે છે.

## વાચકોના વિચારો.. અમારા પ્રેરણાસ્રોત

'ગુજરાત' પાક્ષિક ગુજરાતના વિકાસની રૂડી ગાથાઓ વર્ણવે છે. દર પંદર દિવસે નવા જ્ઞાનનો ભંડાર લાવે, નવી નીતિઓ અને યોજનાથી સૌને માહિતગાર કરે છે. સ્પર્ધાત્મક તૈયારી કરતા યુવાનોનો સાથી છે, કરંટ અફેર્સની સચોટ માહિતી આપે છે.

ખાખીની હોય ખુમારી કે કલમની કારકિર્દી ભારી, પરીક્ષાના મેદાનમાં 'પાક્ષિક' જ તો છે સફળતાની સવારી. પ્રગતિના પંથે ચાલતા રાજ્યનો અવાજ, નવા પ્રૉજેક્ટ અને નિર્ણયો તેમાં સચવાય છે.

આંકડા અને તથ્યોની તેમાં છે મજબૂત પાયાની વાત,

એક નાનકડા મૅગેઝિનમાં જાણે સમાય આખેઆખું ગુજરાત. લોકકલ્યાણનાં કાર્યોનો છે જ્વલંત અરીસો, સુજ્ઞ વાચકો માટે છે આ માહિતીનો અખૂટ ખજાનો. જ્ઞાનના આ દીવડા થકી સૌનું થાય ભવિષ્ય રોશન, 'ગુજરાત' પાક્ષિક એટલે રાજ્યની પ્રગતિનું સચિત્ર દર્શન.

**- બિપિન પરમાર (અમદાવાદ)**

આજના સોશિયલ મીડિયા તથા AIના જમાનામાં માહિતી મેળવવી અત્યંત સરળ બની છે. રિયલ ટાઇમ સમાચાર મેળવવા પણ ખૂબ સરળ છે, પરંતુ એવા સમાચારોની વિશ્વસનીયતા પર આધારિત રહેવાય તેમ નથી. એવા ભ્રામક રીતે ફેલાતા સમાચારોની વચ્ચે 'ગુજરાત' પાક્ષિક સાચા સમાચાર સાથે સરકારનાં કાર્યો તથા પ્રજા માટે અમલમાં મુકાયેલી યોજનાઓ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી આપે છે. પાક્ષિકમાં તાજેતરમાં ઉમેરવામાં આવેલી માતૃભાષા વિશેની કૉલમ 'ગુજરાતી શીખીએ' ખૂબ સરસ છે. આ કૉલમ માટે ખાસ અને સમગ્ર સામયિક માટે પાક્ષિક ટીમનો આભાર.

**- જતીન ભટ્ટ** (ભાવનગર)

ભારતનાં વિકાસશીલ રાજ્યોમાં ગુજરાત અગ્રણી સ્થાન ધરાવે છે. રાજ્યનો લાંબો દરિયાકિનારો વૈશ્વિક વેપાર અને બ્લૂ ઇકૉનૉમી માટે મહત્ત્વપૂર્ણ આધાર પૂરો પાડે છે. ગુજરાતનું આર્થિક મૉડલ ઉદ્યોગ અને કૃષિ વચ્ચેના સંતુલન પર આધારિત છે. પૅટ્રોકૅમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ડાયમંડ પૉલિશિંગ અને ટેક્સ્ટાઇલ ઉદ્યોગો રાજ્યની અર્થવ્યવસ્થાના મુખ્ય આધારસ્તંભ છે.

સાંસ્કૃતિક રીતે ગુજરાત વૈવિધ્યસભર વારસો ધરાવે છે. લોકસંસ્કૃતિ, ઉત્સવો, હસ્તકલાઓ અને ઐતિહાસિક સ્થળો રાજ્યની આગવી ઓળખ બનાવે છે. વિશ્વનું સૌથી ઊંચું સ્મારક સ્ટૅચ્યૂ ઑફ યુનિટી, કચ્છનું રણ અને લોથલ જેવાં સ્થળો ગુજરાતના વૈશ્વિક મહત્ત્વને દર્શાવે છે. વર્તમાન સમયમાં GIFT City, ગ્રીન હાઇડ્રોજન, સેમિકન્ડક્ટર મૅન્યુફેક્ચરિંગ અને ડિજિટલ ગવર્નન્સ જેવાં ક્ષેત્રોમાં રાજ્ય નવી દિશાઓ સ્થાપી રહ્યું છે. વિકાસ અને વારસાના સુમેળ સાથે ગુજરાત 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ગુજરાત માત્ર એક રાજ્ય નથી, પરંતુ ઉદ્યોગ, નવીનતા અને સાંસ્કૃતિક ગૌરવનું જીવંત પ્રતીક છે.

**- જયવીરસિંહ રથવી** (પાટણ)



# આકાશી આફતનો મક્કમ પ્રતિકાર

વરસાદ સમગ્ર જીવસૃષ્ટિ માટે ખુશી અને સમૃદ્ધિની સોગાત લઈને આવે છે, તો બીજી તરફ અતિવૃષ્ટિ અને પૂર જેવી કુદરતી આફતોનો મોટો પડકાર પણ ઊભો કરે છે. તાજેતરમાં રાજ્યમાં પડેલા મુશળધાર વરસાદે વિષમ પરિસ્થિતિઓ સર્જી છે, ત્યારે આવી કટોકટીના સમયે પ્રજાની સુરક્ષા અને રાહત માટે આપત્તિ વ્યવસ્થાપન નિર્ણાયક બની રહે છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સુધી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ. આ કુદરતી આફત સામે રાજ્ય સરકારે ત્વરિત પગલાં ભરીને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હજારો લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર, નીચાણવાળા વિસ્તારોમાંથી પાણીનો નિકાલ, ફૂડ પૅકેટ્સ અને તબીબી સહાયનું વિતરણ તેમજ વીજળી-રસ્તા જેવી પાયાની સુવિધાઓ યથાવત્ કરવા માટે સરકારી તંત્ર દિવસ-રાત કાર્યરત થયું.

ગુજરાતમાં થયેલા અતિભારે વરસાદના પરિણામે સર્જાયેલી જળબંબાકાર અને પૂરની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા અને રાજ્યના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સ્વયં ગાંધીનગરસ્થિત સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટર (SEOC) ખાતે મોડી રાત્રે પહોંચ્યા અને ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને સમગ્ર પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટર પહોંચીને રાજ્યમાં સર્જાયેલી વરસાદી સ્થિતિની વિગતો હવામાન વિભાગ અને અસરગ્રસ્ત



**રાજ્યમાં ભારે વરસાદથી ઊભી થયેલી સ્થિતિ અંગે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરીને વરસાદી સ્થિતિની સંપૂર્ણ વિગતો મેળવી હતી. વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ભારે વરસાદને કારણે રાજ્યમાં ઊભી થયેલી પરિસ્થિતિમાં બચાવ-રાહત, સ્થળાંતર અને સલામતીનાં પગલાંમાં કેન્દ્ર સરકાર તરફથી બધી જ જરૂરી મદદની સંપૂર્ણ ખાતરી આપાતકાલીન ધોરણે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વરસાદી સ્થિતિમાં બચાવ અને રાહત સહિતની કામગીરીમાં કેન્દ્ર સરકારની મદદ માટે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો હતો.**

જિલ્લાઓના કલેક્ટરો પાસેથી મેળવી હતી. હવામાન વિભાગના અધિકારીઓએ આગામી સમયમાં સમગ્ર રાજ્યમાં વ્યાપક વરસાદની સંભાવના અંગેની વિગતવાર જાણકારી આપી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં થયેલા વરસાદ તેમજ અમદાવાદના ધોળકા તથા ખેડાના મહેમદાવાદ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં થયેલા વરસાદની ઝીણવટપૂર્વક વિગતો મેળવી હતી. તેમણે રાત્રિ દરમિયાન વરસાદ પડે તો તંત્રને હાઈ ઍલર્ટ પર રહીને સ્થિતિ પર સતર્કતાપૂર્વક નજર રાખવાની સૂચનાઓ આપી હતી. સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટર દ્વારા બધા જ જિલ્લાઓ સાથે હોટલાઈનથી સતત સંપર્ક રાખવામાં આવ્યો હતો. તેમણે સંબંધિત જિલ્લા કલેક્ટરો સાથે બેઠક દરમિયાન જ ટેલિફોન પર વાતચીત કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો તેમજ રેસ્ક્યૂ, સ્થળાંતર સહિતની કામગીરી અને નદીઓમાં પૂરની સ્થિતિની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટરની મુલાકાત લઈને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મહેસૂલ વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ અને રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાને સાથે રાખીને સર્વગ્રાહી સ્થિતિ અંગે સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કરેલી સમીક્ષામાં જણાવવામાં આવ્યું હતું કે, ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લાઓમાં સાર્વત્રિક અને ભારે વરસાદની સંભાવનાઓ વધારે છે. આ જિલ્લાઓમાં સ્થાનિક પ્રશાસનની મદદ માટે NDRF અને SDRFની ટીમો મોકલવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ આ જિલ્લાઓના કલેક્ટરોને સતર્ક રહેવાના દિશાનિર્દેશો આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વરસાદનાં પાણી ઓસરે કે તરત જ સાફ-સફાઈ, આરોગ્ય વિષયક પગલાં અને નુકસાનીનો સર્વે હાથ ધરવાની સૂચનાઓ પણ આપી હતી.

આપત્તિ વ્યવસ્થાપનને વધુ વેગવંતું બનાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ ભારે વરસાદ પ્રભાવિત વિસ્તારોમાં સ્થાનિક વહીવટી તંત્રને કામગીરીમાં માર્ગદર્શન આપવા રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ અને બે વરિષ્ઠ

### રાજ્યમાં તા. 28-07-2026ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ વરસાદની સ્થિતિ

| વર્ષ | કુલ વરસાદ (મિ.મી.) | ટકાવારી (%) | સરેરાશની સરખામણી |
|---|---|---|---|
| 2023 | 948.06 | 108.16% | સરેરાશ કરતા 108.16% |
| 2024 | 1263.90 | 143.14% | સરેરાશ કરતા 143.14% |
| 2025 | 1133.75 | 128.57% | સરેરાશ કરતા 128.57% |
| 2026 (28-07-2026 સુધી) | 501.47 | 55.17% | સરેરાશ કરતા 55.17% |






સચિવશ્રીઓ-શ્રીમતી રેમ્યા મોહન અને શ્રી આલોક પાંડે સુરત, વલસાડ અને નવસારી ખાતે તાત્કાલિક પહોંચવા જણાવ્યું એટલું જ નહીં, હવામાન વિભાગ દ્વારા જે જિલ્લાઓમાં આગામી સમય માટે રેડ ઍલર્ટ આપવામાં આવ્યું હતું તે જિલ્લાઓના પ્રભારી સચિવોને પણ સંબંધિત જિલ્લાઓમાં તત્કાલ પહોંચવા મુખ્યમંત્રીશ્રીએ આદેશો આપી તાત્કાલિક રાહતનાં પગલાં લેવા અને નાગરિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. સરકારી હાઈ ઍલર્ટ પર ખડેપગે રાખવાના દિશાનિર્દેશો અંતર્ગત મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના સ્તરેથી જે અધિકારીઓએ ભૂતકાળમાં આ વિસ્તારોમાં કામ કર્યું હતું અને અનુભવ ધરાવતા હતા તેમને પણ રાહત કામગીરી માટે અસગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક પહોંચવા જણાવ્યું હતું, જેના ભાગરૂપે વલસાડ જિલ્લામાં અગાઉ ફરજ બજાવેલ હોય તેવા ૧૦ જેટલા અધિક કલેકટર અને નાયબ કલેકટર તથા મામલતદાર કક્ષાના અધિકારીઓને બચાવ રાહત કામગીરીમાં મોકલાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વરસાદ પ્રભાવિત જિલ્લાઓમાં સ્થાનિક તંત્રને બચાવ-રાહત અને સ્થળાંતર કામગીરીમાં મદદરૂપ થવા એન.ડી.આર.એફ. (NDRF) અને એસ.ડી.આર.એફ. (SDRF)ની વધુ ટીમો ડિપ્લોઇ કરવા આદેશો આપ્યા હતા. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં નદીઓના પૂરનાં પાણીને કારણે ફસાયેલા લોકો તેમજ નીચાણવાળા વિસ્તારોના નાગરિકોના રેસ્ક્યૂ અને સ્થળાંતરની કામગીરીને અગ્રતા આપવાની સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, સૌરાષ્ટ્રના અમરેલી, જૂનાગઢ અને ભાવનગર જેવા જિલ્લાઓમાં પણ સાવચેતીના ભાગરૂપે એન.ડી.આર.એફ. તેમજ એસ.ડી.આર.એફ.ની ટીમો રાખવામાં આવી છે તેમજ રાજ્યમાં કોઈ પણ તાકીદની સ્થિતિને પહોંચી વળવા તમામ વિસ્તારોમાં પણ ટીમો સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ વરસાદને કારણે વીજળી પુરવઠો તથા પીવાના પાણીના વિતરણની સ્થિતિની સમીક્ષા કરી હતી અને તે રાબેતા મુજબ પુરવઠો સતત જળવાઈ રહે તે માટેનાં સૂચનો કર્યાં હતાં. સાથે જ તેમણે દક્ષિણ ગુજરાતના ભારે વરસાદ અસરગ્રસ્ત જિલ્લાઓમાં એસ.ટી. વ્યવહાર તથા માર્ગોની સ્થિતિની સમીક્ષા હાથ ધરી હતી. માર્ગ-મકાન વિભાગે પાણીથી ઓવરટોપિંગ, એપ્રોચના ધોવાણ તથા ડાઈવર્ઝન ધોવાણના કારણે જે માર્ગો બંધ થયા હતાં તેને પાણી ઓસરતાં જ યુદ્ધના ધોરણે પૂર્વવત્ કરવા ૩૪૦૦ ઉપરાંત ડમ્પર અને ૧૧૦૦થી વધુ જે.સી.બી. અને જરૂરી મટીરિયલ્સ તૈયાર રાખવાની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. પૂરનાં પાણી ઓસર્યા પછી રોગચાળો ન ફેલાય તે માટે પૂરતી સાફ-સફાઈ અને રોગ નિયંત્રણનાં પગલાં તેમજ જરૂરી દવાઓના જથ્થા અંગે આરોગ્ય વિભાગને સજ્જ રહેવા પણ તેમણે માર્ગદર્શિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વ્યાપક વરસાદની સંભાવના ધરાવતા



વિસ્તારોના જિલ્લા કલેક્ટરો અને વહીવટી તંત્રને હાઈ એલર્ટ મોડ પર રહેવા સૂચનાઓ આપી હતી.

રાજ્યના રાહત કમિશનર શ્રી ગૌરવ મકવાણાએ રાજ્યમાં પ્રવર્તમાન વરસાદની સ્થિતિમાં તંત્રની સજ્જતા અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતના દક્ષિણ ભાગમાં અને ખાસ કરીને વલસાડ, નવસારી, સુરત અને તાપી જિલ્લાઓમાં રેડ એલર્ટવાળા વિસ્તારોમાં અતિભારે વરસાદ વરસ્યો. વલસાડ જિલ્લામાં વરસાદનું પ્રમાણ ખૂબ વધારે રહ્યું છે. આ ઉપરાંત વલસાડના કપરાડા અને વાપી વિસ્તારમાં પણ ખૂબ જ વધારે પ્રમાણમાં

## અમદાવાદના વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જનસેવક

*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શહેરમાં થયેલા ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા શહેરના આંબલી વિસ્તારની સેન્ટોસા પાર્ક સોસાયટી તેમજ ઘુમાની હરિઓમ વિલા તથા ઈસ્કોન ગ્રીન સોસાયટી સહિતના ભારે વરસાદથી અસર પામેલા વિસ્તારોની સ્થળ-મુલાકાત લીધી હતી.*

*આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ જાતે વરસાદી પાણીમાં ઊતરીને વિસ્તારોમાં ભરાયેલાં પાણીના કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓ અને સમગ્ર પરિસ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ નાગરિકો સાથે સંવાદ કરીને તેમને પડતી હાલાકી વિશે વિગતો મેળવી હતી. આ સમયે તેમની સાથે અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ પણ જોડાયા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ વિભાગ સહિતના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી સમીક્ષા બેઠકમાં સ્થિતિની તલસ્પર્શી માહિતી મેળવી હતી.*

*આ બેઠકમાં અમ્યુકો (AMC)ના અધિકારીઓ દ્વારા શહેરમાં ભારે વરસાદના કારણે ઠેરઠેર પાણી ભરાવાની, ભૂવા પડવાની, વૃક્ષો ધરાશાયી થવાની અને રોડ સેટલમેન્ટ સહિતની ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવી રહ્યો હોવાની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપવામાં આવી હતી.*

*મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને શહેરની કોઈ પણ સોસાયટીમાં પાણી ભરાયેલું ન રહે તે માટે રાહત કામગીરીને ઝડપી બનાવવા જરૂરી સૂચનાઓ આપી હતી.*

વરસાદ નોંધાયો. અગમચેતીના ભાગરૂપે અગાઉથી જ NDRF અને SDRFની ટીમો ત્યાં ડિપ્લોઇ કરી દેવામાં આવી હતી. રાજ્ય સરકારે નાગરિકોની સલામતીને પ્રાધાન્ય આપ્યું છે અને ૨૮ જુલાઈની સ્થિતિએ સમગ્ર રાજ્યમાંથી કુલ ૫૩,૫૨૫ નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે તથા ૯૬૫૦ લોકોને રેસ્ક્યૂ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર ઘટતા બચાવ કામગીરી પૂર્ણતાના આરે છે. વલસાડ ખાતે રેસ્ક્યૂ પૂર્ણ થતાં NDRFની ટીમ ૧૫ બોટ સાથે અમદાવાદ રવાના કરવામાં આવી. સમગ્ર રાજ્યમાં જુદા-જુદા જિલ્લાઓમાં એન.ડી.આર.એફ.ની કુલ ૧૭ અને એસ.ડી.આર.એફ.ની ૩૩ ટીમો સ્થાનિક પ્રશાસનની મદદમાં હતી. ઉત્તર ગુજરાતમાં સંભવિત સ્થિતિ માટે NDRF અને SDRFની ટીમો સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ વધુ વિગતો આપતાં આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, બચાવ કામગીરી પૂર્ણ થવાની સાથે જ હવે રાહત અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારો સહિતના વિસ્તારોમાં અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય માટે કુલ રૂ. ૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

તા.૨૧.૦૭.થી ૨૬.૦૭.૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના સુરત, નવસારી, વલસાડ, અમદાવાદ અને વાવ-થરાદ અને અન્ય જિલ્લાઓને મળીને ૧૬૯૧૮૩ વ્યક્તિઓને કેશડોલ્સ રૂ.૧૫૧૮૯૧૪૦૦, ઘરવખરી અને કપડા સહાય અંતર્ગત કુલ ૬૬૧૯૭ કુટુંબોને રૂ.૨૩૪૭૫૦૦૦૦ સહાય ચૂકવવામાં આવી. આ જ જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાઓમાં પશુ સહાય તરીકે રૂ.૧૨૧૩૦૦૦ની મદદ સાથે આંશિક પાકા મકાનમાં, આંશિક કાચા મકાન, ઢોરના શેડ માટે સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી. ભારે વરસાદને કારણે સબસ્ટેશનોમાં કે જે-તે





વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે અથવા ક્ષતિના કારણે ખોરવાયેલો વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા ઊર્જા વિભાગની ૩૫૦ ટીમો અને ૧૦૦૦ વધુ વીજ કર્મીઓ સેવારત થતા વીજ પુરવઠો પૂર્વવત્ થયો હતો. પૂરનાં પાણી ઓસરી ગયા બાદ સંભવિત રોગચાળો અટકાવવા માટે તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યાપક સફાઈ અભિયાન કેમ્પેઇન મોડમાં હાથ ધરવા માટે પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચનાઓ આપી હતી.

મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસે જે વિસ્તારોમાં હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરી હતી તે જિલ્લાઓને સંપૂર્ણ સજ્જતા સાથે કાર્યરત રહેવા અને લોકોમાં વરસાદને લઈને કોઈ ડર ન ફેલાય તે માટે સોશિયલ મીડિયા સહિતનાં માધ્યમોથી વખતોવખત માહિતગાર કરતાં રહેવા સૂચન કર્યુ હતું.

SEOC ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતી રવિ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, કમિશનર શ્રી ડૉ. ધવલ પટેલ તથા વિવિધ વિભાગોના સચિવો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્યનું સમગ્ર તંત્ર પૂરતી મશીનરી, મેનપાવર અને સાધન-સામગ્રી સાથે સંપૂર્ણ સજ્જ છે.

વલસાડ જિલ્લામાં પૂરથી તારાજી સર્જાતાં, મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશ હેઠળ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી વલસાડ પહોંચ્યા હતા. તેમણે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં પૂરની સ્થિતિ અને વહીવટી તંત્ર દ્વારા થયેલી કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કલેક્ટરશ્રી નીતિન સાંગવાન અને સમગ્ર 'ટીમ વલસાડ'ને ૧૨,૩૭૬ લોકોનું સલામત રીતે સ્થળાંતર અને રેસ્ક્યૂ કરવાની પડકારજનક કામગીરી તંત્રે સુપેરે નિભાવી તે બદલ અભિનંદન પાઠવ્યાં. પૂરના પાણી ઓસરતાં જ સૌથી મહત્ત્વની કામગીરી સાફસફાઈ અને નાગરિકોના સ્વાસ્થ્યની દરકાર લેવાઈ હતી. તેમણે સાફસફાઈ માટે જરૂરી મેનપાવર, જેસીબી અને ટ્રક સહિતની સાધનસામગ્રી ઉપલબ્ધ કરાવવા તથા પાલિકાને વધારાનો હંગામી સ્ટાફ રોકી યુદ્ધના ધોરણે સફાઈ કરી ગંદકીના થર ઉલેચવા માર્ગદર્શન આપ્યું હતું. ઉમરગામ વિસ્તારમાં સફાઈ પર વિશેષ ભાર મૂકવા, ડોર ટુ ડોર કચરાનો નિકાલ કરવા, વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય ચેકઅપ કૅમ્પ લગાવવા અને રોગચાળો ન ફેલાય તે માટે બગડેલી ઘરવખરી તથા સડેલા અનાજનો સુવ્યવસ્થિત નિકાલ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત, પૂર અસરગ્રસ્તોને ત્વરિત કેશડોલ્સ અને રેશનની કિટ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા તાકીદ કરી હતી અને છેવાડાની કોઈ પણ વ્યક્તિ સહાયથી વંચિત ન રહે તે જોવાની સૂચના આપી હતી. મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ વલસાડ રેલવે સ્ટેશન ખાતે ભારે વરસાદને કારણે ટ્રેનો રદ થતાં, અટવાયેલા મુસાફરોની મુલાકાત લઈ આત્મીય સંવાદ સાધ્યો હતો. સ્ટેશન-માસ્ટરે મુંબઈ તરફની લાઇન ચાલુ થઈ હોવાની જાણ કરી હતી, જ્યારે વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલે અટવાયેલા યાત્રીઓને ફૂડ પૅકેટ વિતરણની માહિતી આપી હતી. ત્યારબાદ તેમણે છીપવાડ અને ઔરંગા નદીના પ્રવાહનું નિરીક્ષણ કર્યું હતું.








# દક્ષિણ ગુજરાતમાં 24x7 રાહત અને સ્થળાંતરની પ્રશંસનીય કામગીરી

દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં તાજેતરમાં વરસેલા મુસળધાર વરસાદ અને નદીઓમાં આવેલા ઘોડાપૂરના પરિણામે સર્જાયેલી પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુરત, વલસાડ, તાપી અને નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભૂતપૂર્વ સંકલન સાથે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. 'ઝીરો કેઝ્યુઅલ્ટી'ના ધ્યેય સાથે એનડીઆરએફ, એસડીઆરએફ, ભારતીય કોસ્ટ ગાર્ડ, ફાયર વિભાગ તથા પોલીસ વિભાગના જવાનો દ્વારા યુદ્ધના ધોરણે દિવસ-રાત જોયા વિના હજારો નાગરિકોને સલામત સ્થળે સ્થળાંતરિત કરી આશ્રયસ્થાન, ભોજન અને તબીબી સારવાર પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

## વલસાડ જિલ્લામાં ૨૪ કલાક અવિરત રાહત-બચાવ અને કોસ્ટ ગાર્ડનું ઍર-રેસ્ક્યૂ

વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાતા લોકો પાણીમાં ફસાયા હતા. બચાવ માટેના ફોન દિવસ-રાત વલસાડ જિલ્લા ડિઝાસ્ટર મૅનેજમેન્ટ કચેરી ખાતે સતત મળી રહ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાન પણ સમયાંતરે પરિસ્થિતિની સમીક્ષા કરી ટીમને જરૂરી માર્ગદર્શન આપતા રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ અને પોલીસની ટીમોએ વિવિધ સ્થળોએ તાત્કાલિક પહોંચી બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી.

વલસાડ જિલ્લામાં જ્યાં એનડીઆરએફની બોટ પણ જઈ શકતી ન હતી તેવા વિસ્તારોમાં વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દમણ કોસ્ટ ગાર્ડના હેલિકૉપ્ટરની મદદ લેવામાં આવી હતી. વાપીના સલવાવ ખાતે હ્યુન્ડાઈ શો રૂમની બાજુમાં આવેલા ઈલેક્ટ્રિક વીજ પોલ પર જીવ બચાવવા ચઢી ગયેલા યુવાનને ઉગારવા માટે જિલ્લા વહીવટી તંત્રની જાણકારી બાદ વાપી મામલતદારશ્રી કે.પી. કટારિયાની ઉપસ્થિતિમાં હેલિકૉપ્ટર દ્વારા સફળ રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પૂર રાહત કામગીરીમાં હેલિકૉપ્ટરનું આગમન થતાં, એવા અનેક વિસ્તારો કે જ્યાં બોટ ન પહોંચી શકે ત્યાં ફસાયેલા લોકોને બચાવવામાં મોટી સફળતા મળી છે.

## તાપી અને નવસારી જિલ્લામાં હાથ ધરાયેલી રાહત-બચાવ કામગીરી

તાપી જિલ્લામાં પડેલા ભારે વરસાદને પગલે જિલ્લા કલેક્ટરશ્રી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને રેસ્ક્યૂ ટીમો દ્વારા નીચાણવાળા તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી પુરજોશમાં ચલાવવામાં આવી હતી. જે અંતર્ગત ડોલવણ તાલુકાના અંતાપુર ગામે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાની શક્યતાઓને ધ્યાને રાખી અગમચેતીના ભાગરૂપે SDRFની ટીમે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. SDRF અને વહીવટી તંત્રના અધિકારીઓએ અંતાપુર ગામના ૨૧ જેટલા નાગરિકોને સમજાવીને સુરક્ષિત રીતે અંતાપુર પ્રાથમિક શાળા ખાતે બનાવેલા આશ્રયસ્થાનમાં સ્થળાંતરિત કર્યા હતા. આ ઉપરાંત, ડોલવણના ધોડિયાવાડ ખાતે શરૂ કરાયેલા શેલ્ટર હોમની અધિકારીઓએ મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી અને સ્થાનિક ગ્રામપંચાયત દ્વારા નાસ્તા તેમજ ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી. અધિકારીઓએ શેલ્ટર હોમમાં રહેલા નાગરિકો સાથે સંવાદ સાધી વરસાદ બંધ ન થાય ત્યાં સુધી પોતાની સુરક્ષા માટે શેલ્ટર હોમમાં જ રોકાઈ રહેવા સમજાવ્યા હતા.

બીજી તરફ, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના મેંધર ગામમાં ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને પગલે ફસાયેલા નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા ઍર રેસ્ક્યૂ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું. નવસારી જિલ્લા વહીવટીતંત્ર, ભારતીય કોસ્ટ ગાર્ડ તથા અન્ય સંબંધિત એજન્સીઓના સંકલનથી રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી.



# સુરતમાં સ્થિતિને પૂર્વવત્ કરવા પુનઃવસન સહાય પૅકેજ

સુરત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં જુલાઈ-૨૦૨૬ દરમિયાન પડેલા ભારેથી અતિભારે વરસાદથી પૂરના કારણે સુરત શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિથી સ્થાનિક રહેણાક, વાણિજ્ય-વેપાર અને સેવાકીય એકમોને મોટા પાયે આર્થિક નુકસાન થયું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અસરગ્રસ્ત વિસ્તારોમાં વેપાર-ધંધા ઝડપથી પુનઃકાર્યાન્વિત થાય તેમજ સ્થાનિક અર્થતંત્રને વેગ મળે તે હેતુથી અસરગ્રસ્ત વાણિજ્ય, વેપાર અને સેવાકીય એકમો માટે ઉદારતમ પુનઃવસન સહાય પૅકેજ જાહેર કર્યું.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારે જાહેર કરેલા સહાય પૅકેજની વિસ્તૃત વિગતો આપી હતી. તેમણે જણાવ્યું કે, આ પુનઃવસન સહાય પૅકેજ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારોમાં નાના વેપાર-ધંધા પૂર્વવત્ થઈ શકે તે માટે સહાય પહોંચાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

- સુરત શહેરના અસરગ્રસ્ત રહેણાક અને વાણિજ્ય વિસ્તારોને એક વર્ષ માટે વેરા-માફી આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય.
- લારી/રેંકડી, નાની કૅબિન, મોટી કૅબિન ધરાવતા દુકાનધારકોને ઉચ્ચક રોકડ સહાય આપવામાં આવશે.
- છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરેલું હોય તેવા દુકાનધારકોને રૂ. એક લાખની ઉચ્ચક રોકડ સહાયનો નિર્ણય
- છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરેલું હોય તેવા વેપારી/મોટી દુકાન અને પાકા બાંધકામવાળી દુકાનો માટે બૅંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા અસરગ્રસ્ત એકમોને લોન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે
- લારી/રેંકડીધારકોને ઉચ્ચક રૂ.૭,૫૦૦ની રોકડ સહાય
- નાની સ્થાયી કૅબિન (કૅબિનનો વિસ્તાર ૪૦ ચોરસ ફૂટ સુધી હોય તે) ઉચ્ચક રૂ.૨૫,૦૦૦ની રોકડ સહાય
- મોટી કૅબિન (કૅબિનનો વિસ્તાર ૪૦ ચોરસ ફૂટથી વધારે હોય તે) ઉચ્ચક રૂ. ૫૦,૦૦૦ની રોકડ સહાય
- પાકી દુકાન (દુકાનનું પાકા બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરેલું હોય) ઉચ્ચક રૂ. ૧,૦૦,૦૦૦ની રોકડ સહાય
- પાકી દુકાન (દુકાનનું પાકા બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન મુજબ માસિક ટર્નઓવર રૂ.૭.૫ લાખ સુધી હોય) રૂ.૨૦ લાખ સુધીની ટર્મ-લોન લેનારને ૩ વર્ષ સુધી ૭ ટકાના દરે વ્યાજ-સહાય (વધુમાં વધુ કુલ રૂ.૫ લાખની મર્યાદામાં)
- પાકી દુકાન (દુકાનનું પાકા બાંધકામવાળું સ્થાયી માળખું હોય

## પૂરથી અસરગ્રસ્ત સુરતમાં સંવેદનશીલ કામગીરી






પરિણામલક્ષી કામગીરીના મંત્રને રાજ્ય સરકારે આત્મસાત્ કર્યો છે, ત્યારે સુરતમાં અતિ ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિમાં અસરગ્રસ્તો માટે રાજ્ય સરકારે પુનર્વસન સહાય પૅકેજ જાહેર કર્યું હતું. પૂરની પરિસ્થિતિનો તાગ મેળવવા કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા તેમજ નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા સુરતના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ સ્વનિરીક્ષણ કરી વિવિધ સહાયની કામગીરી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક સર્વેક્ષણ હાથ ધરીને અસરગ્રસ્તોને સહાય પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી.

અને છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન મુજબ માસિક ટર્નઓવર રૂ.૭.૫ લાખથી ૧૫ લાખ સુધી હોય) રૂ.૨૫ લાખ સુધીની ટર્મ-લોન લેનારને ૩ વર્ષ સુધી ૭ ટકાના દરે વ્યાજસહાય (વધુમાં વધુ કુલ રૂ.૮ લાખની મર્યાદામાં).

- પાકી દુકાન (દુકાનનું પાકા બાંધકામવાળું સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન મુજબ માસિક ટર્નઓવર રૂ.૧૫ લાખથી વધુ હોય) રૂ.૩૦ લાખ સુધીની ટર્મ-લોન લેનારને ૩ વર્ષ સુધી ૭ ટકાના દરે વ્યાજ-સહાય (વધુમાં વધુ કુલ રૂ.૧૦ લાખની મર્યાદામાં) ઉચ્ચક રોકડ સહાય અથવા વ્યાજ-સહાય પૈકી માત્ર કોઈ એક વિકલ્પ મળવાપાત્ર થશે.
- ઉચ્ચક રોકડ સહાય મેળવવાપાત્ર અસરગ્રસ્તોને નુકસાન સહાય માટે સર્વે કરી ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી જેવા આધાર ધ્યાનમાં લઈને સહાય ચૂકવવામાં આવશે.
- આવી ઉચ્ચક રોકડ સહાય મંજૂર કરવા માટે સુરત મહાનગરપાલિકાના જે-તે ઝોનના ડેપ્યુટી કમિશનરશ્રી અથવા ગ્રામવિસ્તાર માટે સંબંધિત પ્રાંત અધિકારીશ્રી અધ્યક્ષ હોય તેવી સમિતિની રચના જિલ્લા કલેક્ટર, સુરત દ્વારા કરવામાં આવશે.
- જેમણે છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રિટર્ન ભરેલું હોય તેવા અસરગ્રસ્તોએ વ્યાજ-સહાય મેળવવા માટેની અરજી પૅકેજનો ઠરાવ થયાની તારીખથી છ માસ સુધીમાં જિલ્લા ઉદ્યોગકેન્દ્રને નિયત નમૂનામાં બૅંકમાંથી લોન મેળવ્યાના પુરાવા સાથે કરવાની રહેશે.
- જે અસરગ્રસ્ત એકમોએ APMC માટેની સહાય - યોજના હેઠળ સહાય મેળવી હશે તેવાં એકમો આ પૅકેજ અંતર્ગત સહાયપાત્ર થશે નહીં.



સુરતમાં ૧૪ જુલાઈ ૨૦૨૬ સુધીમાં કુલ ૧૯૨૫૬ પરિવારોને રૂ. ૯.૬૨ કરોડની ઘરવખરીની સહાય અને ૩૯૨૩૭ વ્યક્તિઓને રૂ. ૩.૫૩ કરોડની કૅશડૉલ મળીને કુલ ૧૩.૧૫ કરોડ રૂપિયાનું ચુકવણું રોકડ સહાય સ્વરૂપે કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી તથા કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલે સુરતના ભારે પૂર-અસરગ્રસ્ત વિસ્તારોની જાત-માહિતી મેળવવા તથા નુકસાનીનો ક્યાસ કાઢવા પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તેમણે અસરગ્રસ્ત વેપારીઓ/વાણિજ્યિક એકમો પાસેથી પૂરથી થયેલા વ્યાપક નુકસાનની તલસ્પર્શી વિગતો મેળવીને તેમના પ્રત્યે સહાનુભૂતિ અને સંવેદના દર્શાવીને અસરગ્રસ્તો ઝડપભેર પૂર્વવત્ થાય તેવા અભિગમથી ઉદારતમ પુન:વસન સહાય પૅકેજ જાહેર કર્યું હતું.




સુરતમાં વરસાદથી અસરગ્રસ્ત ભટારના આંબેડકરનગર, આઝાદનગર, ઈન્દિરાનગર, રસૂલાબાદ, ગોડાદરાના પટેલનગરના અસરગ્રસ્ત પરિવારોને કૅશડૉલ, ઘરવખરી, કપડાં-સહાય મળીને પ્રત્યેક પરિવારને આર્થિક સહાયનું વિતરણ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કર્યું હતું. તેમણે પાંડેસરાની મારુતિ ઈન્ડસ્ટ્રિયલ ઍસ્ટેટ તથા કમેલા દરવાજા પાસેના મિલેનિયમ ટેક્સ્ટાઇલ માર્કેટના અસરગ્રસ્ત ઔદ્યોગિક એકમોના વેપારીઓની મુલાકાત લઈને પરિસ્થિતિ બાબતે દિશાનિર્દેશ આપ્યા હતા. સુરતમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ સહાય-વિતરણ અને પુન:વસનની કામગીરીની સમીક્ષા બેઠક દ્વારા પૂર-અસરગ્રસ્ત વિસ્તારોના વાહન-વીમાધારકો તથા મિલકત વીમા-ધારકોને ક્લેઈમ સેટલમેન્ટ ચેકનું વિતરણ કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૬૧,૩૬૦ નાગરિકોને રૂ.૫.૫૦ કરોડ જેટલી કૅશડૉલ્સ અને ૨૯,૬૪૨ પરિવારોને રૂ.૧૪.૮૨ કરોડની ઘરવખરીની સહાય મળીને કુલ રૂ.૨૦ કરોડની રકમ ચુકવાઈ છે. પૂરની આપત્તિ બાદ આટલા ટૂંકા ગાળામાં વીમાકંપનીઓ સાથે સંકલન સાધીને રૂ.૨૯ કરોડના ક્લેઈમ મંજૂર કરીને વીમાધારકોને ચૅક અર્પણ કરવામાં આવ્યા હતા.

સરકારની સાથે સંકટના સમયે આગળ આવનારી સંસ્થા ‘ધી વરાછા કો-ઑપ. બૅંક લિ.’ દ્વારા રૂ.૫ લાખ સુધીની 'ફ્લડ-લોન' યોજના તથા પૂર અને પાણી ભરાવા સામે સુરક્ષા આપતી નવી વીમા યોજનાઓનું લૉન્ચિંગ નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું.




# વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ

- **એક જ દિવસમાં ૧.૨૫ કરોડ વૃક્ષોનું વાવેતર** AMCનાં ૩.૪૦૫ કરોડનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત
- ૧૦૧ ઑક્સિજન પાર્કનું ઇ-લોકાર્પણ અને ૧૫૫ નવી AC ઇલેક્ટ્રિક BRTS-AMTS બસોનું લોકાર્પણ

વૃક્ષારોપણ એક અભિયાન માત્ર નહીં, પરંતુ પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતા, પર્યાવરણ સંરક્ષણની સામૂહિક જવાબદારી અને આવનારી પેઢી માટે હરિયાળી ધરોહર સર્જવાનો જીવંત સંકલ્પ છે. પ્રકૃતિના જતનનો સંકલ્પ અને 'વૃક્ષાય નમઃ'ના પાવન મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ'ના સંદેશને આત્મસાત્ કરતાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં હરિયાળું ભવિષ્ય ઘડવાનું એક વ્યાપક જનઆંદોલન શરૂ થયું. જનભાગીદારીના ઉત્સાહ, સંસ્થાઓના સહયોગ અને પ્રકૃતિપ્રેમીઓની ભાવના સાથે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વૃક્ષારોપણના પ્રયાસોથી વિકાસ અને પર્યાવરણ વચ્ચેના સમન્વયનું પ્રેરણાદાયી ઉદાહરણ સ્થપાયું છે. હરિયાળું અભિયાન માત્ર ધરતીને લીલીછમ બનાવવાનું નહીં, પરંતુ સમાજને પ્રકૃતિ સાથે વધુ ગાઢ રીતે જોડવાનો એક સશક્ત પ્રયાસ છે.

આજના આધુનિક અને ઔદ્યોગિક યુગમાં પ્રદૂષણ, ગ્લોબલ વૉર્મિંગ અને આબોહવા પરિવર્તન જેવી ગંભીર સમસ્યાઓ સામે લડવા માટે વૃક્ષારોપણ અને વનકવચ અત્યંત આવશ્યક છે. તે ઑક્સિજનના સ્તરને જાળવી રાખવા, તાપમાન નિયંત્રિત કરવા અને શુદ્ધ વાતાવરણ પૂરું પાડવા માટેના કુદરતી આધારસ્તંભ છે. આ વિચારને આચરણમાં મૂકીને ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળો બનાવવા કેન્દ્રીય ગૃહ અને સહકાર








મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના 'મિશન ફાઈવ મિલિયન ટ્રી' સાથે અંદાજે ૧.૨૫ કરોડ રોપાની સામૂહિક રોપણી કરવામાં આવી. તે ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન (AMC), 'ઔડા' તથા માર્ગ અને મકાન વિભાગના મળીને અંદાજિત રૂ. ૪૦૫ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસ-પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટીમાં યોજાયેલા કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક તથા ૧૫૫ એ.સી. ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અને અમદાવાદ શહેરમાં પર્યાવરણના સંરક્ષણ અને પૃથ્વીના સંવર્ધન માટે એક અભૂતપૂર્વ 'જનઅભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. તે અંતર્ગત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એક જ દિવસમાં ૧,૨૫,૯૩,૫૧૩ વૃક્ષોના રોપા રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ



કરવામાં આવ્યું હતું. આ સાથે જ અમદાવાદના ત્રણેય લોકસભા વિસ્તારોમાં અલગથી ૫૦ લાખ વૃક્ષોના છોડ વાવવાનું મહત્ત્વાકાંક્ષી અભિયાન પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ માટે તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની કામગીરીની પ્રશંસા કરીને અશક્ય લાગતી આ કામગીરી માત્ર ત્રણ મહિનામાં પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ માં કે નામ' આહ્વાનથી પ્રેરાઈને આ અભિયાન હવે એક જનઆંદોલન બની ગયું છે. ગાંધીનગર લોકસભાના ૧,૩૭,૮૧૨ નાગરિકોએ પોતપોતાના વિસ્તારોમાં પાંચ-પાંચ છોડ રોપવાનો સંકલ્પ લીધો છે. જ્યારે, અમદાવાદ શહેરના અન્ય સંસદીય વિસ્તારોના પણ ૨૮,૫૪૪ નાગરિકોએ આ સંકલ્પ લીધો છે.

વડાપ્રધાનશ્રીએ આપેલો ‘વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ’નો મંત્ર દોહરાવી તેમણે કહ્યું હતું કે, આ તમામ વૃક્ષોમાં ગોરસઆંબલી, સીસમ, વડ, પીપળો જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે. આ પ્રત્યેક વૃક્ષ ઓછામાં ઓછું ૧૦૦ વર્ષ કરતાં

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'એક પેડ માં કે નામ' આહ્વાન બન્યું જન-આંદોલન

## પૃથ્વીને જીવવાલાયક બનાવવા દરેક ઘર પર સોલાર રૂફટોપ અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીનું આહ્વાન

## અત્યાર સુધીમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુલ રૂ. ૨૮,૪૯૨ કરોડનાં કામો પૂર્ણ, વર્ષ-૨૦૨૯ સુધીમાં ગ્રીનકવર ૨૦ ટકા સુધી પહોંચાડવાનું લક્ષ્ય

વધુ આયુષ્ય ધરાવે છે. આમ, રોપેલાં આ વૃક્ષો આવનારી અનેક પેઢીઓને છાંયડો આપશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં હરિયાળીનું પ્રમાણ ૧૧.૨૩ ટકાથી વધારીને ૨૦ ટકા કરવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે વાયુ-પ્રદૂષણ ઘટાડવા અને કાર્બન ઉત્સર્જન રોકવા માટે BRTSની નવી ૮૦ અને AMTSની ૭૫ ઇલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રિયમંત્રીશ્રીએ નાગરિકો સમક્ષ વિકાસકામોનું સરવૈયું રજૂ કરતાં કહ્યું હતું કે, અત્યાર સુધીમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુલ રૂ. ૨૮,૪૯૨ કરોડનાં કામો પૂર્ણ થયાં છે. તેમણે વધતા જતા કાર્બન-ઉત્સર્જન વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ભાવિ પેઢી માટે પૃથ્વીને જીવવાલાયક રાખવા માટે વૃક્ષોનું આવરણ જરૂરી છે. આ માટે તેમણે દરેક નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવાની અપીલ કરી હતી, જેથી વધતા તાપમાન અને ઓઝોન સ્તરના નુકસાન સામે આવનારી પેઢીઓને રક્ષણ મળી શકે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવાનું નવું દિશાદર્શન આપ્યું છે. વડાપ્રધાનશ્રીએ આપેલા 'વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ'ના અભિગમને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સાકાર કરવામાં આવી રહ્યો છે. વૃક્ષારોપણ એક સાર્વત્રિક જનઆંદોલન બની ચૂક્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણની જાળવણી માટે 'બૅક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે દેશભરમાં સર્વપ્રથમ અલગ 'ક્લાઈમેટ ચેન્જ વિભાગ' શરૂ કરાવ્યો હતો. ભૂગર્ભજળના સ્તર ઊંચા લાવવા માટેના વડાપ્રધાનશ્રીના પ્રયાસોનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે 'કૅચ ધ રેઈન' અભિયાન અંતર્ગત વરસાદી પાણીને જમીનમાં ઉતારવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના આહ્વાન પર દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવાનું ઐતિહાસિક કામ પૂર્ણ થયું છે. આ ઉપરાંત, 'એક પેડ માં કે નામ ૨.O' અભિયાન અંતર્ગત રાજ્યમાં ૧૦.૯૬ કરોડ







વૃક્ષો, શહેરોમાં ઑક્સિજન પાર્કનું નિર્માણ અને ૮૨ જેટલાં 'નમો વન'માં ૧૪ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરીને શહેરોમાં ગ્રીનકવર વધારવામાં આવ્યું છે.

આ પ્રસંગે પર્યાવરણની જાળવણી માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક ખુલ્લા મૂકવામાં આવ્યા હતા, જેમાં સમાવિષ્ટ ૬૧ નવા ઑક્સિજન પાર્ક સાથે ગાંધીનગર મતક્ષેત્રમાં હવે કુલ ૭૩ ઑક્સિજન પાર્ક થયા છે. આ સાથે જ નાગરિકો આ તમામ પાર્કની વિગતો, વૃક્ષોની સંખ્યા અને લૉકેશન જાણી શકે તે માટે એક વિશેષ 'ઇ-બુક'નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર તેમજ સમગ્ર ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના ઉદ્દેશથી ITC India Ltd., વિશ્વનાથ રીઅલ્ટર્સ, ઍસોસિયેશન ઑફ ઑટોમોબાઇલ ડીલર્સ અને શીતલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇફ્કો, GUDA સાથે શહેરમાં વૃક્ષારોપણ અને સતત ત્રણ વર્ષ સુધી તેના જતન માટેના MoU કરવામાં આવ્યા હતા. આ સાથે જ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગોતા ગોધાવી કૅનાલ, ભાડજ, સવન્નાહ પાર્ટીપ્લૉટ, સરખેજ, એન.ડી.ડી.બી. પ્લૉટ, વાડજ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા શહેરને વધુ હરિયાળું અને પર્યાવરણપ્રિય બનાવવાના હેતુથી અમલમાં મુકાયેલા 'મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત એપલવુડ નજીક આવેલા AMCના પ્લૉટ ખાતે 'હરિયાળી લોકસભા-ગાંધીનગર લોકસભા'ના સંકલ્પને સાકાર કરતી દિશામાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રને હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણલક્ષી બનાવવાના સંકલ્પને વધુ દૃઢ કરવામાં આવ્યો. શહેરમાં લીલોતરીનું આવરણ વધે, પર્યાવરણ સંરક્ષણ જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરે અને આગામી પેઢીને સ્વચ્છ તથા સુરક્ષિત પર્યાવરણ મળે તે માટે સૌએ સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનનું 'મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ' અભિયાન શહેરનાં ગ્રીનકવર વધારવા, પર્યાવરણીય સંતુલન જાળવવા તેમજ નાગરિકોમાં વૃક્ષારોપણ અને વૃક્ષ-સંરક્ષણ પ્રત્યે જનજાગૃતિ લાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ બની રહ્યું છે. ઉપસ્થિત મહાનુભાવોએ વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું સંવર્ધન કરવાની અપીલ કરતાં 'હરિયાળી લોકસભા-ગાંધીનગર લોકસભા'ના સંકલ્પને જનભાગીદારીથી સફળ બનાવવા માટે આ કાર્યમાં જોડાવાનો સૌને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ ઉપરાંત રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) દ્વારા સંચાલિત સાબરમતી આશ્રમ ગૌશાળાના પ્લૉટ ખાતે યોજાયેલા અન્ય એક કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન 'એક પેડ માં કે નામ' અભિયાનને વેગ આપતાં હજારો વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

પ્રકૃતિનું સંરક્ષણ અને સંવર્ધન આપણી નૈતિક કે સામાજિક જવાબદારી માત્ર નથી, પરંતુ તે આપણી ભવ્ય ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનો પણ એક અભિન્ન ભાગ છે. અમદાવાદનું ભવિષ્ય નાગરિકોના એક-એક વૃક્ષના વાવેતર અને ઉછેરથી સુરક્ષિત બની શકે છે. શહેરીજનોનું આ એક નાનું પગલું સમગ્ર શહેરના સ્વસ્થ અને સુદૃઢ ભવિષ્ય તરફ દોરી જશે તેવા ઉદ્દેશ સાથે વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે અમદાવાદ શહેરભરમાંથી પર્યાવરણ-પ્રેમીઓ, પ્રબુદ્ધ નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને પ્રકૃતિપ્રેમી યુવાનોએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લઈને ગ્રીન અમદાવાદના સંકલ્પને સાકાર કરવા સામૂહિક વૃક્ષારોપણ કર્યું હતું.

## અમદાવાદે રચ્યો ગિનીસ વર્લ્ડરેકૉર્ડ

# ભાડજ ખાતે એક જ કલાકમાં ૩.૬૧ લાખ વૃક્ષારોપણ

પર્યાવરણ સંરક્ષણ, જૈવ-વિવિધતાના સંવર્ધન અને આવનારી પેઢી માટે હરિયાળા ભવિષ્યના નિર્માણના ઉદ્દેશ સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરને હરિયાળી લોકસભામાં રૂપાંતરિત કરવાનો જે દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો છે, તેને સાકાર કરવાની દિશામાં અમદાવાદ મહાનગર પાલિકાએ એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપ્યું. AMC દ્વારા ભાડજ ખાતે યોજાયેલા મહા-વૃક્ષારોપણ અભિયાનમાં મિયાવાકી પદ્ધતિથી માત્ર એક જ કલાકમાં ૩.૬૧ લાખ રોપાઓનું વાવેતર કરીને ગિનીસ વર્લ્ડરેકૉર્ડ સ્થાપવામાં આવ્યો.




આશરે ૯૧,૦૦૬ ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં યોજાયેલા આ હરિત મહાયજ્ઞમાં ૨૫,૦૦૦થી વધુ સ્વયંસેવકોએ ઉત્સાહભેર સહભાગિતા નોંધાવી હતી. પ્રકૃતિ પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા અને જનભાગીદારીના આ અભૂતપૂર્વ સંગમે માત્ર વિશ્વવિક્રમ જ સર્જ્યો નહીં, પરંતુ વિકાસ અને પર્યાવરણ વચ્ચેના સુમેળનું જીવંત પ્રતીક પણ સ્થાપ્યું. આ મહાઅભિયાન એ વાતનું પ્રેરક ઉદાહરણ છે કે જ્યારે સમાજ, સંસ્થાઓ અને શાસન-વ્યવસ્થા એક જ હરિત ધ્યેય સાથે આગળ વધે છે, ત્યારે વૃક્ષારોપણ માત્ર એક કાર્યક્રમ રહેતું નથી, પરંતુ ધરતીને વધુ હરિયાળી, સ્વસ્થ અને સમૃદ્ધ બનાવતું જનઆંદોલન બની જાય છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમજ અમદાવાદના મેયરશ્રી, મુખ્ય સચિવશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, અન્ય પદાધિકારીશ્રીઓ, અ.મ્યુ.કો.ના જુદાજુદા વિભાગોના અધિકારીશ્રીઓ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ઉત્તર-પશ્ચિમ ઝોનના થલતેજ વૉર્ડમાં ટી.પી. ૩૦, એફ.પી. નં. ૨૫૫ અને ૨૪૬, સત્ત્વમ્ હાઈટ્સ પાસે, ગોતા-ગોધાવી કૅનાલની બાજુમાં, ભાડજ, અમદાવાદ ખાતે અંદાજે ૯૧,૦૦૬ ચો.મીટર વિસ્તાર પૈકી ૭૬,૦૦૦ ચો.મીટરના વિસ્તારમાં 'એક ઐતિહાસિક હરિયાળી' અભિયાનના આયોજનમાં સહભાગી થયા હતા. મિયાવાકી પદ્ધતિથી એક જ સ્થળે એક જ કલાકમાં ૩૫ જેટલી સ્થાનિક (Indigenous) જાતોના ૩.૬૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ગિનીસ વર્લ્ડરેકૉર્ડ સ્થાપવામાં આવ્યો હતો.

આ સિદ્ધિ અમદાવાદ શહેરના પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વિકાસના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન સમાન છે. આ વિશ્વવિક્રમી કાર્યક્રમને સફળ બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ, સ્કૂલ બૉર્ડ, BAPS સંસ્થા, CRADAI, પોલીસ સ્ટાફ, NCCના વિદ્યાર્થીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs), શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો તેમજ શહેરના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૨૫ હજારથી વધુ નાગરિકોની સક્રિય લોક-ભાગીદારીથી આ મહાઅભિયાન સફળ બન્યું હતું.

આ વૃક્ષારોપણ અભિયાનમાં સ્થાનિક પ્રજાતિના પર્યાવરણને અનુકૂળ રોપાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રોપાઓ ભવિષ્યમાં જૈવ-વૈવિધ્યના સંવર્ધન, વાયુ-પ્રદૂષણમાં ઘટાડો, કાર્બન-શોષણ, તાપમાનનું નિયંત્રણ તેમજ શહેરના હરિયાળા આવરણમાં નોંધપાત્ર વધારો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા શહેરને વધુ હરિયાળું, સ્વચ્છ, પર્યાવરણ-મિત્ર અને ટકાઉ વિકાસના માર્ગે આગળ ધપાવવા માટે વિવિધ પર્યાવરણલક્ષી કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા યોજાયેલું આ વિશ્વવિક્રમી અભિયાન માત્ર એક રેકૉર્ડ પૂરતું મર્યાદિત નથી, પરંતુ જનભાગીદારી, પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ટકાઉ શહેરી વિકાસનું જીવંત ઉદાહરણ છે.



# અમદાવાદમાં જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રામાં
## ગુંજ્યો ભક્તોનો નાદ, 'જય જગન્નાથ'





અષાઢી બીજ એટલે જગતના નાથ એવા ભગવાન શ્રી જગન્નાથ પ્રભુની નગરચર્યાનો પાવન અવસર. હજારો ભક્તોના 'જય જગન્નાથ'ના નાદ સાથે અમદાવાદમાં દેશની બીજી સૌથી મોટી રથયાત્રા યોજાઈ હતી, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને પ્રસ્થાન કરાવતાં પૂર્વે ભગવાન શ્રી જગન્નાથજી અને તેમના રથનું પૂજન-અર્ચન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સૌ નાગરિકોને રથયાત્રાના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ભગવાન શ્રી જગન્નાથજીની મંગળા આરતીમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સતત પાંચમી વખત ભગવાન શ્રી જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરીને પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રી ભગવાનના મુખ્ય રથને નગરયાત્રા માટે મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પ્રસંગે રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રભુ આજે સામે ચાલીને શ્રમિકો, ગરીબો અને સૌ નાગરિકોને આશીર્વાદ તેમજ દર્શન આપી રહ્યા છે. ભગવાન જગન્નાથજી રાજ્યના સૌ નાગરિકોને ઉત્તરોત્તર સુખ અને સમૃદ્ધિ આપે તેવી પ્રાર્થના પણ પ્રભુ સમક્ષ કરી હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે અષાઢી બીજ નિમિત્તે દેશવિદેશમાં વસતા સર્વે કચ્છી માડુંઓને કચ્છી નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, રથયાત્રાની પૂર્વસંધ્યાએ મુખ્યમંત્રીશ્રી જગન્નાથ મંદિરે મહાઆરતીમાં સહભાગી થયા હતા. અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે મેમનગર ખાતે SGVP ગુરુકુળ દ્વારા યોજાયેલી ૧૯મી ભવ્ય રથયાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે મંદિરમાં ધ્વજારોહણ સંપન્ન થયા બાદ તેઓ ભગવાનશ્રીની મહાઆરતીમાં સહભાગી થયા હતા. રથયાત્રા પૂર્વે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સરસપુર ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી રણછોડરાયજી મંદિર તેમજ વિવિધ ભંડારા અને સેવાકીય સ્થળોની મુલાકાત લઈ ભક્તો માટેની સુવિધા, સુરક્ષા અને સુવ્યવસ્થિત આયોજનની સમીક્ષા કરી હતી.

# ગાંધીનગર-સાબરકાંઠામાં વરસી વિકાસની હેલી












'વિકસિત ગુજરાત'ના માધ્યમથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા ગુજરાત સરકાર અનેકાનેક વિકાસકાર્યોને આકાર આપી રહી છે. આ શૃંખલામાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે માણસા અને પ્રાંતિજ મતક્ષેત્રના વિકાસ માટે રૂ. ૮૧૫ કરોડથી વધુનાં વિવિધ વિકાસકાર્યોનાં વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી વિકાસની ગંગા હવે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પૂરજોશમાં આગળ વધી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, રૂ. ૮૯ કરોડના ખર્ચે નિર્માણ પામેલા અલુવા- સાદરા બ્રિજથી જક્ષિણી માતાજીના મંદિર આસપાસના વિસ્તારમાં પર્યટનને વેગ મળશે અને સ્થાનિકો, વિદ્યાર્થીઓ તથા શ્રદ્ધાળુઓ માટે મુસાફરી સુગમ બનશે. સામુદાયિક સ્વાસ્થ્યકેન્દ્રથી આસપાસના લગભગ ૧ લાખથી વધુ ગરીબ અને સામાન્ય નાગરિકોને ૨૪ કલાક ડાયાલિસીસ, ઑપરેશન થિયેટર, NICU અને અદ્યતન તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થશે. માણસાના રાણિયાપુર ખાતે સામુદાયિક ભવન, અલકાપુરી ખાતે ESR વૉટર-ટૅન્ક અને બાપુપુરા ગામ ખાતે સંસ્કાર ભવન ટ્રસ્ટના સુસજ્જ બિલ્ડિંગનું લોકાર્પણ કરાતાં નાગરિક સુખાકારીમાં ઉમેરો થશે.

માણસા અને ચરાડાનું નામ દેશભરમાં રોશન કરનારા પદ્મશ્રી તથા જ્ઞાનપીઠ

## સાબરમતી નદી પર બે બૅરેજનું નિર્માણ કરાશે

*કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સાબરમતી નદી પર બે મોટા બૅરેજનું નિર્માણ કરાશે તેમ જણાવી ઉમેર્યું હતું કે, આ બૅરેજના નિર્માણથી ચરાડા, માણસા, રિદ્રોલ સહિતના વિસ્તારોમાં સાબરમતી નદીનું પાણી ૮ મહિના સુધી સંગ્રહ કરી શકાશે. પરિણામે આસપાસના વિસ્તારમાં ઝડપથી નીચે જઈ રહેલા ભૂગર્ભ જળસ્તરમાં પથી ૧૦ ફૂટ સુધીનો મોટો સુધારો થશે. ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિ વધશે તેમજ પર્યટન અને વન્યજીવ-સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે.*



એવૉર્ડ-વિજેતા પ્રખ્યાત સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીના યોગદાનને બિરદાવતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, એક સામાન્ય પશુપાલક અને ખેડૂત પરિવારમાંથી આવીને સાહિત્યજગતમાં સિદ્ધિ મેળવ્યા પછી પણ તેમની વિનમ્રતા અકબંધ રહી છે. તેમના નામે નિર્માણ પામેલું સંસ્કાર ભવન આવનારી પેઢીઓ માટે પ્રેરણાસ્રોત બનશે. માણસા પંથકના લોકોને સ્વાસ્થ્ય- સેવાઓ માટે ગાંધીનગર જવું ન પડે તે માટે અદ્યતન સિવિલ હૉસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે, જેની સાથે આસપાસનાં સામુદાયિક સ્વાસ્થ્યકેન્દ્રો સંકલિત થઈને શ્રેષ્ઠ મેડિકલ સારવાર આપશે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત સતત અગ્રેસર રહ્યું છે અને છેલ્લાં ૧૨ વર્ષોમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામવિકાસ, શિક્ષણ, આરોગ્ય અને કનેક્ટિવિટી જેવાં ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. અલુવા અને સાદરાને જોડતા બ્રિજના લોકાર્પણથી અલુવા, સાદરા સહિત આસપાસનાં ગામોના હજારો પરિવારોને સરળ, ઝડપી અને સુરક્ષિત મુસાફરીની સુવિધા મળશે. ખેડૂતોને કૃષિપેદાશો બજારમાં પહોંચાડવામાં સરળતા થશે, વિદ્યાર્થીઓને શિક્ષણ માટે અને દર્દીઓને આરોગ્યસેવાઓ માટે ઝડપી અવરજવરનો લાભ મળશે.

આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ આરોગ્યક્ષેત્રે ક્રાંતિકારી સુધારાઓથી સામાન્યજનને અવગત કરાવ્યા હતા. જ્યારે જળસંપત્તિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, સાબરમતી નદી પર હીરાક અને રખિયાલ ગામે બૅરેજનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું છે જે પૂર્ણ થતાં પાણીની સમસ્યાનો ઉકેલ આવી જશે.

## વાઇબ્રન્ટ ઇન્ડિયા સ્ટેઇનલેસ સ્ટીલ ઑક્ઝિબિશન-2026 સંપન્ન

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હૉલ ખાતે યોજાયેલા 'વાઇબ્રન્ટ ઇન્ડિયા સ્ટેઇનલેસ સ્ટીલ ઍક્ઝિબિશન-૨૦૨૬'ની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લીધી હતી. તેમણે પ્રદર્શનના વિવિધ સ્ટૉલની મુલાકાત લઈને દેશભરમાંથી આવેલા પ્રદર્શકો, ઉત્પાદકો અને ઉદ્યોગ-સાહસિકો પાસેથી તેમનાં ઉત્પાદનો વિશેની જાણકારી મેળવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ B2B ટ્રેડ ઍક્ઝિબિશનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી કિચનવેર, ક્રૉકરી અને હોમ ઍપ્લાયન્સિસ ઉદ્યોગના આશરે ૧૦૦થી પણ વધારે અગ્રણી ઉત્પાદકો જોડાયા હતા.



મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનમાં રજૂ કરાયેલી નવીન પ્રોડક્ટ્સ અને હોમ ઍપ્લાયન્સિસના ક્ષેત્રે થયેલાં આધુનિક સંશોધનોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું તેમજ આ ક્ષેત્રના વૈશ્વિક પ્રવાહોથી પોતે અવગત થયા હતા. આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ ભારતના સ્ટેઇનલેસ સ્ટીલ ઉદ્યોગને મજબૂત, સ્માર્ટ અને આત્મનિર્ભર બનાવી એક વૈશ્વિક ઉત્પાદન-કેન્દ્ર બનાવવાનો છે, જેમાં ઇનોવેશન, ગ્રીન સ્ટીલ ટેક્નોલૉજી, MSMEને સમર્થન, નિકાસમાં વૃદ્ધિ અને રોજગાર-સર્જન જેવાં મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રદર્શનમાં દેશ-વિદેશની ૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનાં ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યાં હોવાથી દેશભરના ટ્રેડ વિઝિટરો દ્વારા મોટા પાયે બલ્ક ઓર્ડર અને બિઝનેસ નેટવર્કિંગની તકો સર્જાઈ હતી. આ પ્રસંગે વિવિધ અગ્રણી સ્ટીલ-મૅન્યુફેક્ચરિંગ કંપનીના પ્રતિનિધિઓ તેમજ રિટેઇલરો ઉપસ્થિત રહ્યા હતા.

# આદિજાતિ વિદ્યાર્થીઓ માટે ૧૩૯ નવીન બસોનું લોકાર્પણ





રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારના અંતરિયાળ, દુર્ગમ અને પહાડી પ્રદેશોમાં વસવાટ કરતા આદિજાતિ પરિવારોનાં બાળકો અને યુવાઓને તેમના વસવાટના સ્થળેથી દૂર આવેલી શાળા-કૉલેજોમાં અભ્યાસ માટે અવરજવરની સુવિધાની સરળતા માટે ભગવાન બિરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન યોજનામાં રૂ.૭૨ કરોડના ખર્ચે ૨૫૦ બસો ફાળવવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જયંતીની ઉજવણીના અવસરે નર્મદાના ડેડિયાપાડાથી ૧૧૧ બસોને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને વેગ આપવાના હેતુસર ભગવાન બિરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન બસસેવામાં કુલ ૩૩.૮૪ કરોડના ખર્ચે નવી ૧૩૯ બસોને ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ફ્લૅગ-ઑફ કરાવ્યું હતું. આ બસનો લાભ અંદાજે ૪૧૦૦થી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓને શાળા-કૉલેજે આવ-જા માટે મળતો થશે.

આ નવી બસોની પરિવહન સુવિધા દ્વારા કન્યા કેળવણી અને ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન મળશે. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડા, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ રાજ્યમંત્રી શ્રી જયરામભાઈ ગામીત અને સહકાર રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણક્ષેત્રે ગુણાત્મક પરિવર્તન : ઝીરો ડ્રૉપઆઉટનું લક્ષ્ય

ગુજરાત સરકારે શિક્ષણક્ષેત્રે ગુણાત્મક પરિવર્તન લાવવાના અનેક નિર્ણાયક પગલાં લીધાં છે. મિશન સ્કૂલ્સ ઑફ ઍક્સેલન્સ, સ્માર્ટ ક્લાસરૂમ, આધુનિક શૈક્ષણિક સુવિધાઓ અને વિદ્યાર્થીલક્ષી વિવિધ યોજનાઓના પરિણામે સરકારી શાળાઓ પ્રત્યેનો વિશ્વાસ સતત મજબૂત બન્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રૉપઆઉટ બાળકોને પુનઃ શાળાએ મોકલવાના રાજ્યવ્યાપી મહાઅભિયાન 'સમરસ વિદ્યાસેતુ'નો અમદાવાદથી પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ડ્રૉપઆઉટ રેટ ઘટીને બે ટકા થયો છે. તેને 'ઝીરો ડ્રૉપઆઉટ' કરવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકારે શાળા છોડી ગયેલાં ૮૦ હજારથી વધુ બાળકોને શોધીને પુનઃ શિક્ષણની મુખ્ય ધારામાં લાવવાનું આયોજન કર્યું છે. શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ 'સમરસ વિદ્યાસેતુ અભિયાન'ને શિક્ષણના અધિકારને સુનિશ્ચિત કરતું જનઆંદોલન ગણાવ્યું હતું.

આ પ્રસંગે શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓને પુનઃ શાળાના મુખ્ય પ્રવાહમાં જોડવામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં.

જ્યારે રાજ્યભરમાં 'બૅક ટુ સ્કૂલ મિશન' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠાની તેનીવાડા શાળાની મુલાકાત લઈ પુનઃપ્રવેશ પામેલાં બાળકો સાથે આત્મીય સંવાદ કર્યો હતો. તેમણે બાળકોનાં શાળા છોડવાનાં કારણો, પુનઃપ્રવેશ બાદના શૈક્ષણિક અનુભવો અને ભવિષ્ય અંગેની આશાઓ વિશે રસપૂર્વક પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને નિયમિત રીતે ખંતપૂર્વક અભ્યાસ કરી ઊંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કર્યાં હતાં.

# ગુજરાતનાં ચાર પુનઃવિકસિત રેલવેસ્ટેશનોનું વર્ચ્યુઅલ લોકાર્પણ



'અમૃત ભારત સ્ટેશન યોજના' (ABSS) ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા દેશભરનાં રેલવે સ્ટેશનોના આધુનિકીકરણ અને કાયાકલ્પ માટે શરૂ કરવામાં આવેલું રાષ્ટ્રીય મિશન છે. ભારતીય રેલવેના આધુનિકીકરણની દિશામાં ABSS અંતર્ગત દેશનાં ૭૫ પુનઃવિકસિત રેલવેસ્ટેશનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યાં. આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ હેઠળ ગુજરાતમાં કુલ રૂ.૧૦૯ કરોડના ખર્ચે ચાર નવાં પુનઃવિકસિત રેલવે સ્ટેશનોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું, જેમાં પ્રતાપનગર, ગોધરા, પોરબંદર અને ભક્તિનગર સ્ટેશનનો સમાવેશ થાય છે.

વડોદરા મંડળના પ્રતાપનગર રેલવે સ્ટેશન ખાતે યોજાયેલા લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રતાપનગરના નવા સ્ટેશનના કાયાકલ્પને દર્શાવતા પ્રદર્શનને નિહાળ્યું હતું. ABSS અંતર્ગત ચારેય નવાં સ્ટેશનો લોકસમર્પિત થતાંની સાથે જ ગુજરાતમાં અમૃત ભારત સ્ટેશનોની કુલ સંખ્યા ૨૨ ઉપર પહોંચી છે. જોકે, હાલમાં અન્ય ૮૭ રેલવે સ્ટેશનોનું પુનઃવિકાસકાર્ય પ્રગતિ હેઠળ છે, જે ભારતની રેલવેને આધુનિક બનાવવાના અભિયાનમાં રાજ્યની અગ્રેસર ભૂમિકાને વધુ સુદૃઢ બનાવે છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સાથે મહિલા અને બાળકલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલ સહિત સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ તથા અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના બિઝનેસ નેટવર્કિંગ પ્લૅટફૉર્મનું લૉન્ચિંગ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રીમિયમ બિઝનેસ નેટવર્કિંગ પ્લૅટફૉર્મ 'વિશ્વ ઉમિયા ઈન્ટરનૅશનલ બિઝનેસ ઑર્ગેનાઇઝેશન ઍન્ડ સોશિયલ નેટવર્ક (VIBOS-વાઈબોસ)'નું લૉન્ચિંગ અમદાવાદમાં કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે બિઝનેસના બેસ્ટ ડેસ્ટિનેશન તરીકે દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાત પૉલિસી-ડ્રીવન સ્ટેટ તરીકે જાણીતું બન્યું છે. ગુજરાતની ઉદ્યોગનીતિ-૨૦૨૬ રાજ્ય ઉપરાંત દેશ-વિદેશના ઉદ્યોગ-સાહસિકોને પસંદ પડી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિરાસત ભી, વિકાસ ભી'ના મંત્રને 'વાઈબોસ' નેટવર્ક સાકાર કરશે, એવી આશા છે. સંસ્કૃતિને સાથે રાખીને ચાલીશું તો જ વિકાસ લાંબા સમય સુધી ટકી રહેશે. મુખ્યમંત્રીશ્રીની વૃક્ષારોપણ માટેની અપીલને પ્રતિસાદ આપતાં 'વાઈબોસ' દ્વારા બે લાખ છોડ વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'વાઈબોસ'ના પ્રથમ ચૅપ્ટર આદિયોગી - અમદાવાદના લૉન્ચિંગ સાથે 'વાઈબોસ'ની કોર ટીમના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રીમિયમ બિઝનેસ પ્લૅટફૉર્મ 'વાઈબોસ'ના લૉન્ચિંગ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના અગ્રણીઓ, 'વાઈબોસ'ની કોર ટીમ સહિત ગુજરાતભરના ૨૦૦થી વધુ ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.



## મુખ્યમંત્રીશ્રીએ કર્યો આણંદના અંબાલીનાં ગ્રામજનો સાથે હૃદયસ્પર્શી વાર્તાલાપ

# જીવંત લોકશાહી એટલે સંવેદનશીલ શાસન

લોકશાહીનું હાર્દ જનહિતને મુખ્ય લક્ષ્ય બનાવીને શાસન કરવાનું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર જનહિતને પ્રાધાન્ય આપી રહી છે. પછી તે વૃક્ષારોપણ હોય કે માર્ગ-બ્રિજ, જળસંચય કે કૅચ ધ રેઈન અભિયાનની વાત હોય. સંવેદનશીલતા એ મુખ્યમંત્રીશ્રીનો વિશેષ ગુણ છે, જેનો લોકોને અવારનવાર પરિચય થાય છે. તેઓ પ્રોટોકોલ તોડીને લોકોને મળીને "તકલીફ તો નથી ને!" એવા પ્રશ્ન સાથે સંવેદનાપૂર્ણ સંવાદ સાધે છે જે જનમાનસના મનને સ્પર્શે છે. આવો જ અવિસ્મરણીય અનુભવ આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાલી ગામનાં બાળકો અને ગ્રામજનોને થયો હતો.

તાજેતરમાં વડોદરાનો પોતાનો કાર્યક્રમ પૂર્ણ કરીને ગાંધીનગર પરત ફરી રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જ્યારે આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાલી ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક હૃદયસ્પર્શી દૃશ્ય સર્જાયું હતું. શાળા છૂટ્યા બાદ યુનિફૉર્મમાં શોભતાં માસૂમ બાળકો અને સ્થાનિક ગ્રામજનો મુખ્યમંત્રીશ્રીની એક ઝલક મેળવવા આતુરતાથી માર્ગની બાજુમાં ઊભાં હતાં. તે સમયે મુખ્યમંત્રીશ્રીની નજર આ બાળકો અને ગ્રામજનો પર પડી, તેમણે ક્ષણનોય વિલંબ કર્યા વિના તેમની ગાડી તાત્કાલિક થોભાવી હતી.

પ્રોટોકોલની તમામ મર્યાદાઓ બાજુ પર મૂકીને મુખ્યમંત્રીશ્રી પોતાની ગાડીમાંથી નીચે ઊતર્યા અને સીધા જ બાળકો તરફ આગળ વધ્યા. ગામડાના ધૂળિયા માર્ગ પર ગુજરાતના શાસકને પોતાની વચ્ચે જોઈને બાળકોના ચહેરા સાનંદાશ્ચર્યથી ખીલી ઊઠ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કોઈ પણ ઔપચારિકતા વિના બાળકો સાથે બાળસહજ ભાષામાં સંવાદ કરીને "કઈ સ્કૂલમાં ભણો છો?", "શું અભ્યાસ કરો છો?" જેવા વહાલભર્યા પ્રશ્નો પૂછીને બાળકોની પીઠ થાબડી હતી અને તેમને ભણીને જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યાં હતાં. આ મુલાકાત માત્ર ઔપચારિકતા નહોતી, પરંતુ એક વડીલના પોતાનાં સંતાનો પ્રત્યેના વાત્સલ્યની અનુભૂતિ કરાવતી સંવેદના હતી.

બાળકો બાદ મુખ્યમંત્રીશ્રીએ ત્યાં ઉપસ્થિત ગ્રામજનો સાથે પણ ખૂબ જ આત્મીયતાપૂર્વક સંવાદ કર્યો હતો. "ગામમાં કોઈ તકલીફ તો નથી ને?" તેવી પૃચ્છા કરીને તેમણે વહીવટીતંત્ર પ્રત્યે પ્રજાના વિશ્વાસને વધુ મજબૂત કર્યો હતો. તેમણે વાલીઓને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગમે તેવી પરિસ્થિતિમાં પણ બાળકોના શિક્ષણ સાથે બાંધછોડ ન કરવી અને તેમને ભણાવવાં જોઈએ. મુખ્યમંત્રીશ્રીની આ સંવેદનશીલતા અને સામાન્ય માનવી પ્રત્યેની ચિંતા ગ્રામજનોનાં હૃદયોને સ્પર્શી ગઈ હતી.

આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીની નજર નજીકના ઘરમાં કાર્યરત ગોબર ગૅસપ્લાન્ટ પર પડી હતી. તેમણે તુરંત જ પ્લાન્ટના માલિક શ્રી વિઠ્ઠલભાઈ પરમાર પાસે જઈને તેમની સાથે ગોબર ગૅસપ્લાન્ટના વપરાશ, તેનાથી થતા ફાયદા અને પ્લાન્ટ કેટલા સમયથી કાર્યરત છે તે અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરીને માહિતી મેળવી હતી.

સત્તાના સર્વોચ્ચ શિખરે બેઠેલી વ્યક્તિ એક સામાન્ય ખેડૂત સાથે આટલી સહજતાથી વાત કરે, તે દૃશ્ય ગ્રામજનો માટે ખરેખર અનન્ય હતું.

## ભવિષ્યની પેઢી અને જમીનના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'બૅક ટુ બેઝિક'ના વિચારને ખેડૂતો સુધી વ્યાપકપણે પહોંચાડવાનો નવતર અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાકૃતિક કૃષિ-ફાર્મની પ્રત્યક્ષ મુલાકાતથી અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામના પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ યુવા ખેડૂત શ્રી અલ્પેશભાઈ પટેલના મૉડલ ફાર્મની મુલાકાત લીધી હતી. તેમણે ગૌશાળામાં ગાયોના નિભાવ અને ગાય-આધારિત પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવવામાં ઊંડો રસ દાખવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈને મહુન્દ્રાનાં ગ્રામજનો સાથે ખાટલે બેસીને અદના ગ્રામજન જેમ પ્રેરણાદાયી સહજ સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આપણી ભવિષ્યની પેઢીને બચાવવા માટે પ્રાકૃતિક ખેતી જ સાચો વિકલ્પ છે. રાસાયણિક ખાતરોના અતિશય ઉપયોગથી થતા ગંભીર રોગો સામે માનવ-આરોગ્યને બચાવવાનો અને માનવજાત તથા જમીનનું સ્વાસ્થ્ય સુધારવાનો આ સેવાયજ્ઞ છે. જમીનમાં કાર્બનનું પ્રમાણ ચિંતાજનક રીતે ઘટી ગયું છે. જમીન અને માનવ-શરીર બંનેનું સ્વાસ્થ્ય સુધરે તે માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર મજબૂત વિકલ્પ છે. તેમણે દરેક નાગરિકને કુદરતી સંસાધનોના સંરક્ષણની જવાબદારી ઉપાડવા અનુરોધ કર્યો હતો. આ સંવાદ-કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ શિવપુરા-કંપા ખાતે પ્રગતિશીલ ખેડૂત શ્રી શાંતિલાલભાઈ પટેલના મૉડલ ફાર્મની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કૃષિવિભાગના અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ તથા ગ્રામજનો અને ખેડૂતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંત-શિરોમણિ શ્રી ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જયંતી-વર્ષની ઉજવણી



ગાંધીનગરમાં સંત શિરોમણિ ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી-વર્ષ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સનાતન પરંપરાની સૌથી મોટી વિશેષતા તેની સર્વસમાવેશકતા છે. સનાતન કોઈ એક વિચાર કે સંપ્રદાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર માનવજાતને સાથે લઈને ચાલવાનો માર્ગ દર્શાવે છે. સમાજમાં સમરસતા અને સંવાદિતા સ્થાપવા માટે માણસે સંતોના વિચારો આત્મસાત્ કરવા જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિકાસની સાથે પોતાની વિરાસત, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક ગૌરવને પણ વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી છે.

સંત-શિરોમણિ શ્રી ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી-વર્ષને સમર્પિત આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રાષ્ટ્રીય સ્મરણિકા-'ગુજરાત'નું વિમોચન કરાયું હતું. સંત-શિરોમણિ શ્રી ગુરુ રવિદાસજી મહારાજે સમગ્ર માનવજાતને સમરસતા, સમભાવ અને માનવતાનો જે અમૂલ્ય સંદેશ આપ્યો છે, તેને જીવનમાં ઉતારવો એ જ તેમની સાચી આરાધના છે.



***મહાપૂજા :*** *ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના ૬૪મા જન્મદિવસના અવસરે શ્રી સોમનાથ મહાદેવનાં ચરણોમાં વંદન કર્યાં હતાં. તેમણે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત વિશેષ મહાપૂજા માટે નોંધણી કરાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ 'X' પર જણાવ્યું કે, "જન્મદિવસ પર પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનાં વર્ચ્યુઅલ માધ્યમથી દર્શન કરીને મહાપૂજામાં ભાગ લેવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે." શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં 'વિશેષ મહાપૂજા' દ્વારા શ્રદ્ધાળુઓને શ્રી સોમનાથ મહાદેવના પવિત્ર સાંનિધ્યમાં સમય પસાર કરવાની તક પૂરી પાડવામાં આવે છે. અતૂટ આસ્થાની આ ભક્તિયાત્રામાં ભક્તો સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક અનુષ્ઠાન કરે છે.*

# જન્મદિવસે પણ કર્તવ્યરત મુખ્યમંત્રીશ્રી

જેને ક્ષણોને સાચવતાં આવડી જાય છે તેને ભવિષ્યની ચિંતા રહેતી નથી. વર્તમાનની ક્ષણોમાં કરેલું રોકાણ ઉજ્જ્વળ ભવિષ્ય બનીને વ્યક્તિ સમક્ષ આવીને ઊભું રહે છે. આ ક્ષણોનું વાર્ષિક સરવૈયું એટલે જન્મદિવસ. આ દિવસે જીવનની ગુણવત્તાને ચકાસવાની તક પ્રાપ્ત થતી હોય છે. પ્રતિવર્ષ આવતી આ વાર્ષિક સરવૈયાની ક્ષણોને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્મમય બનીને નિષ્ઠાપૂર્વક લોકસેવામાં અર્પણ કરી.

મુખ્યમંત્રીશ્રીએ પોતાના જન્મદિવસે દિવસભર શહેરી વિકાસ વિભાગ, માહિતી પ્રસારણ વિભાગ સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સર્વગ્રાહી કામગીરીની સમીક્ષા-બેઠક યોજી હતી. બેઠકમાં તેમણે જનસુવિધા સુખાકારી માટેનાં કામોનું માર્ગદર્શન આપ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સહિત જુદાં જુદાં રાજયોના રાજયપાલશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને પદાધિકારીઓ તથા સમાજજીવનના અગ્રણીઓ વગેરેએ મુખ્યમંત્રીશ્રીને તેમના જન્મદિવસ પ્રસંગે ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ પોતાના જન્મદિવસે કામકાજની શરૂઆત રાજ્ય મંત્રીમંડળની બેઠકથી કરી હતી અને ત્યાર બાદ વિવિધ વિભાગો સાથેની બેઠકોમાં તેઓ વ્યસ્ત રહ્યા હતા.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના જન્મદિને ગિફ્ટસિટીની મુલાકાત લઈને વિવિધ નિર્માણાધીન પ્રોજેક્ટ્સની સમીક્ષા-બેઠક કરી હતી. વૈશ્વિક અર્થતંત્રમાં ગુજરાતના નેતૃત્વને વધુ મજબૂત બનાવવાની સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં પણ ગિફ્ટસિટી મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટસિટીના સ્ટ્રેટેજિક રોડમૅપ-૨૦૩૦ અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું. તેમાં ગિફ્ટસિટીની વિકાસયાત્રા, વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ અને ભાવિ વિકાસના વિઝનની રૂપરેખા હતી.

# સુરત નવી ટેક્નોલૉજીને અપનાવવામાં અગ્રેસર






ટૅક્સ્ટાઇલ નગરી તરીકે વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવતા સુરતમાં કાપડ ઉદ્યોગને વેગ આપવા સણિયા હેમાદ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 'સિક્યૉર ઍરજેટ વીવર્સ ઍસોસિયેશન' દ્વારા 'વીવર્સ પરામર્શ સંમેલન' યોજાયું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગકારોએ વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે પર્યાવરણને અનુકૂળ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત 'વૅલ્યુ એડિશન' સાથેનાં ઉત્પાદનો પર વિશેષ ભાર મૂકવો જોઈએ. સુરત હંમેશાં નવી ટેક્નોલૉજીને અપનાવવામાં અગ્રેસર રહ્યું છે, જેનું ઉત્તમ ઉદાહરણ હાલમાં કાર્યરત અંદાજિત ૩૦ હજાર જેટલાં અત્યાધુનિક 'ઍર જેટ લૂમ્સ' મશીનો છે. ઉદ્યોગકારોના હકારાત્મક અભિગમ અને સાનુકૂળ વાતાવરણને કારણે આગામી વર્ષમાં જ સુરતમાં વધુ ૧૦થી ૧૫ હજાર નવાં ઍર જેટ મશીનો કાર્યરત થશે, આગામી પાંચ વર્ષમાં સુરત દુનિયાનું સૌથી મોટું ઍર જેટ લૂમ્સ હબ બનશે, જે રોજગારી અને ઉત્પાદન ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપશે. સુરતના કાપડને વૈશ્વિક સ્તરે મોટું બજાર મળી રહે તે માટે આગામી સમયમાં 'ઍક્સપૉર્ટ ફૅસિલિટેશન' અને 'ક્લસ્ટર ડેવલપમેન્ટ' પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પરામર્શ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ સુરતમાં વધતા જતા 'ઍર જેટ લૂમ્સ ઇન્ડસ્ટ્રીઝ'ના વ્યાપ, નવી ટૅક્નોલૉજીના સ્વીકાર અને કાપડ ઉદ્યોગમાં વૅલ્યુ એડિશન વધારીને વૈશ્વિક સ્તરે સુરતની પકડ મજબૂત કરવાનો રહ્યો હતો. આ સંમેલનમાં ટૅક્સ્ટાઇલ ઉદ્યોગના અગ્રણીઓ, વીવર્સ ઍસોસિયેશનના પ્રતિનિધિઓ, વેપારી મિત્રો તેમજ ઉદ્યોગકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# GSRTCના ૧૧૫ કોરોના વૉરિયરોના પરિવારોને આર્થિક સહાય



કોરોના મહામારી દરમિયાન નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કોવિડ સંક્રમણના કારણે જીવ ગુમાવનારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમ (GSRTC)ના કર્મચારીઓના પરિવારોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સહાય ચૂકવવાનો નિર્ણય કરાયો હતો, જે અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ૧૧૫ કર્મચારીઓના પરિવારોને રૂ. ૨૫ લાખની આર્થિક સહાયના ચૅક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ સંવેદનશીલ નિર્ણય હેઠળ કુલ રૂ. ૨૮.૭૫ કરોડની સીધી આર્થિક સહાય આપવામાં આવી. આ અંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "કોવિડ-૧૯ મહામારી દરમિયાન GSRTCએ ગુજરાતમાં રહેતા લોકોને તેમના વતન સુધી સુરક્ષિત પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કૉર્પોરેશને ત્રણ રાજ્યોમાં ૨૨,૯૫૩ ટ્રિપ્સનું સંચાલન કરીને કુલ ૬,૯૯,૩૫૭ મુસાફરોને તેમના વતન સુધી પહોંચાડ્યા હતા."

આ રાહત કામગીરી દરમિયાન અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ બજાવતી વખતે કોવિડ-૧૯થી સંક્રમિત થયા હતા અને કુલ ૧૧૫ કર્મચારીઓએ જીવ ગુમાવ્યા હતા. મૃત્યુ પામનારાઓમાં ૩૯ ડ્રાઈવર, ૩૧ કંડક્ટર, ૨૯ વહીવટી કર્મચારીઓ અને ૧૬ મિકેનિકનો સમાવેશ થાય છે. તેમના પરિવારોને આ સહાય ચૂકવવામાં આવી છે.

# ચિલોત્રો અને ઘોરાડના કલરવથી ફરી ગુંજતું થયું ગુજરાત

**વિજયસિંહ પરમાર**

"मिलों रे मिलों कोई म्हारा देशरा,
दौ - दौ बातां करांगा जी..."

રાજસ્થાનના માલવા પ્રદેશમાં લોકપ્રિય ગોરખનાથનું આ ભજન ગુજરાતમાં જોવા મળતાં પંખીઓ-ઘોરાડ અને ચિલોત્રો બંનેના અસ્તિત્વ માટેનું ગીત કહી શકાય. ધારો કે, આપણે જ્યાં રહીએ છીએ ત્યાં આપણા જેવા માત્ર આપણે જ એકલા રહી ગયા હોઈએ તો આપણે કોની સાથે વાતો કરીએ? શું ગાઈએ? જોકે, ગુજરાત સરકારે આ બંને પંખીઓના અસ્તિત્વને રાજ્યમાં ટકાવી રાખવા અહર્નિશ પ્રયાસો હાથ ધર્યા છે. તે માટે પક્ષીઓના સંરક્ષણ માટે કૃત્રિમ કેન્દ્રમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઘોરાડનાં બચ્ચાંના ઉછેર તેમજ ચિલોત્રા પક્ષીને અરવલ્લીનાં જંગલોમાંથી લાવીને ગીરમાં પુન: સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા અને તેમાં ક્રમશ: સફળતા મળી છે.



આ આનંદદાયી સમાચારની પક્ષીપ્રેમીઓ ઉજવણી કરે એની પહેલાં જ ગુજરાત વન્યજીવ સંરક્ષણ-ક્ષેત્રે બીજા મોટા સમાચાર આવ્યા છે. ગુજરાતમાં ગીરના જંગલમાંથી છ દાયકા પહેલાં વિલુપ્ત થઈ ગયેલાં ચિલોત્રો (ઇન્ડિયન ગ્રે હૉર્નબિલ) પક્ષીએ ફરી ગીરમાં નિવાસ કરવાનું નક્કી કર્યું છે. ચિલોત્રા પક્ષીઓને વર્ષ ૨૦૨૧માં અરવલ્લીનાં જંગલોમાંથી લાવીને ગીરમાં છોડવામાં આવ્યાં હતાં. રાજ્ય સરકારના આ 'ઇન્ડિયન ગ્રે હૉર્નબિલ રિ-ઇન્ટ્રોડક્શન' પ્રોજેક્ટને સફળતા મળી છે. આ પક્ષી હવે અહીં માળા બનાવીને પ્રજનન કરે છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતમાં વન્યજીવ સંરક્ષણનો એક નવો અધ્યાય શરૂ થયો છે. લુપ્ત થયેલાં ચિત્તા, ઘોરાડ જેવાં પશુ-પંખીઓને ફરી જંગલોમાં નિવાસ માટે સંરક્ષણ મળી રહે તે માટેના વૈજ્ઞાનિક ઢબે પ્રયાસો કરવામાં આવે છે.

ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વનવિભાગ દ્વારા વન્યજીવ સંરક્ષણ-ક્ષેત્રે મહત્ત્વનાં કાર્યો કરવામાં આવ્યાં છે. વિલુપ્ત થવાના આરે આવેલું ઘોરાડ પક્ષી તેમજ ઇન્ડિયન ગ્રે હૉર્નબિલનાં રિ-ઇન્ટ્રોડક્શન પ્રોજેક્ટને મળેલી સફળતા ગુજરાતની સફળતાનાં ઉત્તમ ઉદાહરણો છે. ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં ગીરનાં જગંલમાંથી અદૃશ્ય થઈ ગયેલાં ચિલોત્રા પક્ષીઓને ફરી વખત ત્યાં પાછાં લાવવાના પ્રોજેક્ટને સફળતા મળવી એ એક સીમાચિહ્નરૂપ ઘટના છે.''

વન અને પર્યાવરણના રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ કહ્યું કે, "ગુજરાતના વન્યજીવ સંરક્ષણના મૉડેલે વિશ્વને બતાવ્યું છે કે, તેની પ્રાકૃતિક વિરાસતનું સંરક્ષણ કેવી રીતે કરવું. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વન્યજીવ સંરક્ષણના વિશેષ પ્રયત્નોને મળેલી સિદ્ધિ પર સમગ્ર દેશ ગર્વ અનુભવે છે."

આંતરરાષ્ટ્રીય પીઅર-રિવ્યૂડ જર્નલ 'બર્ડ્સ'માં 'Reintroduction of Indian Grey Hornbills in Gir, India: Insights into Ranging, Habitat Use, Nesting and Behavioural Patterns' શીર્ષક હેઠળ એક સંશોધનપત્ર તાજેતરમાં પ્રકાશિત થયું છે. આ સંશોધનપત્રમાં ગુજરાત વનવિભાગ અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓ દ્વારા ગીરમાં ચિલોત્રા પક્ષીને પાછાં લાવવાના પ્રયાસનું પ્રથમ વખત વ્યાપક મૂલ્યાંકન રજૂ કરવામાં આવ્યું છે.



## ચિલોત્રાનું ઇકોલૉજીમાં મહત્ત્વનું યોગદાન

ચિલોત્રા પક્ષીને ગીરનાં જંગલમાં મુક્ત કર્યા પછીના પ્રથમ વર્ષ દરમિયાન એક જોડીએ સફળતાપૂર્વક પ્રજનન કર્યું હતું, જ્યારે બીજા વર્ષમાં વધારાની ત્રણ સંવર્ધન જોડીઓએ માળો બનાવ્યો હતો. આ દર્શાવે છે કે, ચિલોત્રાએ ગીરને ફરીથી પોતાનું ઘર બનાવ્યું છે. આ પક્ષી લાંબા અંતર સુધી વૃક્ષોનાં બીજનો ફેલાવો કરે છે. તેનું આ વર્તન ઇકોલૉજીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ પક્ષી ફળ આપતાં વૃક્ષોનાં બીજનું વહન કરીને જંગલોના કુદરતી પુનર્જીવનમાં મદદ કરે છે.

## ગીરના જંગલમાં ૪૦ ઇન્ડિયન ગ્રે હૉર્નબિલ છોડાયાં હતાં

જૂનાગઢ વન-વર્તુળના વન-સંરક્ષક શ્રી મોહનરામે જણાવ્યું હતું કે, "આ પ્રોજેક્ટ હેઠળ બે તબક્કામાં ૪૦ ઇન્ડિયન ગ્રે હૉર્નબિલને ગીરનાં જંગલમાં મુક્ત કરવામાં આવ્યાં હતાં. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ દરમિયાન ૨૮ પક્ષીઓ મુક્ત કરવામાં આવ્યાં હતાં, ત્યાર બાદ વર્ષ ૨૦૨૩માં અન્ય ૧૨ પક્ષીઓ મુક્ત કરાયાં હતાં. મુક્ત કરવામાં આવેલાં પક્ષીઓમાંથી ૧૧ નર પક્ષીઓમાં સેટેલાઇટ ટ્રાન્સમીટર ફિટ કરવામાં આવ્યાં હતાં, જેનાથી વૈજ્ઞાનિકો ઘણાં વર્ષો સુધી તેમની હિલચાલ, વસવાટની પસંદગી અને પ્રજનન વર્તણૂકને જાણી શક્યા. ગુજરાતના અરવલ્લીનાં જંગલોમાં વસતાં ઇન્ડિયન ગ્રે હૉર્નબિલને લાવીને ગીરમાં પુનઃ વસાવવામાં આવ્યાં હતાં. ગીરનાં જંગલોના અભ્યાસ પરથી તજ્જ્ઞોને લાગ્યું કે, હવે ગીરમાં ચિલોત્રા પક્ષીને અનુકૂળ પરિસ્થિતિ છે.''

અગ્રમુખ્ય વન-સંરક્ષક (વન્યજીવ) અને ચીફ વાઇલ્ડલાઇફ વૉર્ડન ડૉ. જયપાલસિંહે જણાવ્યું કે,"ગ્રે હૉર્નબિલ દાયકાઓ પહેલાં ગીરમાંથી અદૃશ્ય થઈ ગયાં હતાં, પરંતુ ૧૯૬૫માં ગીર વન્યજીવ અભયારણ્ય અને ૧૯૭૫માં ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની જાહેરાત પછી વસવાટના રક્ષણમાં થયેલા સુધારાએ આ પ્રજાતિને પાછી લાવવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરી હતી."

## ચિલોત્રા પક્ષી હવે ગીરમાં સ્થાયી

સેટેલાઇટ ટ્રૅકિંગ દર્શાવે છે કે નવાં મુક્ત કરાયેલાં ઇન્ડિયન ગ્રે હૉર્નબિલે શરૂઆતમાં અજાણ્યા વાતાવરણની શોધખોળ કરતી વખતે વ્યાપક પ્રવાસ કર્યો હતો અને ત્યાર બાદ તેઓ પ્રમાણમાં નાના વિસ્તારોમાં સ્થાયી થયાં હતાં. મુક્ત થયા પછીના પ્રથમ થોડા મહિના દરમિયાન ચિલોત્રાએ સરેરાશ લગભગ ૬૧ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં અવરજવર રાખી હતી. પછીથી આ વિસ્તારથી પરિચિત થઈ ગયાં ત્યારે અવરજવર ઘટીને લગભગ ૫.૭ ચોરસ કિલોમીટર થઈ ગઈ. તે જ રીતે, તેમની સરેરાશ દૈનિક હિલચાલ શોધખોળના તબક્કા દરમિયાન ૪.૩ કિલોમીટર હતી જે સ્થાયી થયા પછી ઘટીને ૧.૪ કિલોમીટર થઈ ગઈ હતી, જે ગીરની ઇકોસિસ્ટિમ સાથે સફળ અનુકૂલન સૂચવે છે.

## ઘોરાડ સંરક્ષણ

માનવજાત અને પ્રકૃતિ વચ્ચેના સંતુલનને જાળવી રાખવા માટે પશુ-પંખીઓની લુપ્તપ્રાય પ્રજાતિઓનું રક્ષણ અનિવાર્ય છે. ભારતની જૈવ-વિવિધતા (Biodiversity)ના સંવર્ધનની સફરમાં ગુજરાતે પર્યાવરણના સંરક્ષણક્ષેત્રે પંખીજગતની સુરક્ષા બાબતે સિદ્ધિનો નવો ચીલો પાડ્યો છે. વન્યજીવોના જતન અને ભાવિ પેઢી માટે કુદરતી વારસાને સુરક્ષિત રાખવા માટેની ગુજરાત સરકારની કટિબદ્ધતાને આ સફળતા વધુ મજબૂત કરે છે. ગુજરાત વનવિભાગને ઘોરાડ (ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ) પક્ષીના સંરક્ષણ બાબતે થોડા દિવસો પહેલાં જ એક મોટી સિદ્ધિ મળી છે, જેમાં 'જમ્પ-સ્ટાર્ટ' ટૅક્નિક દ્વારા જન્મેલું ઘોરાડ પક્ષીનું બીજું બચ્ચું જન્મ પછીના કટોકટી જેવા ગણાતા ૪૦ દિવસ સુધી જીવી ગયું છે. કુદરતી રહેઠાણમાં ઈંડાંની સુરક્ષા અને કૃત્રિમ કેન્દ્રમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઘોરાડ બચ્ચાના ઉછેર (Foster-mothering)ની આ અત્યંત જટિલ પ્રક્રિયા છે. નલિયા ખાતે વનવિભાગ અને તજ્જ્ઞોની ટીમ દ્વારા વૈજ્ઞાનિક માર્ગદર્શન હેઠળ આ બચ્ચાની ૨૪ કલાક દેખરેખ અને સંભાળ રાખવામાં આવી રહી છે. ગુજરાત માટે આ એક મહત્ત્વની સિદ્ધિ ગણાય છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રીશ્રી ભૂપેન્દ્ર યાદવે પણ આ સંદર્ભે X પર વીડિયો અને તસવીરો સાથેની વિગતો રજૂ કરીને ખુશીના સમાચાર આપ્યા હતા.



# ગુજરાતમાં વનરાજીનો વૈભવ

**રોનક ગજ્જર**

ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ જેવી વૈશ્વિક સમસ્યાઓ વિશ્વને ગંભીર અસરો દેખાડી રહી છે. ભારત વિશ્વના નકશામાં ક્લાઈમેટ ચેન્જ અને ક્લાઈમેટ ક્રાઈસિસના યુગમાં નેટ ઝીરો, રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન, ગ્રીન ઈનિશિયેટિવ વડે ઓછી કાર્બન ફૂટપ્રિન્ટ છોડી અને વિવિધ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ પર હરણફાળ ભરી રહ્યું છે.

દેશનું ગ્રોથ ઍન્જિન બનેલું ગરવું ગુજરાત વૈશ્વિક સમસ્યાઓને હરાવવા માટે આગોતરું આયોજન કરે છે. જન-જનની સુખાકારી માટે વર્ષ ૨૦૦૯માં રાજ્યમાં કલાઈમેટ ચેન્જ અલાયદો વિભાગ શરૂ કરવામાં આવ્યો હતો. ક્લાયમેન્ટ ચેન્જ શબ્દ પણ કોઈક જ જાણતા હશે, ત્યારે શ્રી કનૈયાલાલ મુનશીએ અંદાજે ૭૫ વર્ષ પહેલાં ગુજરાતમાં પ્રથમ વાર વન-મહોત્સવની ઉજવણીની અનોખી શરૂઆત કરી હતી. આપણી આસપાસના પર્યાવરણને ઉત્સવની જેમ ઊજવવાની પ્રથા, એટલે ‘વનમહોત્સવ-વનો : વૃક્ષોનું પર્વ’. આજે પણ ગુજરાતમાં ઊજવાય છે.

ભારતની વિવિધ સંસ્કૃતિઓને ઉજાગર કરતાં વૃક્ષો ‘સાંસ્કૃતિક વનો’ તરીકે ઓળખ પામ્યાં છે. સંસ્કૃતિને પર્યાવરણ સાથે જોડીને સર્જાયેલો આ અદ્દભુત સમન્વય વન-મહોત્સવથી જનજન સુધી ગ્રીન ગુજરાતની સંકલ્પના પહોંચાડવાના ઉદ્દેશથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસશીલ નેતૃત્વમાં વર્ષ ૨૦૦૪માં સાંસ્કૃતિક વનનિર્માણની શરૂઆત થઈ હતી. વન-મહોત્સવ હેઠળ રાજ્યમાં પ્રથમ વાર ગાંધીનગરમાં ‘પુનિત વન’ નિર્માણ પામ્યું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પરંપરાને ગુજરાતમાં જાળવી રાખી છે. ફળશ્રુતિ એ છે કે, આજે ગુજરાતમાં વિવિધ ૨૪ સાંસ્કૃતિક વનો નિર્માણ પામ્યાં છે.

### ગુજરાતમાં વન'રાજી'

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા ફોરેસ્ટ સર્વે ઑફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, ગુજરાતમાં નોટિફાઈડ ફોરેસ્ટ વિસ્તાર બહાર વૃક્ષ-આવરણમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે ગ્રોથ ઍન્જિન ગણાતું



ગુજરાત, વૃક્ષારોપણમાં કેમ પાછળ રહે? વર્ષ ૨૦૨૪-૨૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશભરમાં શરૂ થયેલા 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત દેશમાં દ્વિતીય સ્થાને ગુજરાતમાં રેકૉર્ડબ્રેક ૧૭.૪૮ કરોડ વૃક્ષોનું વાવેતર કરાયું છે. જોકે, વર્ષ ૨૦૨૬ દરમિયાન 'એક પેડ માં કે નામ' ૩.O અંતર્ગત વૃક્ષ-વાવેતરની કામગીરી પ્રગતિમાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ગ્રીન અરવલ્લી પ્રોજેક્ટ'નો પણ શુભારંભ કરવામાં આવ્યો, જેથી ભવિષ્યમાં રાજ્યના ટ્રી-કવરમાં વધારો થાય.

અગ્ર મુખ્ય વન-સંરક્ષક અને ગુજરાત રાજ્યના હેડ ઑફ ધ ફોરેસ્ટ ફોર્સ શ્રી જયપાલ સિંઘના જણાવ્યા અનુસાર રાજ્યમાં હાલ વનકવચ અને મહા-વનકવચ નિર્માણ પામી રહ્યાં છે. મિયાવાકી પદ્ધતિથી નિર્માણ પામતાં આ વનકવચ શહેરો, ગામડાંઓ સહિત વિવિધ વિસ્તારો માટે માઇક્રો ફોરેસ્ટ અને ફેફસાં સાબિત થશે.

પશ્ચિમ કચ્છના નાયબ વન-સંરક્ષક શ્રી હર્ષ ઠક્કરે કહ્યું કે, કચ્છ જિલ્લો ૭૦૮.૪૨ ચો.કિમી મેન્ગ્રૂવ કવર સાથે અગ્રેસર છે. MISHTI કાર્યક્રમ હેઠળ ચાલુ વર્ષે કચ્છમાં સરક્રીક, કોરીક્રીક અને પડાલા બેટ સહિતના વિસ્તારમાં મેન્ગ્રૂવનું વાવેતર કરી ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. જ્યારે મરીન નૅશનલ પાર્ક અને અભયારણ્ય સહિત કચ્છનો અખાત, જામનગર, રાજકોટ (મોરબી), પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જેવા વિસ્તારોને આવરી લઈને ૨૩૬ ચોરસ કિલોમીટરનું મેન્ગ્રૂવ-કવર ધરાવે છે. કચ્છના ગુનેરી ગામમાં આવેલા મેન્ગ્રૂવ વિસ્તારને ગુજરાતની પ્રથમ 'બાયો-ડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરાયો છે.

### ઈકો ટૂરિઝમ

રાજ્યમાં આવેલાં ૨૪ અભયારણ્ય અને ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો તથા વિશ્વસ્તરે મહત્ત્વપૂર્ણ પાંચ રામસર સાઇટના વિસ્તારની જાળવણી તથા ઈકો ટૂરિઝમનો વિકાસ થઈ રહ્યો છે. અગ્ર મુખ્ય વનસંરક્ષક શ્રી આર.કે સુગુરે જણાવ્યું કે, ઈકો ટૂરિઝમ થકી સ્થાનિકોને રોજગારી મળે તે અમારી હંમેશ માટે અગ્રતા રહી છે. સુરત વનવર્તુળના વન-સંરક્ષક શ્રી પુનિત નૈયરે જણાવ્યું કે, વિવિધ યોજનાઓ થકી આદિજાતિ વિસ્તારોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ટ્રાઇબલ કૉ-ઑપરેટિવ મૉડલ દ્વારા ટ્રાઇબલ રૂરલ મૉલનું નિર્માણ કરી સ્થાનિક લોકોને રોજગારી તથા સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળે તે હેતુથી વિવિધ વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. સેન્ટર ઑફ એક્સલન્સ દ્વારા વિવિધ આયામો થકી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડવામાં આવે છે તેમજ 'લોકલ ફોર વોકલ' અભિગમ પણ ચરિતાર્થ કરવામાં આવે છે. છ સ્થળોએ વનશ્રી કેન્ટીનનું સંચાલન કરીને સખીમંડળની બહેનો પરિવારનું ગુજરાન ચલાવી રહી છે. આ ઉપરાંત એગ્રો સેક્ટરમાં સ્થાનિકોને વિવિધ યોજના હેઠળ અનેક લાભો મળી રહ્યા છે.

ગુજરાત રાજ્ય વનવિભાગ દ્વારા ફોરેસ્ટ કંટ્રોલ-રૂમની સ્થાપના કરાઈ છે. ૧૯૨૬ હેલ્પલાઈનના માધ્યમથી ગુજરાત વનવિભાગને સંબંધિત માહિતી, જેવી કે, વન્યજીવન દ્વારા થતા હુમલા, નર્સરી, એગ્રો ફોરેસ્ટ્રી, કુદરતી આફતોમાં સહાય, રોપા-વિતરણ, ઈકો-ટૂરિઝમ તથા વનવિભાગને સંબંધિત તમામ માહિતી નાગરિકોને સરળતાથી મળી રહેશે.



*રાજ્ય સરકારે નાગરિકોને ગુણવત્તાયુક્ત જીવન આપવા 'મિનિમમ ગવર્નમેન્ટ, મૅક્સિમમ ગવર્નન્સ'ના મંત્ર સાથે લોકોની સુખાકારીને પ્રાથમિકતા આપી છે. આ સુશાસન માટે ગુજરાત સરકાર વિવિધ નિર્ણયોના માધ્યમથી રાજ્યનાં બાળકો, યુવાનો અને વૃદ્ધો તેમજ વંચિતોને લાભ પહોંચાડે છે. આ અંકમાં સરકારે દુકાન-સંચાલકો, ખેડૂતો, શહેરીજનો અને યુવાનો માટે તાજેતરમાં લીધેલા નિર્ણયો વિશે જાણકારી આપવામાં આવી છે.*

## વાજબી ભાવની દુકાનના સંચાલકોના કમિશનમાં વૃદ્ધિ

**નિર્ણય :** ગુજરાત સરકારે રાષ્ટ્રીય અન્ન-સુરક્ષા કાયદો-૨૦૧૩ હેઠળ તમામ અંત્યોદય અન્ન-યોજના (AAY) અને પ્રાયોરિટી હાઉસહોલ્ડ (PHH) કુટુંબોને વિતરણ કરવામાં આવતા ઘઉં તથા ચોખાના જથ્થા પર વાજબી ભાવના દુકાન-સંચાલકોને ચૂકવવામાં આવતા કમિશનમાં વધારો કર્યો છે. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ દ્વારા કરાયેલા ઠરાવ અનુસાર, વાજબી ભાવના દુકાન-સંચાલકોને પ્રતિ ક્વિન્ટલ રૂ.૧૫૦નું જે કમિશન ચૂકવવામાં આવતું હતું તેમાં રૂ.૩૫નો વધારો કરવામાં આવ્યો છે. આમ, હવે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮૫ કમિશન ચૂકવવામાં આવશે.



આ નિર્ણય અનુસાર, વાજબી ભાવની દુકાનના સંચાલકોને ૧ એપ્રિલ, ૨૦૨૬થી આ કમિશનની ચુકવણી કરવામાં આવશે. અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના ઠરાવ મુજબ, વાજબી ભાવની દુકાનના સંચાલકોને મળતા કમિશનમાં વધારા માટે રાજ્ય સરકારે રૂ. ૬૭.૨૫ કરોડની જોગવાઈ કરી છે.

**લાભ :** મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડાના માર્ગદર્શન હેઠળ લેવામાં આવેલા આ નિર્ણયથી રાજ્યના ૧૭,૦૦૦થી વધુ રૅશનિંગની દુકાનના સંચાલકોને સીધો લાભ મળશે. જાહેર વિતરણ પ્રણાલીનું સંચાલન વધુ સુદૃઢ બનશે અને રાષ્ટ્રીય અન્ન-સુરક્ષા અધિનિયમ હેઠળ પાત્રતા ધરાવતા કરોડો પરિવારો સુધી અનાજનું વિતરણ વધુ સરળતાથી થશે.

## પરિવહન પોર્ટલ પર આધારકાર્ડ લિંક કરવું હવે ફરજિયાત

**નિર્ણય :** દેશભરમાં વાહન-માલિકીની તબદીલી અને નો-ઑબ્જેક્શન સર્ટિફિકેટ-NOC મેળવવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, સુરક્ષિત અને સરળ બનાવવાના હેતુથી ભારત સરકાર દ્વારા પરિવહન પોર્ટલ પર એક મહત્ત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા અંતર્ગત હવે વાહનની માલિકીમાં ફેરફાર અને અન્ય રાજ્યોમાં વાહન તબદીલ કરવાના કિસ્સામાં પરિવહન પોર્ટલ પર આધારકાર્ડ લિંક કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાત સહિત દેશભરમાં આ નિર્ણયનો અમલ તા. ૧૫ જુલાઈ ૨૦૨૬થી કરી દેવામાં આવ્યો છે.

**લાભ :** આ નવી ઓનલાઈન આધાર વૅરિફિકેશન પ્રક્રિયાથી વાહનોની તબદીલીમાં ઝડપ અને સરળતા આવશે. આ સાથે જ વાહન-માલિકોની સુરક્ષા સુનિશ્ચિત થશે અને ભવિષ્યમાં થતી છેતરપિંડી કે અનધિકૃત વાહન-ટ્રાન્સફર જેવા ગુનાઓ અટકાવી શકાશે.

## હવે કલેક્ટરને ઘાસચારા વ્યવસ્થાની સીધી સત્તા

**નિર્ણય :** ચોમાસાને ધ્યાને લઈને રાજ્ય સરકાર ખેડૂતો ઉપરાંત પશુપાલકો માટે પણ રાહતલક્ષી પગલાં લેતી હોય છે. તેના અનુસંધાને જ ગુજરાત સરકાર દ્વારા પશુધનની સુરક્ષા માટે જે વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે તેવા વિસ્તારોમાં ઘાસચારાની વ્યવસ્થા માટેની સીધી સત્તા જિલ્લા કલેક્ટરશ્રીને સોંપવાનો નિર્ણય કરાયો છે. જિલ્લા કલેક્ટરશ્રી જિલ્લાની વાસ્તવિક પરિસ્થિતિ અને જરૂરિયાતને ધ્યાને રાખીને ઘાસચારા બાબતે ત્વરિત નિર્ણય લઈ શકશે.

**લાભ :** ગૌશાળા અને પાંજરાપોળમાં આશ્રય મેળવી રહેલા પશુધનના ઘાસચારા માટેની જરૂરી વ્યવસ્થા માટે સમયનો વ્યય નહીં થાય અને સરળતાથી ઘાસચારો ઉપલબ્ધ બનશે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે આ પ્રકારની વહીવટી મંજૂરી-પ્રક્રિયામાં ઘણો સમય વ્યતીત થતો હોવાનું ધ્યાને આવતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# અમદાવાદના ૬ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે રૂ. ૨૭૧૯ કરોડ મંજૂર

**નિર્ણય :** દેશના શહેરી વિકાસમાં આમૂલ પરિવર્તન માટે શરૂ કરાયેલા અર્બન ચૅલેન્જ ફંડમાંથી અમદાવાદ મહાનગરમાં ૬ જેટલા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કુલ રૂ. ૨૭૧૯.૮૦ કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સિટિઝન સૅન્ટ્રિક, ટૅક્નોલૉજી બેઇઝ્ડ અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ માટેનું વિઝન અર્બન ચૅલેન્જ ફંડ અંતર્ગત મળેલી આ મંજૂરીથી વધુ મજબૂત બનશે. અમદાવાદ મહાનગરપાલિકાને આ ૬ પ્રોજેક્ટ્સ માટે ૬૭૯.૯૫ કરોડની કેન્દ્રીય સહાય તથા ૬૭૯.૯૫ કરોડની રાજ્ય સરકારની સહાય મળશે; બાકીની રકમ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન લોનથી મેળવશે.



કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મંજૂર કરેલા આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે પશ્ચિમ અમદાવાદના મુખ્ય ડ્રેનેજ નેટવર્કના પુન:સ્થાપન માટે ૮૫૨.૯૩ કરોડ, પૂર્વ અમદાવાદના મુખ્ય ડ્રેનેજ નેટવર્કના પુન:સ્થાપન માટે ૫૫૧.૩૫ કરોડ, અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં જૂના ડ્રેનેજ નેટવર્કના પુન:સ્થાપન માટે ૨૯૦.૨૪ કરોડ તથા ઇન્ટેલિજન્ટ વૉટર મૅનેજમેન્ટ સિસ્ટિમ માટે ૨૧૫ કરોડ અને ૧૨૫ TPDની ઇન્ટિગ્રેટેડ સ્લજ મૅનેજમેન્ટ ફૅસિલિટી માટે ૪૭૯.૨૫ તેમજ ITMS અને AFCS માટે ૩૩૧.૦૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

**લાભ :** અમદાવાદ શહેરના ડ્રેનેજ નેટવર્કનું પુન:સ્થાપન કરીને ડ્રેનેજ ઓવરફ્લો તથા લિકેજ જેવી સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. સમગ્ર ડ્રેનેજ અને સ્ટોર્મ વૉટર સિસ્ટિમનું રિયલ-ટાઇમ ડિજિટલ મૉનિટરિંગ અને સ્માર્ટ સંચાલન શક્ય બનશે. ડ્રેનેજના સ્લજમાંથી બાયોગૅસ અને ગ્રીન એનર્જીના ઉત્પાદનથી પર્યાવરણને અનુકૂળતા અને સર્ક્યુલર ઇકૉનૉમીને પ્રોત્સાહન મળશે. ઇન્ટિગ્રેટેડ ટ્રાન્ઝિટ મૅનેજમેન્ટ સિસ્ટિમ ITMS અને ઑટોમેટેડ ફેર કલેક્શન સિસ્ટિમના કારણે AMTS, BRTS અને મેટ્રો માટે કૉમન મોબિલિટી કાર્ડ અને કૉમન જર્ની ઍપ્લિકેશન મારફતે નાગરિકોને સરળ મુસાફરીની સેવા, જાહેર પરિવહન સંબંધિત સચોટ અને રિયલ-ટાઇમ માહિતી, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને રૂટનું કાર્યક્ષમ આયોજન તેમજ આધુનિક ઇન બસ સર્વેલન્સ દ્વારા એન્હાન્સ્ડ ઇન્સિડેન્ટ મૅનેજમેન્ટ સાથે સલામત સવારીની સુવિધા મળતી થશે.

આ પ્રોજેક્ટ્સ દ્વારા અમદાવાદને વધુ સ્માર્ટ, સ્વચ્છ, રિઝિલિયન્ટ અને વૈશ્વિક ધોરણોનું શહેર બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થશે. કાર્યક્ષમ, ટકાઉ અને ભવિષ્યલક્ષી શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પામશે તથા નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રાપ્ત થશે.

### અર્બન ચૅલેન્જ ફંડ શું છે ?

અર્બન ચૅલેન્જ ફંડ દ્વારા ૫ વર્ષ દરમિયાન કુલ ૧ લાખ કરોડની કેન્દ્રીય સહાય માર્કેટ-લેડ અર્બન ટ્રાન્સફર્મેશન માટે પૂરી પાડવામાં આવે છે. આ યોજના અન્વયે ક્રિએટિવ રિ-ડેવલપમેન્ટ ઑફ સિટીઝ, સિટીઝ ઍઝ ગ્રોથ હબ અને વૉટર ઍન્ડ સેનિટેશન એમ ત્રણ વર્ટિકલ્સમાં પ્રોજેક્ટનાં કામો કરી શકાય છે. ગુજરાતને અર્બન ચૅલેન્જ ફંડ અંતર્ગત ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે, જેનાથી રાજ્યનાં શહેરો દ્વારા કુલ ૨૫ હજાર ૯૦૦ કરોડની રકમનાં કામો અર્બન ચૅલેન્જ ફંડ અંતર્ગત હાથ ધરી શકાશે. આ ફંડ અંતર્ગત પ્રોજેક્ટ્સની રકમના ૨૫ ટકા કેન્દ્ર સરકારની સહાય, ૨૫ ટકા રાજ્ય સરકારની સહાય અને બાકીના ૫૦ ટકાની રકમ મ્યુનિસિપલ બોન્ડ, લોન અથવા PPP દ્વારા ઉપલબ્ધ કરવાની રહે છે.

# નવરચિત નવ મહાનગરપાલિકાને જમીન ફાળવાશે

**નિર્ણય :** રાજ્યમાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓને મજબૂત બનાવીને નાગરિકોને ઝડપી અને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક મહત્ત્વનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. વાપી, મહેસાણા, પોરબંદર, મોરબી, ગાંધીધામ, નડિયાદ, આણંદ, નવસારી અને સુરેન્દ્રનગર એમ નવી રચાયેલી કુલ ૯ મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી જાહેર હિતની વિવિધ ૧૧ જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

**લાભ :** નવી મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં ફાયર સ્ટેશન, એસ.ટી.પી., સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને જાહેર બાગ-બગીચા જેવાં પાયાનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર માળખાંઓનું નિર્માણ ઝડપથી થઈ શકશે તથા શહેરી વિકાસકામોમાં પણ નવી ગતિ આવશે.

# જિલ્લા હૉસ્પિટલોમાં શરૂ થશે ડિ-એડિક્શન સેન્ટર



**નિર્ણય :** યુવાવર્ગનું યોગદાન ભાવિ વિકાસમાં અનિવાર્ય છે. આજે જ્યારે નશાખોરી તરફ ખેંચાઈ રહેલો યુવાવર્ગ અંધકારમય ભવિષ્ય તરફ ધસી રહ્યો છે ત્યારે ગુજરાત સરકારે નશા-મુક્તિની લડતને વધુ મજબૂત બનાવતો નિર્ણય કર્યો છે. ગુજરાત સરકાર તમામ ૩૪ જિલ્લા હૉસ્પિટલોમાં ૧૫ બેડની ક્ષમતાવાળાં ડિ-એડિક્શન સેન્ટરો (નશામુક્તિ કેન્દ્રો) શરૂ કરશે. આ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૪.૯૦ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. યોજનાના અમલીકરણમાં પારદર્શિતા જળવાય તે માટે જરૂરી સાધનોની ખરીદી GeM પોર્ટલ મારફતે કરવામાં આવશે. ઉપરાંત કામગીરીનું નિયમિત મૉનિટરિંગ, સોશિયલ ઑડિટ અને થર્ડ પાર્ટી વૅરિફિકેશન પણ હાથ ધરાશે.

**લાભ :** અત્યાર સુધી વિશેષ સારવાર માટે મોટાં શહેરોનો સહારો લેતા નશાના વ્યસનથી અસરગ્રસ્ત લોકોને હવે પોતાના જિલ્લામાં જ સારવાર, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્ય સેવાઓ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ થશે. દરેક કેન્દ્રમાં નશાની લતમાંથી મુક્તિ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ડિટૉક્સ સારવાર, ડિ-એડિક્શન થૅરપી, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્યસેવા, પરિવાર પરામર્શ અને પુનર્વસન જેવી સર્વગ્રાહી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. ઉપરાંત, ઇન-પેશન્ટ (IPD) અને આઉટ-પેશન્ટ (OPD) બંને પ્રકારની સેવાઓ પણ શરૂ કરવામાં આવશે. દરેક કેન્દ્રમાં તબીબો, નર્સિંગ સ્ટાફ, કાઉન્સેલર, મનોવિજ્ઞાનીઓ અને અન્ય તાલીમબદ્ધ કર્મચારીઓની ટીમ કાર્યરત રહેશે, જેથી દર્દીને એક જ સ્થળે સંપૂર્ણ સારવાર મળી શકે. સમયસર સારવાર અને યોગ્ય માર્ગદર્શનથી વ્યસનગ્રસ્ત વ્યક્તિઓને નવું જીવન મળશે, પરિવારોનો આર્થિક અને માનસિક બોજ ઘટશે અને વ્યસનમુક્ત સમાજના નિર્માણને વેગ મળશે.

# અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓના લાભાર્થે નિર્ણય

**નિર્ણય :** રાજ્યમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વિદ્યાર્થીલક્ષી મહત્ત્વનો નિર્ણય લીધો. અતિવૃષ્ટિના કારણે જે ઘરોમાં તથા શાળાઓમાં પાણી ભરાવાથી બાળકોનાં પાઠ્યપુસ્તકો પલળી ગયાં હોય કે નુકસાન પામ્યાં હોય તેવાં તમામ બાળકોને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ત્વરિત ધોરણે નવાં પાઠ્યપુસ્તકો આપવામાં આવશે.

**લાભ :** અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોની સરકારી તેમજ અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે.

**પ્રક્રિયા :** તમામ જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને અતિવૃષ્ટિના કારણે નુકસાન પામેલાં પાઠ્યપુસ્તકોની સચોટ વિગતો મેળવીને સત્વરે પાઠ્યપુસ્તક મંડળને મોકલવાની કામગીરી હાથ ધરવામાં આવી.



## ‘મિશન ફોર કૉટન પ્રોડક્ટિવિટી’ હેઠળ મળશે ખેડૂતોને ઈનપુટ સહાય

**નિર્ણય :** દેશમાં કપાસનું ઉત્પાદન વધારીને તેની આયાત ઘટાડવા અને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે ભારત સરકાર દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ના સમયગાળા માટે મહત્ત્વાકાંક્ષી મિશન ફોર કૉટન પ્રોડક્ટિવિટી (કપાસ ક્રાંતિ મિશન) અમલમાં મૂકવામાં આવ્યું છે. આ મિશન હેઠળ આગામી પાંચ વર્ષ કપાસની ખેતી કરતા ખેડૂતોને આધુનિક ખેત-પદ્ધતિઓ અપનાવવા માટે ઈનપુટ સહાય આપવામાં આવશે.

કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ‘મિશન ફોર કૉટન પ્રોડક્ટિવિટી’ હેઠળ ગુજરાતને રૂ. ૧૩૪.૦૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. આ મિશન હેઠળ રાજ્યમાં કપાસનું વાવેતર ધરાવતા ૨૧ જિલ્લાના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. કપાસના વાવેતરમાં નવી પદ્ધતિ અપનાવીને રાજ્યના ખેડૂતો સારું ઉત્પાદન મેળવી શકે તે માટે વર્ષ દરમિયાન ખાસ તાલીમ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.



**લાભ :** મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી અંતર્ગત કપાસના વાવેતરની પદ્ધતિના આધારે બે પ્રકારે સહાયની જોગવાઈ કરવામાં આવી છે.

નિદર્શન ઘટક હેઠળ ‘ક્લોઝર સ્પેસિંગ ટેક્નોલૉજી’ એટલે કે, ઓછા અંતરે વાવેતરની પદ્ધતિ અપનાવીને રાજ્યના જે ખેડૂત મિત્રોએ ચાલુ વર્ષે કપાસનું વાવેતર ૯૦ સેમી x ૩૦ સેમીના અંતરે કરેલું હોય, તેમને પ્રતિ હેક્ટર રૂ. ૧૪ હજારની ઈનપુટ સહાય મળશે.

‘ઇન્ટિગ્રેટેડ ક્રોપ મૅનેજમેન્ટ’ એટલે કે, સંકલિત પાક-વ્યવસ્થાપનની વાવેતર પદ્ધતિ અપનાવીને જે ખેડૂતોએ ૯૦ સેમી x ૬૦ સે.મી.ના અંતરે કપાસ વાવ્યો છે, તેમને પ્રતિ હેક્ટર રૂ. ૭,૫૦૦ની ઈનપુટ સહાય આપવામાં આવશે.

### GJ-40 બનશે વાવ-થરાદની નવી ઓળખ

## થરાદમાં નવી RTO કચેરી શરૂ થતાં સેવાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ

**નિર્ણય:** ગુજરાત સરકારે વાહન-વ્યવહારક્ષેત્રે નાગરિકોની સુવિધા માટે વધુ એક મહત્ત્વનો નિર્ણય લીધો છે, જેમાં બનાસકાંઠા જિલ્લામાંથી અલગ અલગ તાલુકાઓને સાંકળીને રચાયેલા નવા વાવ-થરાદ જિલ્લાના નાગરિકોને વાહન-વ્યવહાર વિભાગની સેવાઓ હવે સરળતાથી, ઝડપથી અને પારદર્શક રીતે મળશે. તા.૨૨ જુલાઈ, ૨૦૨૬થી ‘સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, થરાદ (GJ-૪૦)’નો વિધિવત્ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.



**લાભ:** આ નવી કચેરી શરૂ થવાથી વાવ-થરાદ જિલ્લાના હજારો નાગરિકોનાં સમય અને નાણાં બચશે તથા વાહન-વ્યવહારક્ષેત્રે વધુ પારદર્શિતા અને ઝડપ આવશે. વાવ-થરાદ જિલ્લાના દિયોદર, લાખણી, થરાદ વગેરે તાલુકાના વાહનચાલકોને હવેથી પોતાનાં વાહન તથા લાઈસન્સને લગતાં કામકાજ માટે સ્થાનિક સ્તરે જ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવી સહાયક પ્રાદેશિક વાહન-વ્યવહાર કચેરી મુ. બુઢનપુર, થરાદ-સાંચોર હાઈવે, થરાદ, જિ. વાવ-થરાદ ખાતે કાર્યરત થઈ છે. વાવ-થરાદ જિલ્લાના નાગરિકો આ નવી RTO કચેરી ખાતેથી નવાં વાહનોની નોંધણી, વાહન-માલિકીમાં ફેરફાર, સરનામામાં સુધારણા, ગીરો (હાઈપોથેકેશન) ઉમેરવું / રદ કરવું, વાહનવેરો ભરપાઈ કરવો, ફૅન્સી નંબર સંબંધિત સેવાઓ, લર્નિંગ લાઈસન્સ, ડ્રાઈવિંગ લાઈસન્સ, કંડક્ટર લાઈસન્સ સંબંધિત સેવાઓ તથા ઈ-ચલણ જેવી વિવિધ સેવાઓ નવી કચેરી ખાતે સરળતાથી ઉપલબ્ધ થશે.

**ઉદ્‌ઘાટન :** ભારત અને UAE વેપાર અને સાંસ્કૃતિક રીતે જોડાયેલાં રાષ્ટ્રો છે. ગુજરાત અને UAE સદીઓથી અરબી સમુદ્રથી જોડાયેલાં છે અને સામુદ્રિક વેપાર બાબતે પરસ્પર ઐતિહાસિક મૈત્રી ધરાવે છે. બંને દેશોના સંબંધોને ગાઢ કરતા ઈન્વેસ્ટોપિયા ગ્લોબલ અમદાવાદના ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને UAE વચ્ચે વર્ષ-૨૦૨૨માં થયેલા કૉમ્પ્રિહેન્સિવ ઈકૉનૉમિક પાર્ટનરશિપ ઍગ્રીમેન્ટ (CEPA)થી UAE ભારતનું ત્રીજું સૌથી મોટું બિઝનેસ પાર્ટનર બન્યું છે.






**લોકાર્પણ :** અમદાવાદમાં શ્રી કચ્છ વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન વિશા શ્રીમાળી સમાજ (વી.બી.સી. સમાજ) દ્વારા નવનિર્મિત 'માતુશ્રી મણિબહેન માવજીભાઈ સ્વરૂપચંદ વોરા વી.બી.સી. ભવન'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું. લોકાર્પણ બાદ મુખ્યમંત્રીશ્રીએ વર્ચ્યુઅલ ટૂર દ્વારા ઉપલબ્ધ સમગ્ર ભવનની આધુનિક સુવિધાઓની માહિતી મેળવી હતી. સામાજિક ઉત્તરદાયિત્વની પરંપરાને પ્રબળ બનાવતાં, વી.બી.સી. સમાજ તરફથી રાજ્યની દીકરીઓના શિક્ષણ માટે કાર્યરત 'મુખ્યમંત્રી કન્યાકેળવણી નિધિ'માં રૂ. ૧,૧૧,૧૧૧/નો ચૅક સહયોગરૂપે મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

**નિવારણ :** સામાન્ય માનવીના પ્રશ્નોના નિવારણ માટે આગવી સંવેદનશીલતા દર્શાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મહેસાણા, કચ્છ અને ભાવનગરના જિલ્લા ‘સ્વાગત’ ઓનલાઈન જન-ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ગાંધીનગરથી વિડીયો કૉલ મારફતે જોડાયા હતા. જિલ્લા-તાલુકા ‘સ્વાગત’માં આવતી રજૂઆતોનો પેપર પર નિકાલ નહિ, પરંતુ અરજદારને સંતોષ થાય તે રીતે નિવારણ લાવવા જિલ્લા કલેક્ટરોને તેમણે સ્પષ્ટ સૂચના આપી હતી. મુખ્યમંત્રીશ્રીની આ ડિજિટલ સરપ્રાઈઝ વિઝિટના પરિણામે જિલ્લા ‘સ્વાગત’માં આવેલા રજૂઆતકર્તાઓએ મુખ્યમંત્રીશ્રી સાથે સીધો સંવાદ કર્યો હતો.



**સાંત્વના :** છોટાઉદેપુર જિલ્લામાં પાવી જેતપુર ખાતે આવેલી પૂર્વમંત્રીશ્રી અને આદિવાસી સમાજના અગ્રણી સ્વ. શ્રી મોહનસિંહ રાઠવાની પ્રાર્થનાસભા યોજાઈ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રાર્થનાસભામાં હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સદગત શ્રી મોહનસિંહ રાઠવાની તસવીર સમક્ષ શ્રદ્ધાસુમન અર્પણ કરીને ભાવાંજલિ અર્પી હતી. મુખ્યમંત્રીશ્રીએ સદગતનાં પરિવારજનોને રૂબરૂ મળીને દિલસોજી વ્યક્ત કરી હતી, તેમજ દિવંગતના આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરી હતી.





**ભૂમિપૂજન :** નવી પેઢીના કૌશલ્યવર્ધન અને ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા માટે રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે ગાંધીનગરમાં નિર્માણ પામનારા 'કૌશલ્યવિકાસ ભવન'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અષાઢી બીજના પર્વે ભૂમિપૂજન કર્યું. લઘુઉદ્યોગ ભારતી, ગુજરાત તેમજ ઉદ્યોગ-વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ પ્રસંગે અખિલ ભારતીય સંયોજકના પરમ પૂજ્ય સ્વામી શ્રી પરમાનંદ સરસ્વતીજી મહારાજે આશીર્વચન પાઠવ્યાં હતાં. નવીન ભવનના નિર્માણ માટે માતબર રકમનું દાન આપનાર દાતાઓશ્રીઓને મુખ્યમંત્રીશ્રીએ સન્માનિત કર્યા હતા. આ ભવનમાં નવા ઉદ્યોગ-સાહસિકો તૈયાર થશે અને સ્વરોજગારની તથા રોજગારીની નવી તકો ઊભી થશે.

**સાહિત્ય :** અમદાવાદ ખાતે નવભારત સાહિત્ય મંદિર દ્વારા લેખિકા ડૉ. અલ્પાબહેન શાહનાં ત્રણ નવાં પુસ્તકોના યોજાયેલા વિમોચન-સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહીને સંવેદનશીલ તથા માર્મિક ઉદ્‌બોધન કર્યું હતું. સાહિત્યને તેમણે સમાજનું દર્પણ તથા પુસ્તકોને લોકોના જીવનમાં હાસ્ય અને સકારાત્મક ઊર્જાનો સંચાર કરવાનાં નિમિત્ત ગણાવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સાહિત્યના વાંચન અને વાસ્તવિક સંવાદથી જ આપણે આ સંસ્કૃતિને જીવંત રાખી શકીએ. આ પ્રસંગે સાહિત્યરસિક ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



### બ્લૂ ઇકૉનૉમીને નવી દિશા

# ગુજરાત શિપ-બિલ્ડિંગ એન્ડ રિપેર પૉલિસી-2026



ગુજરાત ૧૬૦૦ કિલોમીટર લાંબા સમૃદ્ધ દરિયાકિનારા સાથે હંમેશાં દેશના વ્યાપારી અને દરિયાઈ વિકાસનું કેન્દ્ર રહ્યું છે. આ ક્ષમતાને વધુ મજબૂત કરવા અને ભારતના શિપ-બિલ્ડિંગ સેક્ટરને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર પહોંચાડવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતે 'ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પૉલિસી-૨૦૨૬'ની જાહેરાત કરવામાં આવી. દેશમાં સૌથી વધુ લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાતમાં વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ, અદ્યતન ટેક્નોલૉજી, સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટર્સ ફ્રેન્ડ્લી પૉલિસીઝના આધારે ગુજરાતને દેશના અગ્રણી શિપ બિલ્ડિંગ અને રિપેર સેન્ટર તરીકે આ પૉલિસી પ્રસ્થાપિત કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતનું જે વિઝન આપ્યું છે તેને ગુજરાત આ મહત્ત્વાકાંક્ષી પૉલિસીથી સાકાર કરશે. એટલું જ નહીં, આ પૉલિસી ભારત સરકારની શિપ-બિલ્ડિંગ ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ સ્કીમ-૨૦૨૫ SBFAS અને મેરિટાઇમ વિઝન ૨૦૪૭ તેમજ આત્મનિર્ભર ભારતના વ્યાપક લક્ષ્ય સાથે સુસંગત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લૉન્ચ કરેલી આ નીતિનું એક મહત્ત્વપૂર્ણ આકર્ષણ ઇન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્ક (IMSP)નો વિકાસ છે. આ પાર્કને વિશ્વસ્તરીય દરિયાઈ ઔદ્યોગિક ઇકોસિસ્ટિમ તરીકે વિકસાવવામાં આવશે, તેમાં આધુનિક માળખાકીય સુવિધાઓ, મરીન ઇક્વિપમેન્ટ ક્લસ્ટર્સ, પરીક્ષણ સુવિધાઓ, લૉજિસ્ટિક્સ સપોર્ટ, R&D કેન્દ્રો અને કૌશલ્ય-વિકાસ સંસ્થાઓનો પણ સમાવેશ થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકારે પોરબંદર જિલ્લાના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટરને મંજૂરી આપી છે. આ અંગેના DPR પણ મેરિટાઇમ બોર્ડ દ્વારા બનાવવામાં આવી રહ્યા છે, જે પૂર્ણ થતાં પ્રોજેક્ટના અમલીકરણમાં વેગ આવશે. આ ક્લસ્ટરમાં બેથી ત્રણ વિશ્વસ્તરીય શિપયાર્ડ્સ અને સહાયક ઉદ્યોગોનું મજબૂત નેટવર્ક વિકસાવવામાં આવશે. આ શિપયાર્ડ્સના વિકાસથી પણ અંદાજે રૂ.૨૩,૭૦૦ કરોડનું ખાનગી રોકાણ આકર્ષિત થવાની સંભાવના છે.

આ વિશાળ ઔદ્યોગિક ઇકોસિસ્ટિમને પ્રોત્સાહન આપવા માટે આશરે રૂ.૩,૩૦૦ કરોડની સામાન્ય મરીન અને જમીન આધારિત માળખાકીય સુવિધાઓ વિકસાવાશે. આ હેતુસર ભારત સરકારની Shipbuilding Development Scheme (SbDS) યોજના તથા ગુજરાત સરકાર દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. આ સુવિધાઓમાં બ્રેકવૉટર્સ, ફ્લોટિંગ ક્રેઇન્સ, હેવી લિફ્ટ શિપ્સ, ડ્રેજિંગ, હાર્બર બેસિન વિકાસ, નેવિગેશન ચૅનલો, રસ્તાઓ, વીજળી, પાણી પુરવઠો અને અન્ય સંયુક્ત ઉપયોગની સુવિધાઓનો સમાવેશ કરાશે. આ પૉલિસી અન્વયે સરળ અને ઝડપી મંજૂરી-પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટિમ તથા સમર્પિત ફરિયાદ નિવારણ પ્રણાલી પણ વિકસાવવામાં આવશે, તેનાથી ઉદ્યોગોને સરળતાથી જરૂરી મંજૂરીઓ મળી રહેશે અને પ્રોજેક્ટ્સનું સમયસર અમલીકરણ થઈ શકશે.

આ નીતિ ગુજરાત રાજ્યમાં શિપબિલ્ડિંગ ઉત્પાદન-ક્ષમતા ૫૦ લાખ ડેડ વેઇટ ટનેજ (DWT)થી વધુ સુધી વધારવા, બે ઇન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્ક્સની સ્થાપના તેમજ ૫ લાખથી વધુ વ્યક્તિઓને કૌશલ્યવિકાસ અને ક્ષમતાવર્ધન માટે તાલીમ આપવાની દિશામાં પ્રેરકબળ બનશે.

# સામાજિક સમરસતાનો સંદેશ આપતા રાજ્યપાલશ્રી



ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામની મુલાકાત દરમિયાન પર્યાવરણ-સંરક્ષણ, સ્વચ્છતા, પ્રાકૃતિક કૃષિ, યોગ, સામાજિક સમરસતા અને ગ્રામવિકાસ જેવા વિવિધ વિષયો પર પ્રેરણાદાયી સંદેશ આપતા અનેક કાર્યક્રમોમાં સહભાગી બની ગ્રામજનોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત તેમણે વૃક્ષારોપણ કરી વૃક્ષોના ઉછેર અને સંરક્ષણ પર વિશેષ ભાર મૂક્યો હતો. 'સ્વચ્છતા હી સેવા'ના સંદેશ સાથે જાતે સફાઈ કરી સ્વચ્છતાકર્મીઓનું સન્માન કર્યું હતું. તેમણે અનુસૂચિત જાતિના એક પરિવાર સાથે ભોજન ગ્રહણ કરીને સામાજિક સમરસતાનો અનોખો સંદેશ આપ્યો હતો. રાત્રિસભામાં કન્યા-કેળવણી, પ્રાકૃતિક કૃષિ, ગો-સંવર્ધન, જળસંચય, પર્યાવરણ અને સ્વચ્છતા અંગે ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. પ્રાથમિક શાળામાં રાત્રિ-વિશ્રામ બાદ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે યોગાભ્યાસ કર્યો તેમજ સ્થાનિક ખેડૂતોની વાડી અને પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતી અને મૂલ્યવર્ધન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

લતીપર ગામની આ મુલાકાત પ્રકૃતિપ્રેમ, સાદગી, સામાજિક સમાનતા અને પ્રાકૃતિક કૃષિ પ્રત્યેની રાજ્યપાલશ્રીની પ્રતિબદ્ધતાનું પ્રેરક ઉદાહરણ બની હતી, જેના દ્વારા તેમણે ગ્રામજનોને સકારાત્મક જીવનમૂલ્યો અપનાવવા પ્રેરિત કર્યાં હતાં.

# પોરબંદરમાં વિકાસનો ત્રિવેણીસંગમ



પોરબંદર જિલ્લામાં વિકાસકાર્યોની સમીક્ષા, જનસંવાદ અને યુવા સશક્તીકરણને કેન્દ્રસ્થાને રાખીને કેન્દ્રીય કૅબિનેટ મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા તથા રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મંત્રીશ્રીઓએ કડેગી, કાંસાબડ, છત્રાવા ગામો તેમજ અમીપુર ડૅમની મુલાકાત લઈને સ્થાનિક વિકાસકાર્યોની સમીક્ષા કરી, ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધ્યો અને તેમની રજૂઆતો સાંભળી પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ પ્રસંગે મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ઘેડ વિસ્તારમાં પાણીની સમસ્યાના ઉકેલ માટે રૂ. ૧૫૦૦ કરોડનું પૅકેજ તથા માર્ગવિકાસ માટે વધારાની ફાળવણી કરવામાં આવી છે. કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ સરકારની આર્થિક અને વહીવટી નીતિઓ, જીએસટી બાદ ટૅક્સના દરમાં થયેલા ઘટાડા અને આવકના કારણે જનહિતનાં કાર્યોને મળેલી ગતિ વિશે માહિતી આપી. તેમણે ગયા વર્ષે અતિવૃષ્ટિ રાહત-પૅકેજ અને ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી-ખરીદીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ત્યાર બાદ લૉર્ડ્સ હોટેલ ખાતે યોજાયેલા 'માય ભારત યુવાસંવાદ' કાર્યક્રમમાં યુવાનોને ટૅક્નોલૉજી, રાષ્ટ્રસેવા, લીડરશિપ અને સ્વાસ્થ્ય અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં તેમણે 'માય ભારત' પ્લૅટફૉર્મને યુવાનો માટે સિંગલ વિન્ડો સિસ્ટિમ તરીકે રજૂ કર્યું. ઉપરાંત સાણંદ ખાતે 'સીજી સેમિકોન'ના ત્રીજા પ્લાન્ટના ઉદ્ઘાટન અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ઊભી થઈ રહેલી તકોનો ઉલ્લેખ કરતાં તેમણે વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પમાં યુવાનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો.

કાર્યક્રમોની શ્રેણીના અંતે પોરબંદર સાઈક્લિંગ ક્લબ અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી 'ફૅમિલી નાઈટ સાઈક્લિંગ રાઈડ'ને મંત્રીશ્રીઓએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું, જે સ્વાસ્થ્ય, સુખાકારી અને સામાજિક એકતાનો પ્રેરક સંદેશ બની.



**માર્ગદર્શન :** મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રીશ્રી પરસોત્તમભાઈ સોલંકીની વર્ચ્યૂઅલ ઉપસ્થિતિમાં જિલ્લા આયોજન મંડળની બેઠકમાં તાલુકા આયોજન સમિતિનાં રૂ. ૯.૨૨ કરોડનાં ૩૫૨ તથા નગરપાલિકાનાં રૂ. 3.33 કરોડનાં 33 વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી. મંત્રીશ્રીએ આ તબક્કે ગીર સોમનાથ જિલ્લામાં વરસાદ બાદ ક્ષતિગ્રસ્ત માર્ગો, પુલો અને આંગણવાડી કેન્દ્રોના સમારકામ તથા વિકાસકાર્યો ઝડપથી પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું.




**શ્રદ્ધા:** આણંદ જિલ્લાના પેટલાદ ખાતે આવેલા અતિ પૌરાણિક શ્રી રણછોડજી મંદિરથી રથયાત્રાનું ભવ્ય પ્રસ્થાન નાણા વિભાગના રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલના હસ્તે પરંપરાગત પહિંદ વિધિથી એટલે કે સોનાની સાવરણીથી માર્ગને સાફ કરીને કરવામાં આવ્યું હતું. પેટલાદની આ ઐતિહાસિક ૧૦૦મી રથયાત્રા દરમિયાન વિવિધ ભજન મંડળીઓનાં મધુર ભજન અને ભગવાન જગન્નાથના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

**સુવિધા:** શિક્ષણક્ષેત્રે આંતરમાળખાકીય સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાના સરકારના હકારાત્મક અભિગમ અંતર્ગત રૂ. ૧૨.૧૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અદ્યતન બોયઝ હૉસ્ટેલ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત મોરબી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.





**વધામણાં :** અમરેલી જિલ્લામાં થયેલા વરસાદના પગલે સ્થાનિક જળાશયો તેમજ ગ્રામીણ તળાવોમાં વિપુલ પ્રમાણમાં નવાં નીરની આવક થઈ. આ શુભ અવસરે ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ઉમંગભેર નવાં નીરનાં વધામણાંનો કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ નવાં નીરનાં વધામણાં કરીને જિલ્લાની ઉત્તરોત્તર પ્રગતિ માટે મંગલ શુભકામનાઓ વ્યક્ત કરી હતી.



**દેવભાષા :** જામનગરમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા અનુદાનિત 'સંસ્કૃત કક્ષ'નો લોકાર્પણ કાર્યક્રમ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણી પ્રાચીન પરંપરાને અનુસરતી નવી શિક્ષણનીતિ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મૂકી છે, જેના ભાગરૂપે આ સંસ્કૃત કક્ષનું નિર્માણ કરવામાં આવ્યું.

# ગુજરાતને બાગાયતક્ષેત્રે 'ઍગ્રિકલ્ચર લીડરશિપ ઍવૉર્ડ-2026'






તાજેતરમાં નવી દિલ્હી ખાતે ૧૭મા ઍગ્રિકલ્ચર લીડરશિપ કોન્ક્લેવ-૨૦૨૬ અંતર્ગત યોજાયેલા પ્રતિષ્ઠિત સમારોહમાં ગુજરાતને બાગાયતના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય સ્તરના 'ઍગ્રિકલ્ચર લીડરશિપ ઍવૉર્ડ-૨૦૨૬'થી સન્માનિત કરવામાં આવ્યું. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ તથા રાજસ્થાનના રાજ્યપાલ શ્રી હરિભાઉ કિસનરાવ બગડેના હસ્તે આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો; જ્યારે, ગુજરાત સરકાર વતી કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ સન્માન સ્વીકાર્યું હતું. વર્ષ ૨૦૦૮માં મહાન કૃષિ-વૈજ્ઞાનિક ડૉ. એમ. સ્વામીનાથનના પરામર્શથી શરૂ થયેલો 'ઍગ્રિકલ્ચર લીડરશિપ ઍવૉર્ડ' દેશના કૃષિક્ષેત્રમાં પ્રતિષ્ઠિત સન્માન તરીકે ઓળખાય છે. ઍવૉર્ડ સ્વીકાર્યા બાદ કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૮માં ગુજરાતને 'શ્રેષ્ઠ કૃષિરાજ્ય' તરીકે ઍગ્રિકલ્ચર લીડરશિપ ઍવૉર્ડ મળ્યો હતો.

*ગુજરાતના કૃષિ વિભાગે બાગાયત ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી માટે ગુજરાતને એનાયત કરાયેલો ઍવૉર્ડ કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ અને ખેડૂત - કલ્યાણ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારાએ રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મંત્રીશ્રીઓ સમક્ષ ગૌરવભેર પ્રસ્તુત કર્યો હતો.*

સાત વર્ષ બાદ બાગાયતના ક્ષેત્રે પ્રાપ્ત થયેલું આ સન્માન ગુજરાતની કૃષિ-વિકાસયાત્રામાં એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન છે.

# રાણી કી વાવ 'WOW ઍવૉર્ડ્સ એશિયા-2026'થી સન્માનિત



પાટણ ખાતે આવેલી યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ 'રાણી કી વાવ' ખાતેના 3D પ્રોજેક્શન મૅપિંગ શો તથા હેરિટેજ લાઇટિંગ પ્રોજેક્ટને ૧૭મા WOW ઍવૉર્ડ્સ એશિયા-૨૦૨૬માં 'એક્સપિરિયન્શિયલ ટેક ઍવૉર્ડ્સ - અચીવમેન્ટ ઇન ઑડિયો-વિઝ્યુઅલ ફોર ઍન ઇવેન્ટ' કૅટેગરીમાં પ્રતિષ્ઠિત ગોલ્ડ-ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે.

પ્રવાસીઓના અનુભવને વધુ સમૃદ્ધ અને યાદગાર બનાવવા માટે ગુજરાત સરકારે આ ઐતિહાસિક સ્મારક ખાતે 'અત્યાધુનિક 3D પ્રોજેક્શન મૅપિંગ શો' તથા 'હેરિટેજ લાઇટિંગ સિસ્ટિમ'નું કાયમી ઇન્સ્ટોલેશન પૂર્ણ કર્યું હતું. આ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

શો શરૂ થયા બાદથી નિયુક્ત એજન્સી તેના સંચાલન અને જાળવણીની જવાબદારી નિભાવી રહી છે. તા.૧૨ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં ૪૪,૨૦૯થી વધુ મુલાકાતીઓ આ અનોખા પ્રોજેક્શન મૅપિંગ શોનો અનુભવ કરી ચૂક્યા છે. અમલીકરણ કરતી એજન્સી દ્વારા પ્રોજેક્ટને WOW ઍવૉર્ડ્સ એશિયા-૨૦૨૬ માટે નોમિનેટ કરવામાં આવ્યો હતો, જેના આધારે પ્રાપ્ત થયેલું આ સન્માન ગુજરાતની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વૈભવને આધુનિક ઑડિયો-વિઝ્યુઅલ ટેક્નોલૉજી દ્વારા અસરકારક રીતે રજૂ કરવાની સિદ્ધિને ઉજાગર કરે છે.




### સુગંધ અને સંઘર્ષની સુવર્ણ કથા

# જીઆઇ ટૅગથી ઊંઝાના જીરાને મળી વૈશ્વિક મહેક

**જીગર ખૂંટ**

જ્યારે ઉત્તર ગુજરાતના ઊંઝાની ધરતી પર પવન લહેરાય છે, ત્યારે હવામાં અનુભવાતી વિશિષ્ટ સુગંધ સાત સમંદર પારના રસોડાઓ સુધી સ્વાદને નિખારવાની ક્ષમતા ધરાવે છે. 'મસાલાઓના શહેર' તરીકે ઓળખાતું ઊંઝા માત્ર ગુજરાત કે ભારતનું જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનું જીરાનું સૌથી મોટું વ્યાપારી કેન્દ્ર છે. તાજેતરમાં ઊંઝાના જીરાને મળેલી 'જીઆઇ ટૅગ' એ પેઢીઓથી થતી ખેતી પદ્ધતિ, આબોહવાની વિશિષ્ટતા અને ખેડૂતોના પરસેવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલું બહુમાન છે.

ઊંઝાના જીરા માટે આ ટૅગનો અર્થ એ છે કે હવે વિશ્વબજારમાં કોઈ પણ અન્ય વિસ્તારનું જીરું 'ઊંઝા જીરા'ના નામે વેચી શકાશે નહીં. બૌદ્ધિક સંપદા અધિકારો હેઠળ જીઆઇ ટૅગ એક સુરક્ષા કવચ પૂરું પાડે છે. તે ગ્રાહકોને ગુણવત્તાની ખાતરી આપે છે અને ઉત્પાદકોને છેતરપિંડીથી બચાવે છે. ઊંઝાના જીરામાં જે તૈલી તત્ત્વો અને સુગંધનો સમન્વય જોવા મળે છે, તે અન્ય દેશો કે અન્ય રાજ્યોના જીરામાં દુર્લભ છે. આ વિશિષ્ટતાને કાયદાકીય પીઠબળ મળવાથી હવે ઊંઝાના જીરાની ચમક વૈશ્વિક ફલક પર વધુ તેજસ્વી બનશે.

પ્રશ્ન એ થાય કે ઊંઝાના જીરામાં એવું તે શું ખાસ છે? આનો જવાબ ઉત્તર ગુજરાતની જમીન અને આબોહવામાં છુપાયેલો છે. જીરાનો પાક અત્યંત સંવેદનશીલ હોય છે. તેને ઠંડું અને સૂકું વાતાવરણ જોઈએ, જે ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં કુદરતી રીતે ઉપલબ્ધ છે. અહીંની રેતાળ ગોરાડુ જમીન જીરાના મૂળને જરૂરી પોષણ અને નિતાર આપે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોઈએ તો ઊંઝાના જીરામાં 'ક્યુમિનાલ્ડિહાઇડ'નું પ્રમાણ ઊંચું છે, જે તેને તીવ્ર સુગંધ અને વિશિષ્ટ સ્વાદ આપે છે. જ્યારે અન્ય પ્રદેશોના જીરામાં આ તત્વોનું પ્રમાણ ઓછું હોવાથી તેની ગુણવત્તા નબળી જણાય છે. જીઆઇ ટૅગ મેળવવા માટે રજૂ કરવામાં આવેલા વૈજ્ઞાનિક પુરાવાઓમાં આ તફાવતને જ મુખ્ય આધાર બનાવવામાં આવ્યો હતો. ઊંઝાનું જીરું એ ઉત્તર ગુજરાતની ઓળખ છે. જીઆઇ ટૅગ મળવાથી યુવા પેઢીને ખેતી પ્રત્યે આદર વધશે.

ઊંઝાના જીરું ઉત્પાદન કરતા ખેડૂતો હવે એક પ્રતિષ્ઠિત ભૌગોલિક બ્રાન્ડના હિસ્સેદાર બન્યા છે. આ ટૅગથી સહકારી મંડળીઓ દ્વારા જીરાનું પૅકેજિંગ અને ડાઈરેક્ટ માર્કેટિંગ થવાથી નફાનો મોટો હિસ્સો સીધો ખેડૂતોને મળશે. ભારત વિશ્વમાં જીરાના કુલ ઉત્પાદનનો અંદાજે ૭૦% હિસ્સો ધરાવે છે અને તેમાં ગુજરાતનો સિંહફાળો છે. તુર્કી, સીરિયા અને ઈરાન જેવા દેશો ભારતની સ્પર્ધામાં છે પરંતુ ત્યાંની રાજકીય અસ્થિરતા અને ગુણવત્તાના પેરામીટર્સને કારણે ઊંઝાનું જીરું હંમેશાં પ્રથમ પસંદગી પામ્યું છે.

એપીએમસી ઊંઝાના ચૅરમૅન દિનેશભાઈ પટેલે જણાવ્યું કે, "આ સિદ્ધિ માત્ર એક ટૅગ નથી, પરંતુ ઊંઝા પંથકના મહેનતુ ખેડૂતો અને વેપારીઓની વર્ષો જૂની ગૌરવશાળી પરંપરા અને ગુણવત્તાનું સન્માન છે. ભારતથી બીજા નંબરનો સૌથી વધુ નિકાસ થતો મસાલા પાક જીરું છે અને ઊંઝાથી ખૂબ જ મોટા પ્રમાણમાં જીરું વિશ્વભરમાં નિકાસ થાય છે. જીઆઇ ટૅગ મળવાથી બજારમાં ખેડૂતોને ૨૦થી ૩૦ ટકા જેટલા વધુ અને પોષણક્ષમ ભાવ મળશે.

ભવિષ્યમાં જ્યારે વિશ્વના કોઈ પણ ખૂણે ડાઇનિંગ-ટેબલ પર જીરાની સોડમ ફેલાશે, ત્યારે ગર્વથી કહી શકાશે કે આ સુગંધના મૂળ ગુજરાતના ઊંઝામાં રહેલા છે. 'વ્હાઇટ ગોલ્ડ' ગણાતું જીરું હવે જીઆઇ ટૅગના સોનેરી વરખ સાથે વિશ્વ આખામાં પોતાની ધાક જમાવવા તૈયાર છે.





# ગુજરાતી શીખીએ

કવિ પ્રકાશ 'જલાલ'

હજી અનુસ્વારની ચર્ચા પૂરી નથી થઇ, આપણે ગત અંકમાં જણાવ્યા મુજબ, કેટલાંક ટૂંકાં વાક્યોની ચર્ચા કરીએ. આપણે અનુસ્વારનો ઉપયોગ કરીને ટૂંકાં-ટૂંકાં વાક્યો લખીશું.

મારી રજા મંજૂર કરો. હું સીધોસાદો મજૂર છું.
બાગમાં બગલા બેઠા છે. બાગમાં બંગલા બેઠા છે.
આ રંગ વ્યર્થ છે. આ રગ વ્યર્થ છે.
તે જંગ જીતી ગયો. તે જગ જીતી ગયો.
ઉંદર પણ રખડીને પોતાનું ઉદર ભરે છે. (ઉદર = પેટ)
સાંજ પડ્યે સંગીતકાર સાજ લઈને બેસી જાય છે! (સાજ = સારંગી જેવું સંગીતનું એક વાદ્ય)
ગંજબજારમાં ગજ નિહાળીને સૌ ગભરાઈ ગયાં. (ગજ = હાથી)
આપના સુંદર વદનને મારાં વંદન.
પ્રીત ખાંડાની ધાર. (ખાંડું = તલવાર)
ખાડાની ધાર પર ન ઊભા રહો, અંદર પડી જશો!
એની મંદ મુસ્કાનમાં એનો મદ છલકાતો હતો. (મદ = કેફ, ગર્વ)

આપણે અનુસ્વારને સમજીને તેના ઉપયોગ માટે ભૂલ વિનાનાં વાક્યો લખવાનો મહાવરો કેળવી રહ્યા છીએ. આજથી આપણે મહાન કવિ સુન્દરમ્-રચિત 'અનુસ્વાર-અષ્ટક'ની મજા લઈશું.

'અનુસ્વાર-અષ્ટક'

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર શું,
મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઈંદ્ર શું.
મુજ સ્થાન ક્યાં, મુજ શી ગતિ, જાણી લિયો રસ-પ્રેમથી,
તો સજ્જ બનશો જ્ઞાનથી, સૌંદર્યથી ને ક્ષેમથી.

(હું મા સરસ્વતીના લલાટે ચંદ્રની જેમ શોભું છું. મારો ઉપયોગ સમજપૂર્વક કરશો તો તમારું ચિત્ત ઈંદ્ર જેવું બનશે. મારું સ્થાન રસપૂર્વક, પ્રેમપૂર્વક સમજશો તો તમને જ્ઞાન, સૌંદર્ય અને કલ્યાણ પ્રાપ્ત થશે.)

તો, પ્રથમ જાણો હું અને તુંમાં સદા મુજ વાસ છે,
આ જ્ઞાન વિણ હુ-હુ અને તુ-તુ તણો ઉપહાસ છે.

(હું, તું, શું, નું, રહ્યું, ગયું, થયું, પત્યું, પલળ્યું, ટળ્યું વગેરેમાં અનુસ્વાર આવે જ. ઉકારાન્ત એકવચનનાં બધાં ક્રિયાપદોમાં અનુસ્વાર આવે છે.)

ઉપરનાં વાક્યો - પંક્તિઓ આઠ - દસ વાર લખીને મહાવરો કેળવો. હરિગીત છંદમાં લખાયેલી આ કવિતાને હવે આવતા અંકમાં આગળ ધપાવીશું.

# પાણી પીવાની યોગ્ય પદ્ધતિ

ડૉ. શીતલ ભાગીયા

પાણી પીવું.... માત્ર તરસ છિપાવવાની ક્રિયા નથી; યોગ્ય સમયે, યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય રીતે પીવામાં આવેલું પાણી શરીર માટે ઔષધિ સમાન છે. પાણીને અયોગ્ય સમયે અથવા અતિશય પીવામાં આવે ત્યારે તે પાચનને બગાડીને અનેક રોગોનું કારણ બની શકે છે. આયુર્વેદમાં પાણીને 'જીવન' કહેવામાં આવ્યું છે. પંચમહાભૂતોમાંથી જળ-મહાભૂત શરીરમાં સ્નિગ્ધતા, શીતળતા અને જીવનશક્તિ જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શરીરમાં રસધાતુનું પોષણ, પાચનક્રિયા, રક્ત-પરિભ્રમણ, શરીરના તાપમાનનું નિયંત્રણ અને ઝેરી તત્ત્વોના નિષ્કાસનમાં પાણીની મુખ્ય ભૂમિકા છે. તે કબજિયાત દૂર કરે, ત્વચાને તેજસ્વી બનાવે, કિડનીના કાર્યમાં મદદરૂપ બને, થાક ઘટાડી ઊર્જા વધારે છે તેમજ માનસિક એકાગ્રતા સુધારે છે.

સવારે ઊઠીને ખાલી પેટે ૧થી ૨ ગ્લાસ હૂંફાળું પાણી (ઉષ:પાન) પીવાથી આંતરડાં સાફ થાય છે, કબજિયાત દૂર થાય છે અને ચયાપચય સુધરે છે. ભોજનની ૩૦ મિનિટ પહેલાં થોડું પાણી પીવાથી જઠરાગ્નિ સક્રિય થાય છે અને અતિભોજન થતું નથી. ભોજન દરમિયાન જરૂરિયાત મુજબ નાના ઘૂંટડે થોડું પાણી પીવું અમૃત સમાન છે, પરંતુ વધારે માત્રા પાચનશક્તિ બગાડે છે. ભોજન પછી મોઢું ચોખ્ખું કરવા એકાદ ઘૂંટડો પીવો અને ૪૫ મિનિટથી ૧ કલાક પછી જ પાણી પીવું; કારણ કે, તરત વધુ પાણી પીવાથી પાચક રસો મંદ પડે છે. ખોરાક સંપૂર્ણ પચી ગયા પછી પીવામાં આવેલું પાણી શરીરને બળ આપે છે અને ધાતુઓને પોષણ આપી ઊર્જા વધારે છે. વારંવાર બળજબરીથી પીવાને બદલે તરસ લાગે ત્યારે જ પાણી પીવું જોઈએ. વ્યાયામ કે શારીરિક શ્રમ પછી તરત જ ઠંડું પાણી ન પીતાં, થોડો આરામ કરીને નાના ઘૂંટડે હૂંફાળું કે સામાન્ય પાણી પીવું.

તાજું, હૂંફાળું કે ઉકાળીને ઠંડું કરેલું પાણી ઉત્તમ છે. ફ્રીઝનું ઠંડું કે બરફવાળું પાણી પાચનશક્તિને મંદ કરે છે, તેથી ઉનાળામાં પણ માટલાનું પાણી જ લેવું. સામાન્ય રીતે દિવસમાં ૨થી ૨.૫ લિટર પાણી પૂરતું માનવામાં આવે છે, પરંતુ તે ઉંમર, ઋતુ અને શ્રમ પર આધાર રાખે છે. વાત પ્રકૃતિવાળાએ હૂંફાળું અને નાના ઘૂંટડે, પિત્ત પ્રકૃતિવાળાએ સામાન્ય કે માટલાનું અને કફ પ્રકૃતિવાળાએ હૂંફાળું કે ઉકાળેલું પાણી જરૂર પૂરતું પીવું.

# ઍક્ટિવ નોઇસ કેન્સલેશન

## ભારતીય મૂળના એક સંશોધકે વિશ્વને આપેલી ભેટ




*ચિંતન રાવલ*

**"હેડફોન કે ઈયરબડ્સ ખરીદવાં છે?"**

"હવે તો ઍક્ટિવ નોઈસ કેન્સલેશનનું ફીચર ધરાવતાં જ ખરીદવાં જોઈએ!''

આ વાક્ય કોઈ પણ ટેક-સેવી વ્યક્તિના મોઢે કે મોબાઈલ શોપ પર સાંભળવા મળશે. હેડફોન પહેર્યાં હોય ત્યારે પણ બહારનો ઘોંઘાટ અને અનિચ્છનીય અવાજ પણ સાથે-સાથે સંભળાતા હોય છે. સૌ જાણે છે કે આ સમસ્યાનું નિરાકરણ 'ઍક્ટિવ નોઈસ કેન્સલેશન' (ANC) ટૅક્નોલૉજી છે. આ ટૅક્નોલૉજી તો વર્ષો પહેલાંથી ઉપયોગમાં લેવાય છે અને કન્ઝ્યુમર હેડફોનમાં પણ ANC અમુક વર્ષોથી ઉપલબ્ધ છે.

### ANC કેવી રીતે કામ કરે છે?

ANC ધરાવતા હેડફોનમાં કે ઈયરબડ્સમાં રહેલા માઈક્રોફોન બહારના અનિચ્છનીય અવાજને પારખે છે અને હેડફોનમાં રહેલું પ્રોસેસર આ જ નોઈસના વિરોધી સાઉન્ડ વેવ્સ ઉત્પન્ન કરે છે, જેને ઍન્ટિ-નોઈસ કહે છે. બહારથી આવતા નોઈસ સામે ઍન્ટિ-નોઈસ એકબીજા સાથે અથડાવાથી બિનજરૂરી નોઈસનો છેદ ઊડી જાય છે અને તે શૂન્ય થઈ જાય છે.



### રસપ્રદ ઇતિહાસ

ઍક્ટિવ નોઈસ કેન્સલેશન ટૅક્નોલૉજીનાં મૂળિયાં છેક વર્ષ ૧૯૩૩માં છે. જર્મન ભૌતિકશાસ્ત્રી અને તત્ત્વચિંતક પૉલ લેગ (Paul Lueg) દ્વારા એક થિયરી રચવામાં આવી, જેના આધારે તેમણે પૅટન્ટની માગણી કરી અને પૅન્ટન્ટ નોંધવામાં આવી.

ત્યાર બાદ આવે છે ૧૯૭૮નું વર્ષ, જ્યારે અમેરિકન સંશોધક અને ઇલેક્ટ્રિકલ ઍન્જિનિયર લૉરેન્સ ફોગલ (Lawrence Fogel) વિમાન કે હેલિકૉપ્ટરના પાઇલટની સમસ્યા વિશે વિચારે છે. પાઇલટ જ્યારે કોકપિટમાં હોય ત્યારે ઍરક્રાફ્ટના ઘોંઘાટના કારણે કોમ્યુનિકેશનમાં તકલીફ તો પડતી જ હોય છે, ઉપરાંત ઊંચા ડૅસિબલના અવાજના કારણે કાનને પણ નુકસાન પહોંચે છે. ડૉ. લૉરેન્સે અમેરિકન સંરક્ષણ દળોના ઍરક્રાફ્ટમાં ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો ઇન્સ્ટૉલ કરવાની કામગીરી સાથે સંકળાયેલા વિભાગમાં કામ કરવાનો સારો એવો અનુભવ મેળવ્યો હતો, તેથી તેમણે નોઈસ કેન્સલેશન ધરાવતા હેડસેટ વિકસાવ્યા અને ઍરક્રાફ્ટના પાઇલટો તેનો ઉપયોગ કરવા લાગ્યા.

પરંતુ, આ ટૅક્નોલૉજીનો ઉપયોગ હવામાં ઊડતા પાઇલટ સુધી મર્યાદિત હતો, તેથી એવું કહી શકાય કે, હજુ તે શોધ આકાશમાં જ હતી અને જમીન પર ઊતરી નહોતી. આ શોધને જમીન પર લાવવાનું, એટલે કે, ગ્રાહકો સુધી પહોંચાડવાનું કામ કર્યું ભારતીય મૂળના અમેરિકન સાઉન્ડ ઍન્જિનિયર અમર બોઝે. વર્ષ ૧૯૭૮માં અમર બોઝ ઝ્યુરિકથી બોસ્ટનની ફ્લાઇટમાં હતા ત્યારે એન્જિનના ઘોંઘાટના કારણે હેડફોન પહેરવા છતાં પણ ઇન-ફ્લાઇટ એન્ટરટેઇન્મેન્ટનું સંગીત માણી શકતા નહોતા. આઠ કલાકની આ ફ્લાઇટમાં જ તેમણે સમસ્યાનો ઉકેલ લાવવાનો નિર્ધાર કર્યો. અંતે ૧૫ વર્ષ બાદ ૧૯૯૩માં અમર બોઝની ડિઝાઇન પ્રમાણેના હેડફોન બન્યા અને તેનો ઉપયોગ અમેરિકન આર્મીમાં શરૂ થયો.

વર્તમાન સમયમાં માત્ર ખલેલ વગર વાતચીત કરવા કે સંગીત સાંભળવા માટે જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ શાંતિથી વાચન કરવા અને આસપાસના ઘોંઘાટને શૂન્ય કરવા માટે પણ આ ફીચરનો ઉપયોગ કરતા થયા છે.

# આર્યન નહેરાનો હોમ ગ્રાઉન્ડમાં નૅશનલ રેકૉર્ડ

**તેજસ જીનગર**

માત્ર ૮ વર્ષનું કોઈ બાળક પોતાના જીવનના આયખાનો આખો નકશો મનોમન દોરીને તેના પાયાનું ચણતર શરૂ કરે તો એ નોખી-અનોખી વાત તો ગણાય. ગુજરાતના તરણવીર આર્યન નહેરાના કિસ્સામાં તેના અથાક પરિશ્રમે તેની નામના કરી. આર્યને અમદાવાદમાં યોજાયેલી નૅશનલ ઍક્વાટિક ચૅમ્પિયનશિપ-૨૦૨૬માં ગોલ્ડમેડલ જીતવા સાથે નૅશનલ રેકૉર્ડ બનાવ્યો. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમને વધુ સફળતાઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

તરુણાવસ્થાના પ્રારંભિક તબક્કાથી સ્પોર્ટ્સના મેદાનને જ જીવન બનાવવાનું તેમણે નિર્ધારિત કરેલું. જોકે, કઈ રમતમાં આગળ વધવું તે નક્કી નહોતું. શરૂઆતમાં આર્યને ફૂટબૉલ, બાસ્કેટબૉલ અને સ્કૅટિંગ બાદ સ્વિમિંગ માટે પાણીમાં પગ બોળવાનો વિચાર કર્યો. બસ, પાણીમાં પગ બોળતાં જ બાકીની બધી રમતો એક તરફ અને આ જળરાશિ સાથેનો સંબંધ બીજી તરફ! વર્ષ ૨૦૧૩થી ૨૦૧૫ના ગાળામાં આર્યને રાત-દિવસ એક કરીને, પાણી સાથે ભાઈબંધી કરી. આર્યન નહેરા, અમદાવાદના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર આઈ.એ.એસ.



**આ નૅશનલ રેકૉર્ડ ગુજરાતની ધરતી પર બન્યો, મારા હોમગ્રાઉન્ડ પર એ મારા માટે વધુ ગર્વની વાત છે.**

વિજય નહેરાના સુપુત્ર છે. આર્યને પોતાની રાષ્ટ્રીય સફળતાનું શ્રેય પરિવાર, ચાહકો અને ગુજરાત સરકારની દીર્ઘદૃષ્ટિને આપ્યું છે. ગુજરાત સરકારે રમતવીરો માટે 'ખેલ મહાકુંભ' તેમજ 'શક્તિદૂત યોજના' અમલી કરી છે, જેનાથી આર્યન જેવા રમતવીરોને ઊડવા માટે અસીમ આકાશ મળી રહે છે. વર્ષ ૨૦૧૩માં પહેલી ડિસ્ટ્રિક્ટ ઈવેન્ટમાં ભાગ લીધા બાદ તેમને સારાં પરિણામો મળવાનાં શરૂ થયાં. ૨૦૧૪ અને ૨૦૧૫માં રાજ્યકક્ષાની તરણ-સ્પર્ધામાં ઊતરવાનું શરૂ કર્યું, જ્યાંથી ગોલ્ડમૅડલનું સ્વપ્ન સાકાર થયું.

આર્યને જણાવ્યું કે, "જૂન ૨૦૨૬ની વાત કરું તો, ભારતીય સ્વિમર તરીકે મારું નામ લેવાયું. હું દેશને ગર્વ થાય તેમ ઈચ્છતો હતો, જેમાં મને અમદાવાદમાં યોજાયેલી નૅશનલ ઍક્વાટિક ચૅમ્પિયનશિપમાં સફળતા મળી. મેં ૭ મિનિટ, ૫૯ સેકન્ડ અને ૩૬ માઈક્રો સેકન્ડ સાથે ૮૦૦ મીટર ફ્રી-સ્ટાઈલમાં તેમજ ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પણ ૧૫:૧૪:૮૮ ઈવેન્ટ પૂર્ણ કરવાના નૅશનલ રેકૉર્ડ બનાવ્યા. આ નૅશનલ રેકૉર્ડ ગુજરાતની ધરતી પર બન્યો, મારા હોમક્રાઉડ સામે, એ મારા માટે વધુ ગર્વની વાત છે.

"મારી ક્ષમતા વધારવા માટેના પ્રયાસોમાં મને ગુજરાત સરકારની 'શક્તિદૂત યોજના' થકી ગતિને વેગવાન કરવામાં મદદ મળી. હાલ હું ઑલિમ્પિક માટે ફ્રાન્સમાં સ્વિમિંગ કોચ ફ્રેડ વર્નુ પાસે ટ્રેનિંગ લઈ રહ્યો છું. ઈન્ટરનૅશનલ લેવલ સુધી પહોંચવા માટે આર્યને શરૂઆત અમદાવાદથી કરી હતી, જેમાં શરૂઆતના તબક્કામાં ખેલમહાકુંભ ઉપયોગી થયો. તેના લીધે જ સ્વિમિંગમાં આગળ વધવાનું અને કઈ દિશામાં મહેનત કરવી તે વધારે સ્પષ્ટ થયું હતું."



# 'ગુજરાત' પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ અહીં સવાલો પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલા અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારાં નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે, અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે, અને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૫, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. મિશન ફોર કૉટન પ્રોડક્ટિવિટી અંતર્ગત રાજ્યમાં કપાસનું વાવેતર ધરાવતા ....... જિલ્લાઓના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને આવરી લેવાનો લક્ષ્યાંક છે.
(A) ૨૧ (B) ૨૦ (C) ૧૯ (D) ૧૮

૨. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં ગીરનાં જંગલોમાં ....... પક્ષીએ ૬૦ વર્ષ પછી ફરી વસવાટ કર્યાનો ઉલ્લેખ કર્યો હતો.
(A) ગ્રેટ બાર્બેટ (B) કૉપરસ્મિથ બાર્બેટ
(C) ઇન્ડિયન ગ્રે હોર્નબિલ (D) મલબાર ગ્રે હોર્નબિલ

૩. સુરતમાં સર્જાયેલી પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે જાહેર કરાયેલા સહાય પેકેજ મુજબ છેલ્લા ત્રિમાસિકનું રિટર્ન ભરનાર દુકાનધારકોને ........... ની ઉચ્ચક રોકડ સહાય કરાશે.
(A) રૂ. ૨૫ હજાર (B) રૂ. ૫૦ હજાર
(C) રૂ. ૭૫ હજાર (D) રૂ. ૧ લાખ

૪. વાઇબ્રન્ટ ઇન્ડિયા સ્ટેઇનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬ કયા જિલ્લામાં યોજાઈ ગયું?
(A) ગાંધીનગર (B) અમદાવાદ
(C) મહેસાણા (D) વાવ-થરાદ

૫. નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી હેઠળ વાહન રજિસ્ટ્રેશન કોડ કયો હશે?
(A) GJ 40 (B) GJ 39 (C) GJ 38 (D) GJ 41

૬. ગુજરાત શિપ-બિલ્ડિંગ એન્ડ રિપેર પૉલિસી-૨૦૨૬ અંતર્ગત કેટલા ઇન્ટિગ્રેટેડ મેગા શિપ બિલ્ડિંગ પાર્ક સ્થાપવાની દિશામાં વેગ મળશે?
(A) ૨ (B) ૩ (C) ૪ (D) ૫

૭. નીચેનામાંથી કઈ હેરિટેજ સાઇટને WOW એવૉર્ડ્સ એશિયા-૨૦૨૬ થી સન્માનિત કરવામાં આવી છે?
(A) ચાંપાનેરનો કિલ્લો (B) ધોળાવીરા
(C) રાણી કી વાવ (D) મોઢેરા સૂર્યમંદિર

૮. ૧૭મા એગ્રીકલ્ચર લીડરશિપ કોન્કલેવ-૨૦૨૬ અંતર્ગત બાગાયત ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ કયા રાજ્યને મળ્યો હતો?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) ઝારખંડ (D) રાજસ્થાન

૯. 'મન કી બાત' કાર્યક્રમમાં ઉલ્લેખ કરેલ પરંપરાગત ચટાઈ 'વગુ' કયા રાજ્ય/કે.પ્ર. સાથે સંકળાયેલી છે?
(A) જમ્મુ કાશ્મીર (B) લદ્દાખ
(C) આસામ (D) મિઝોરમ

૧૦. ઘઉં અને ચોખાના જથ્થા પર વાજબી ભાવની દુકાનોના સંચાલકોને મળતા કમિશનમાં પ્રતિ ક્વિન્ટલ કેટલો વધારો કરવામાં આવ્યો છે?
(A) રૂ. ૨૫ (B) રૂ. ૩૫ (C) રૂ. ૪૫ (D) રૂ. ૫૫

૧૧. અમદાવાદમાં ....... ખાતે એક જ કલાકમાં ૩.૬૧ લાખ રોપાનું વાવેતર કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવ્યો.
(A) બોપલ (B) ઓગણજ (C) શીલજ (D) ભાડજ

૧૨. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ કરેલ ગુજરાતનાં ૪ પુનઃવિકસિત રેલવે સ્ટેશનોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(A) ભક્તિનગર (B) અંબિકાનગર
(C) પ્રતાપનગર (D) ગોધરા

૧૩. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત દેશનાં કેટલાં પુનઃવિકસિત રેલવે સ્ટેશનોનું લોકાર્પણ કર્યું?
(A) ૩૧ (B) ૫૧ (C) ૭૫ (D) ૧૦૦

નામ : .................................. સરનામું : ..............................................................................
..............................................................................................................................
ઈમેલ એડ્રેસ :...................................................... મોબાઇલ નં. :.......................................

અંક ૧૨ના જવાબ: **(૧-A), (૨-B), (૩-A), (૪-C), (૫-C), (૬-D), (૭-D), (૮-D), (૯-A), (૧૦-D), (૧૧-C), (૧૨-D), (૧૩-D), (૧૪-A)**

| અંક નં. ૧૨ના વિજેતા | નામ : નિખિલ વાગડીયા, જૂનાગઢ | નામ : વેણીલાલ પટેલ, નવસારી | નામ : તેજસ પંડ્યા, બનાસકાંઠા |
|---|---|---|---|

Tele MANAS
National Tele Mental Health Programme
14416



# માનસિક સ્વાસ્થ્યનું સુરક્ષા કવચ 'ટેલિ માનસ'

## હેલ્પલાઇન તથા મોબાઇલ ઍપ્લિકેશન



**જ્યારે મન તણાવગ્રસ્ત થાય અને ચિંતા વધે ત્યારે તરત કરો સંપર્ક**

**14416**

અથવા

**1800-891-4416**

૨૪x૭ | સંપૂર્ણપણે મફત | ગોપનીય સેવા

**- ભાવિકા લીંબાસીયા**

આજના અત્યાધુનિક અને વેગવંતા યુગમાં શારીરિક સ્વાસ્થ્યની સાથેસાથે માનસિક સ્વાસ્થ્યની જાળવણી પણ આવશ્યક બની ગઈ છે. લોકોમાં માનસિક તણાવ, અતિશય ચિંતા અને ડિપ્રેશન જેવી સમસ્યાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. આ રાષ્ટ્રીય પડકારને પહોંચી વળવા માટે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'ટેલિ-મેન્ટલ હેલ્થ આસિસ્ટન્સ ઍન્ડ નેટવર્કિંગ ઍક્રોસ સ્ટેટ્સ' (Tele MANAS - ટેલિ માનસ) નામની ક્રાંતિકારી ડિજિટલ પહેલ શરૂ કરી છે. આ મહત્ત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ પ્રત્યેક નાગરિકને ઘેર બેઠાં, નિ:શુલ્ક અને ૨૪x૭ ઉચ્ચસ્તરીય માનસિક સ્વાસ્થ્ય-સેવાઓ પૂરી પાડવાનો છે. આ કેન્દ્રીય યોજના અંતર્ગત બૅંગ્લોરની NIMHANS સંસ્થા મુખ્ય નોડલ સેન્ટર તરીકે કાર્યરત છે.

ગુજરાતમાં અમદાવાદની 'હૉસ્પિટલ ફોર મેન્ટલ હેલ્થ' ખાતે સેલ શરૂ કરાયો છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારો સુધી માનસિક સથવારો આપવા માટે મુખ્ય ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર-૧૪૪૧૬ અથવા ૧૮૦૦-૮૯૧-૪૪૧૬ કાર્યરત કરાયો છે. સિસ્ટિમ આપોઆપ જે-તે કૉલને સંબંધિત રાજ્યના સ્થાનિક સેલને મોકલી આપે છે, જેથી નાગરિકો પોતાની માતૃભાષામાં સરળતાથી કાઉન્સેલિંગ મેળવી શકે છે.

આ હેલ્પલાઈન રોજિંદા તણાવ, ડિપ્રેશન, વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ભય, વૈવાહિક વિવાદો, વ્યસનમુક્તિ, બાળકોમાં ઑટિઝમ અને આત્મહત્યા જેવા ગંભીર માનસિક સંકટ સમયે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ૧૪૪૧૬ ઉપર કૉલ કરતાં જ તાલીમબદ્ધ કાઉન્સેલર દર્દીની સમસ્યા સહાનુભૂતિપૂર્વક સાંભળીને પરામર્શ આપે છે. જો કેસ ગંભીર જણાય તો ક્લિનિકલ સાયકોલૉજિસ્ટ કે સાયકિયાટ્રિસ્ટ દ્વારા વીડિયો કન્સલ્ટેશન અને ડિજિટલ માધ્યમથી કાયદેસરનું ઈ-પ્રિસ્ક્રિપ્શન પણ આપવામાં આવે છે. નાગરિકોની સુવિધા માટે સરકારે 'Tele MANAS' મોબાઈલ ઍપ્લિકેશન લૉન્ચ કરી છે. તેમાં યુઝર્સ જાતે જ સ્વ-મૂલ્યાંકન કરી શકે છે. આ ઍપ્લિકેશન ગુગલ પ્લે-સ્ટોર અને ઍપ-સ્ટોર બંનેમાં




તદ્દન નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

ઑડિયો કે વીડિયો કૉલનું કોઈ રેકૉર્ડિંગ થતું નથી અને કૉલરનો નંબર એન્ક્રિપ્ટેડ સર્વરમાં સુરક્ષિત રીતે છુપાવીને રખાય છે.

સમગ્ર દેશમાં ૫૩ ટેલિ-માનસ સેલ સક્રિય છે અને અત્યાર સુધીમાં ૩૮ લાખથી વધુ કૉલ્સ નોંધાયા છે, જે આ સેવાની વ્યાપક સફળતા પ્રસ્થાપિત કરે છે. માનસિક અસ્વસ્થતા કોઈ સામાજિક કલંક નથી, પણ એક તબીબી સ્થિતિ છે, જેમાં યોગ્ય સારવારથી સ્વસ્થ થઈ શકાય છે. જો તમે અથવા તમારા સ્વજન માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હો, તો વિના-સંકોચે ૧૪૪૧૬ ઉપર કૉલ કરો. સરકાર તમારી ઓળખ ગુપ્ત રાખીને તમને સંપૂર્ણ સહયોગ આપવા કટિબદ્ધ છે.



# વર્તમાન યુગમાં પણ પ્રસ્તુત પ્રેમચંદની વાર્તાઓ







**- પરેશભાઈ રાજગોર**

ઈ.સ. ૧૯૭૭માં સત્યજીત રેએ ફિલ્મ બનાવી હતી - 'શતરંજ કે ખિલાડી'. સંજીવકુમાર, સઈદ જાફરી અને શબાના આઝમી જેવા કલાકારોની આ ફિલ્મ ૧૭૫૭ના વાજીદ અલી શાહના સમયકાળ પર આધારિત છે. આ ફિલ્મ હિંદી સાહિત્યના મહાન લેખક પ્રેમચંદની મૂળ વાર્તા 'શતરંજ કે ખિલાડી' પરથી બનાવવામાં આવી હતી. આ ટૂંકી વાર્તા પ્રેમચંદે ૧૯૨૪માં લખી હતી, જેમાં બ્રિટિશ કંપની એક પછી એક રાજ્યો કબજે કરી રહી છે. ૧૭૫૭નો સમય છે, ત્યારે કથાનાં બે પાત્રો સરહદ પર ખેલાતા યુદ્ધ કરતાં શતરંજના બોર્ડ પર લડી મરવાનું વધુ પસંદ કરે છે. વાર્તામાં રમૂજ સાથે-સાથે કટાક્ષ બહુ સારી રીતે વણી લેવામાં આવ્યા છે.

પ્રેમચંદનું નામ હિંદી-ઉર્દૂ સાહિત્યમાં અમર છે. તેમનું જન્મનું નામ ધનપતરાય શ્રીવાસ્તવ હતું. તેમણે લખવાની શરૂઆત 'નવાબરાય'ના નામથી કરી હતી. ઈ.સ. ૧૯૦૭માં ઉર્દૂ મૅગેઝિન 'ઝમાના'માં 'સોઝ-એ-વતન' (રાષ્ટ્રનું દુઃખ) નામે વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો હતો. બ્રિટિશ સત્તાએ તેને રાજદ્રોહી ગણીને તેના પર પ્રતિબંધ મૂક્યો. ત્યાર પછી 'ઝમાના' મૅગેઝિનના સંપાદક મુનશી દયારામ નારાયણ નિગમે તેમને 'પ્રેમચંદ' ઉપનામ સૂચવ્યું. પાછળથી તેમણે 'મુનશી' બિરુદ અપનાવ્યું. તેમણે ૩૦૦ જેટલી ટૂંકી વાર્તાઓ અને ૧૨ જેટલી નવલકથાઓ લખી છે. તેમની વાર્તાઓમાં ભારતના ગરીબ અને મધ્યમ વર્ગનું સંઘર્ષમય જીવન, બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેનો રોષ, જાતિવાદ વગેરે જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને છે.

પ્રેમચંદનું સમગ્ર સાહિત્ય વાંચવા જેવું છે. અનુવાદક જિગર શાહ દ્વારા અનૂદિત અને સુરતના સાહિત્યસંગમ દ્વારા પ્રકાશિત પ્રેમચંદના બે વાર્તાસંગ્રહો તાજેતરમાં પ્રગટ થયા છે : 'પ્રેમચંદનો વાર્તાવૈભવ' અને 'પ્રેમચંદનાં વાર્તારત્નો'. બંને પુસ્તકોમાં કુલ મળીને પ્રેમચંદની ૩૫ જેટલી શ્રેષ્ઠ ટૂંકી વાર્તાઓ છે. પુસ્તકમાં શતરંજના ખેલાડી, ઈદગાહ, કફન, ઠાકુરનો કૂવો જેવી પ્રેમચંદની પ્રખ્યાત વાર્તાઓ છે. આ સંગ્રહમાં વાર્તાઓને સંપૂર્ણ અને મૂળ લેખકની લેખનશૈલી જાળવી રાખીને રજૂ કરવામાં આવી છે. ટૂંકી વાર્તાનાં પુસ્તકો હોવાથી વાચકો ઈચ્છા થાય ત્યારે એકાદ વાર્તા વાંચી-માણી શકે છે.

આજના ટૅક્નોલૉજી અને ઉપભોક્તાવાદના યુગમાં પણ પ્રેમચંદની વાર્તાઓનું મહત્ત્વ જરાય ઓછું થયું નથી. પ્રેમચંદ વાર્તાઓ માત્ર ઈતિહાસ નથી, પરંતુ વર્તમાનનો પણ અરીસો છે. પ્રેમચંદનું સાહિત્ય સમયની સીમાઓને પાર કરનારું છે. તેમની વાર્તાઓમાં માનવજીવનનું એવું શાશ્વત સત્ય સમાયેલું છે, જે દરેક યુગમાં પ્રાસંગિક રહેવાનું છે. પ્રેમચંદ વાચકને શું કરવું જોઈએ તે કહેતા નથી. તેઓ એવી પરિસ્થિતિઓ સર્જે છે કે વાચક પોતે જ સાચા અને ખોટા વચ્ચેનો ભેદ સમજી શકે. આ જ તેમની લેખનશૈલીની સૌથી મોટી સફળતા છે. જીવનના નાના-નાના પ્રસંગોમાંથી તેઓ શાશ્વત માનવીય સત્યને શોધી કાઢે છે.

પ્રેમચંદનું સમગ્ર જીવન ખૂબ જ સંઘર્ષમય રહ્યું છે. તેમના જીવનમાં ભોગવેલા દર્દનો અહેસાસ તેમના લેખનમાં પણ વર્તાય છે. તેમની વાર્તા 'ગૃહદાહ', જેનો ગુજરાતી અનુવાદ 'સ્વાભિમાનની આગ' નામે થયો છે, તેમાં તેમણે માતા-વિહોણા બાળક તરીકે ભોગવેલી તકલીફો સ્પષ્ટ અનુભવાય છે. આ વાર્તા ઉપરાંત 'સદ્ગતિ' અને 'રામલીલા' જેવી વાર્તાઓ વાચકને ખૂબ જ ગમશે. આમાંની કેટલીક વાર્તાઓ આપણને શાળાકાળ દરમિયાન હિંદી સાહિત્યમાં પાઠરૂપે પણ ભણાવવામાં આવતી હતી. પરંતુ આજે વાંચતાં તેનું હાર્દ વધુ સારી રીતે સમજી અને માણી શકાય, જે કદાચ એ ઉંમરે ન સમજી શકાયું હોય. ટૂંકી વાર્તાનાં આ બંને પુસ્તકો વાંચવા જેવાં છે.

# ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના



| | |
|---|---|
| યોજનાનો હેતુ | ગંગા સ્વરૂપા મહિલાઓ અંગેની સામાજિક માનસિકતામાં બદલાવ લાવવા તેમજ લગ્ન કરવા ઇચ્છુક ગંગા સ્વરૂપા મહિલાઓને સમાજના સાંપ્રત પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા માટે ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના |
| પાત્રતાના ધોરણો | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮થી ૫૦ વર્ષની ઉંમરની પુનઃલગ્ન કરનાર મહિલા |
| યોજના અંતર્ગત મળતી સહાય | કુલ રૂ. ૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે, જેમાંથી રૂ. ૨૫,૦૦૦ લાભાર્થી મહિલાના બચત ખાતામાં DBT મારફતે જમા થશે અને બાકીની રકમ રૂ. ૨૫,૦૦૦ રાષ્ટ્રીય બચતપત્રો (NSC) સ્વરૂપે મહિલાને આપવામાં આવશે |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નિયામકશ્રી, મહિલા કલ્યાણ, કમિશનર, મહિલા અને બાળક વિકાસની કચેરી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | વિભાગ દ્વારા નિયત કરેલા ધારાધોરણ પ્રમાણેના |

વધુ માહિતી








# ગૌરવવંતું ગાંધીનગર








Published on Date : 1-8-2026. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by Commissoner of Information on behalf of Commissonerate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

To,

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય :-
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦